




પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH








FRIDAY, 24 APRIL, 2026 Vol. 24, No. 17 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


### પશ્ચિમ બંગાળની 152 અને તમિલનાડુની 234 બેઠકો માટે ઉત્સાહભેર મતદાન, બૂથો પર સવારથી જ લાઈન લાગી

# પશ્ચિમ બંગાળમાં 91%, તમિલનાડુમાં 84% વોટિંગ

### તગડું વોટિંગ થતાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, આ મતદાન SIRના વિરોધમાં છે, TMC જીતી રહી છે



**કોલકાતા**

બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ગુરુવારે પ્રથમ તબક્કાની 152 બેઠકો પર બમ્પર વોટિંગ થયું છે. બાકીની 142 બેઠકો પર 29 એપ્રિલે બીજા તબક્કાનું મતદાન થશે. પ્રથમ તબક્કામાં જનતા 1478 ઉમેદવારોનું ભાગ્ય નક્કી કરશે. બીજી તરફ તમિલનાડુની તમામ 234 બેઠકો પર સવારે લાંબી લાઈનો લાગી હતી. સત્તાવાર પોલિંગ ટ્રેન્ડ્સ મુજબ તમિલનાડુમાં અંદાજે 84.41 ટકા જેટલું ઊંચું મતદાન નોંધાયું છે, જ્યારે પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાના મતદાનમાં આ આંકડો આશ્ચર્યજનક રીતે 91.46 ટકા સુધી પહોંચી ગયો છે. લોકશાહીના આ પર્વમાં લોકોએ મોટી સંખ્યામાં બહાર આવીને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં થયેલા મતદાન અંગે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે આઝાદી પછી મતદાનનો આ સૌથી ઊંચો ગ્રાફ છે. 'આઝાદી પછી પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં અત્યાર સુધીની સૌથી વધુ મતદાન ટકાવારી નોંધાઈ છે. ચૂંટણી પંચ પશ્ચિમ બંગાળ અને તમિલનાડુના દરેક મતદારને સલામ કરે છે.' તગડું વોટિંગ થતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે 'આ SIRના વિરોધમાં મતદાન છે, TMC જીતી રહી છે, મને પદમાં કોઈ રસ નથી, મારે ખુરશી નથી જોઈતી બસ હું દિલ્હીમાં ભાજપ સરકારનો અંત ઈચ્છું છું'




## બંગાળમાં ભાજપ ઉમેદવારને દોડાવીને માર્યા, હુમાયુ કબીર પર પણ હુમલો

સિલીગુડીમાં ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના કાર્યકરો સામસામે આવી ગયા છે, તો બીજી તરફ મુર્શિદાબાદમાં દેશી બોમ્બ ફેંકવાની ઘટના બાદ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન આસનસોલના બર્નપુરમાં ભાજપના ધારાસભ્ય અગ્નિમિત્રા પોલની કાર પર પથ્થરમારો થયો હતો. આ હુમલામાં કારનો કાચ તૂટતા તેમના અંગત મદદનીશ અને સુરક્ષાકર્મીઓને સામાન્ય ઈજા થઈ હતી, રેજીનગર બેઠકના AJUP ઉમેદવાર હુમાયુ કબીરના કાફલા પર અસામાજિક તત્વોએ જીવલેણ હુમલો કર્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, એક મોટા ટોળાએ લાકડીઓ, ડંડા અને પથ્થરો સાથે હુમાયુ કબીરની કારને ઘેરી લીધી હતી અને તોડફોડ કરી હતી.

### હોર્મુઝને લઈને ટ્રમ્પનો નવો આદેશ

# ખાડીમાં માઈન્સ બિછાવતી બોટ્સને જોતા જ ઉડાવી દો

**તહેરાન**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વધતા તણાવ વચ્ચે મોટું અને કડક પગલું ભરતા અમેરિકન સેનાને આદેશ આપ્યો છે કે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં દરિયાઈ સુરંગો (માઈન્સ) બિછાવનારી કોઈપણ ઈરાની નાની બોટને 'દેખતા વેંત જ ઠાર કરવામાં આવે.' ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા કહ્યું, 'મેં અમેરિકન નૌસેનાને આદેશ આપ્યો છે કે જે પણ બોટ, ભલે તે નાની કેમ ન હોય, હોર્મુઝ સ્ટ્રેટના પાણીમાં દરિયાઈ સુરંગો બિછાવતી જોવા મળે, તેને તાત્કાલિક નિશાન બનાવવામાં આવે. તેમાં કોઈપણ પ્રકારનો સંકોચ રાખવો જોઈએ નહીં.'

## દરિયાઈ માર્ગમાં સુરંગો હટાવવાનું કામ કરીએ છીએ : પ્રમુખ ટ્રમ્પ

ટ્રમ્પે એ પણ કહ્યું કે અમેરિકન નૌસેના આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગમાં દરિયાઈ સુરંગોને હટાવવાનું કામ કરી રહી છે અને આ અભિયાનને ત્રણ ગણું ઝડપી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પૈકીનો એક છે, જ્યાંથી મોટી માત્રામાં વૈશ્વિક ક્રૂડ પુરવઠો પસાર થાય છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવનું એક મોટું કારણ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' થી જહાજોની અવરજવર પર પડી રહેલી અસર પણ છે.

### મહિલાની ફાંસી ઈરાને રોકીઃ ટ્રમ્પ

ટ્રમ્પે એક અન્ય નિવેદનમાં કહ્યું કે ઈરાને તેમની અપીલનું સન્માન કર્યું છે અને કેટલીક મહિલા પ્રદર્શનકારીઓને મુક્ત કરવાનો નિર્ણય લીધો છે. જ્યારે અન્ય 4ને એક-એક મહિનાની સજા આપવામાં આવશે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, કે ઈરાનના નેતાઓએ મારી અપીલનું સન્માન કર્યું અને ફાંસી રોકી દીધી છે.

### ઈરાને ટ્રમ્પના દાવાને ફગાવ્યો હતો

જો કે માનવાધિકાર સંગઠનોનું કહેવું છે કે આ મહિલાઓ પૈકી 2ને માર્ચમાં જ જામીન પર મુક્ત કરવામાં આવી હતી, જ્યારે બાકીની 2 પર એવા આરોપો છે જેમાં મૃત્યુદંડની સજા થઈ શકે છે. ટ્રમ્પે મંગળવારે આ મહિલાઓની તસવીર પણ સોશિયલ મીડિયા પર શેર કરી હતી, બીજી તરફ, ઈરાને યુએસ પ્રમુખ ટ્રમ્પના દાવાને સુંપૂર્ણ પણે ફગાવી દીધા હતા.

## ભાજપના ઉમેદવાર શુભેન્દુ સરકાર પર હુમલો

પશ્ચિમ બંગાળના કુમારગંજમાં ભાજપના ઉમેદવાર શુભેન્દુ સરકાર સાથે મારપીટ કરવામાં આવી છે અને આ હુમલાનો આરોપ TMCના કાર્યકરો પર લગાવવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે વિસ્તારમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. ચૂંટણી પંચે આ સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને તેની નોંધ લીધી છે અને તપાસના આદેશ આપ્યા છે.










# મોન્ટ્રીયલમાં ભારત ફાઉન્ડેશન અને હિંદુ મિશન દ્વારા વૈશાખી પર્વની ઉજવણી, કૃતજ્ઞતા સાથે ભાઈચારાનો સંદેશ








## ફર્સ્ટ સેક્રેટરી તરુણ કુમારે સમુદાયના સુખાકારી અને નિઃસ્વાર્થ સેવાના આદર્શોને અનુસરવા આહવાન કર્યું

**મોન્ટ્રીયલ**

ભારત ભવન ફાઉન્ડેશને, હિન્દુ મિશન ઓફ કેનેડા સાથે મળીને, ૧૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ વૈશાખીના પર્વની ઉજવણી કરી હતી. જેમાં ઉત્સવની ભાવના અને સમૃદ્ધ સાંસ્કૃતિક પ્રદર્શનનો સમાવેશ થતો હતો. આ કાર્યક્રમમાં સાંસદ @sari_ab અને ડાયસ્પોરા સમુદાયના નેતાઓ હાજર રહ્યા હતા. હાઈ કમિશનનું પ્રતિનિધિત્વ કરતા, ફર્સ્ટ સેક્રેટરી તરુણ કુમારે આ પ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને ઉપસ્થિતોને વૈશાખી - સમુદાય સુખાકારી, કૃતજ્ઞતા, નિઃસ્વાર્થ સેવા અને સહિયારી સમૃદ્ધિના સંદેશને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# ટોરોન્ટો કોન્ડો માર્કેટમાં વણવેચાયેલા મકાનોનો ભરાવો : રિકવરી ધીમી થશે



### વેચાણમાં 52 ટકાનો તોતિંગ ઘટાડો: નવા વેચાણ 35 વર્ષની નીચલી સપાટીએ
### 30 વર્ષના ઈતિહાસમાં પ્રથમ ઘટના: એક પણ નવો પ્રોજેક્ટ લોન્ચ થયો નથી

**ટોરોન્ટો**

ટોરોન્ટો કોન્ડો માર્કેટ જલ્દી રિકવર નહીં થાય. નવા વેચાણમાં ધરખમ ઘટાડો છતાં ખરીદદારોની વાપસીના સંકેત છે. અર્બનેશનના એક નવા રિપોર્ટમાં જણાવાયું છે કે, ટોરોન્ટોનું કોન્ડો માર્કેટ 'ધીમે ધીમે' રિકવર થવાની શક્યતા છે. કારણ કે, ખરીદદારો હવે ધીમે-ધીમે પરત ફરી રહ્યા છે. જો કે, નવા વેચાણ હાલમાં 35 વર્ષની નીચલા સ્તરે પહોંચી ગયા છે.

ગુરુવારે જાહેર કરાયેલા આ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે, 2026ના પ્રથમ ક્વાર્ટરમાં ગ્રેટર ટોરોન્ટો હેમિલ્ટન એરિયામાં ફક્ત 246 નવા કોન્ડો વેચાયા હતા, જે એક વર્ષ પહેલાની સરખામણીમાં 52 ટકાનો ઘટાડો દર્શાવે છે. વધુમાં રિપોર્ટ અનુસાર ઓછામાં ઓછા 30 વર્ષમાં પહેલી વાર ક્વાર્ટર દરમિયાન કોન્ડો પ્રોડક્ટ્સનું કોઈ નવું લોન્ચિંગ થયું નથી.

બજારનો વિશ્વાસ હજુ પણ ખૂબ જ નાજુક હોવાથી અને માંગના મૂળભૂત સિદ્ધાંતો ધીમા પડતા હોવાથી રિકવરી પ્રક્રિયા ધીમે ધીમે શરૂ થવાની શક્યતા છે," તેમ અર્બનેશનના શોન હિલ્ડેબ્રાન્ડે એક નિવેદનમાં જણાવ્યું હતું.

પ્રથમ ક્વાર્ટરમાં આશરે 4,295 નવા કોન્ડો પૂર્ણ થયા હતા. પરંતુ વેચાયા નહોતા, જે એક વર્ષ પહેલાના સ્તર કરતાં બમણું છે. અન્ય 8,629 નવા કોન્ડો હાલ બાંધકામ હેઠળ છે અને આગામી થોડા વર્ષોમાં પૂર્ણ થવાની તૈયારીમાં છે. અહેવાલ નોંધે છે કે, "પાછલા 12 મહિના દરમિયાન થયેલા વેચાણના આધારે, બજારમાં 92 મહિના ચાલે તેટલો પૂર્ણ થયેલા નવા કોન્ડોનો સપ્લાય છે. આમાં એવા એકમોનો સમાવેશ થતો નથી, જે અગાઉ વેચાયા હતા. પરંતુ ખરીદદારો સોદો પૂર્ણ કરવામાં (ક્લોઝિંગમાં) નિષ્ફળ રહ્યા હોય."

# નોર્થ યોર્ક મોલમાં ફિલ્મી ઢબે લૂંટ બાદ સુરક્ષા ગાર્ડને ગોળી મરાઈ

### મોન્ટ્રીયલનો 53 વર્ષીય રીઢો ગુનેગાર વોન્ટેડ: ગાર્ડ લોહીલુહાણ

**મોન્ટ્રીયલ**

મંગળવારે નોર્થ યોર્ક મોલમાં જ્વેલરી સ્ટોર લૂંટ્યા પછી સુરક્ષા ગાર્ડ પર ગોળીબાર કરનાર મોન્ટ્રીયલના એક વ્યક્તિને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. ઈન્સ્પેક્ટર ક્રિસ્ટી સ્મિથે મંગળવારે બપોરે પત્રકારોને જણાવ્યું હતું કે, શેપર્ડ એવન્યુ ઈસ્ટ અને ડોન મિલ્સ રોડ વિસ્તારમાં આવેલા મોલમાં અધિકારીઓને સવારે ૧૦:૦૫ વાગ્યે બોલાવવામાં આવ્યા હતા. અત્યાર સુધી મળેલી માહિતીના આધારે એવું લાગે છે કે, શંકાસ્પદ વ્યક્તિ જ્વેલરી સ્ટોર લૂંટવાના ઈરાદાથી મોલ ખુલતા પહેલા અંદર ગયો હતો. જ્યારે શંકાસ્પદ વ્યક્તિ ભાગી રહ્યો હતો, ત્યારે મોલની સુરક્ષા ટીમના એક સભ્ય દ્વારા તેનો સામનો કરવામાં આવ્યો હતો. તે વાતચીત દરમિયાન સુરક્ષા ગાર્ડને ગોળી વાગી હતી. સ્મિથે જણાવ્યું હતું કે, પીડિતાને શરીરના મધ્ય ભાગમાં ગોળી વાગતા તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો અને હવે તેની હાલત સ્થિર છે. આ ઘટનામાં અન્ય કોઈને ઈજા થઈ નથી. પોલીસે મંગળવારે મોડી રાત્રે એક અખબારી યાદીમાં શંકાસ્પદ વ્યક્તિની ઓળખ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ તે ૫૩ વર્ષનો મોન્ટ્રીયલનો રહેવાસી છે અને તેનો ટોરોન્ટો તથા વાનકુવર સાથે પણ સંબંધ છે. તે ઓગસ્ટ ૨૦૨૩માં ડરહામ પ્રદેશમાં થયેલી ચોરીના સંદર્ભમાં પણ વોન્ટેડ છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada Medical Insurance
CALL FOR FREE QUOTE
- Monthly / Annual Plans Available
- Partial Refund if Parents Leave Early
- Full Refund if No Visa Issued
- Upto 45% Discount Available

JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

# ટોરોન્ટોમાં વડતાલધામ સ્વામિનારાયણ મંદિર અને NYGC દ્વારા 'સ્કેમ અવેરનેસ સેમિનાર'

## ફોન સ્કેમ અને ઓનલાઇન ફ્રોડ અંગે વડીલોને વિસ્તૃત સમજણ અપાઈ, વડતાલધામ મંદિરના પ્રમુખ ધવલ સોની અને કમિટી દ્વારા પ્રજ્ઞેશ પટેલની જનજાગૃતિલક્ષી પહેલની સરાહના કરાઈ

**ટોરોન્ટો**

નોર્થ યોર્કમાં વડતાલ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, ટોરોન્ટો અને NYGC ગ્રુપના સહયોગથી પ્રજ્ઞેશ પટેલના નેતૃત્વ હેઠળ રવિવાર એપ્રિલ ૧૯, ૨૦૨૬ના રોજ "સ્કેમ અવેરનેસ સેમિનાર ફોર સિનિયર્સ" નામે એક અત્યંત મહત્વપૂર્ણ અને અસરકારક કાર્યક્રમનું આયોજન કરાયું હતુ. કાર્યક્રમનો મુખ્ય હેતુ વડીલોને આજકાલ વધી રહેલા ઠગાઈના કિસ્સાઓ વિશે જાગૃત કરવો અને તેમને સુરક્ષિત રહેવા માટે જરૂરી માહિતી તથા માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. ડિજિટલ યુગમાં ઠગાઈના નવા નવા ઉપાયો સતત સામે આવી રહ્યા છે, જેમાં ખાસ કરીને વડીલોને ટાર્ગેટ કરવામાં આવે છે. આ વાતને ધ્યાનમાં રાખીને આ સેમિનારમાં ફોન સ્કેમ, ઈમેઈલ ફ્રોડ, બેંકિંગ ફ્રોડ અને ઓનલાઈન ઠગાઈ જેવી બાબતો વિશે વિગતવાર સમજણ આપવામાં આવી હતી. પ્રજ્ઞેશ પટેલે ખૂબ સરળ અને સમજણસભર ભાષામાં સમજાવ્યું કે, કઈ રીતે ઠગો લોકોના વિશ્વાસનો





દુરુપયોગ કરીને તેમને નુકસાન પહોંચાડે છે અને આનાથી કેવી રીતે સાવચેત રહેવું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા, ખાસ કરીને વડીલોનો ઉત્સાહ જોવા મળ્યો હતો. હાજર રહેલા તમામ લોકોએ આ માહિતીપ્રદ સત્રને ખૂબ જ ઉપયોગી ગણાવ્યું હતુ. ઘણા વડીલોએ ઊભા થઈને પોતાના અનુભવો પણ શેર કર્યા અને સાથે જ આ પ્રકારના વધુ કાર્યક્રમો આયોજિત કરવાની વિનંતી પણ કરી હતી. તેઓએ જણાવ્યું કે, આવી માહિતી તેમની રોજિંદી જિંદગીમાં ખૂબ મદદરૂપ બને છે અને તેમને વધુ આત્મવિશ્વાસ આપે છે.

વડતાલ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિરના એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યો તથા પ્રમુખ ધવલ સોનીએ પ્રસિદ્ધ વક્તા તેમજ નોર્થ યોર્ક ગુજરાતી કોમ્યુનિટી ગ્રુપના પ્રમુખ અને ગુજરાતનો રણકારના મુખ્ય સંપાદક પ્રજ્ઞેશ પટેલનો આ મહત્વપૂર્ણ પહેલ માટે આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, સમાજની સેવા અને જાગૃતિ માટે આ પ્રકારના કાર્યક્રમો ખૂબ જરૂરી છે અને ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે તેઓ હંમેશા તૈયાર રહેશે. આ સેમિનાર માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ એક સશક્તિકરણનો પ્રયત્ન હતો, જેમાં વડીલોને પોતાની સુરક્ષા માટે જરૂરી જ્ઞાન પ્રાપ્ત થયું હતુ. આ પ્રસંગે ઉપસ્થિત તમામ લોકોએ આ પહેલની પ્રશંસા કરી અને આશા વ્યક્ત કરી કે આવી જાગૃતિ લાવતી પ્રવૃત્તિઓ સતત ચાલતી રહેશે. આ રીતે, "સ્કેમ અવેરનેસ સેમિનાર ફોર સિનિયર્સ" એક ખૂબ જ સફળ અને પ્રેરણાદાયી કાર્યક્રમ તરીકે સાબિત થયો, જે સમાજ માટે એક સકારાત્મક દિશામાં લેવામાં આવેલ મહત્વપૂર્ણ પગલું છે.

# કેનેડા પોસ્ટને $1.57 બિલિયનનો રેકોર્ડબ્રેક 'ઝટકો' : ઈતિહાસનું સૌથી મોટું નુકસાન

### હડતાળ અને ખાનગી કુરિયર કંપનીઓની સ્પર્ધામાં રાષ્ટ્રીય મેઈલ સર્વિસ હાંફી; પાર્સલ વોલ્યુમમાં 32%નું ગાબડુ

**ઓટ્ટાવા**

કેનેડા પોસ્ટે સોમવારે જાહેર કર્યું હતું કે, ગત વર્ષે તેને કરવેરા પહેલાં $1.57 બિલિયનનું રેકોર્ડબ્રેક નુકસાન થયું છે. આ આર્થિક નુકસાન પાછલા વર્ષના $ 841 મિલિયનના નુકસાન કરતાં લગભગ બમણું છે. કંપનીએ તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું હતું કે, શ્રમ ક્ષેત્રની અનિશ્ચિતતા અને આધુનિકીકરણની પ્રક્રિયામાં આવતા અવરોધો આ નુકસાન માટે મુખ્યત્વે જવાબદાર છે. રિપોર્ટ અનુસાર કંપનીની આવકમાં આશરે 5 ટકા અથવા $ 315 મિલિયનનો ઘટાડો નોંધાયો છે. ગયા વર્ષે થયેલી મજૂર અશાંતિ અને રાષ્ટ્રવ્યાપી હડતાળ દરમિયાન ઘણા ગ્રાહકોએ પોતાની પાર્સલ ડિલિવરી માટે ખાનગી કેરિયર્સનો આશરો લીધો હતો. હડતાળના ગાળા દરમિયાન જ પાર્સલની આવકમાં $850 મિલિયનનો ઘટાડો થયો હતો. જો કે, કેનેડા પોસ્ટની પેટાકંપની 'પ્યુરોલેટર'ના $256 મિલિયનના નફાને કારણે આ નુકસાનમાં થોડી રાહત મળી હતી.

પાંચ વર્ષીય ટ્રાન્સફોર્મેશન પ્લાન કંપનીએ ખર્ચ ઘટાડવા માટે દેશભરના 40 મિલિયન સરનામાંઓ પર ડોર-ટુ-ડોર ડિલિવરીને બદલે 'કમ્યુનિટી મેઈલબોક્સ' સેવામાં રૂપાંતરિત કરવાની પાંચ વર્ષની યોજના રજૂ કરી છે.






તંત્રી સ્થાનેથી

## 50 હજાર ફ્લાઈટ પ્રભાવિત, એવિએશન સેક્ટરને ફટકો

# ઈરાન-અમેરિકા વચ્ચે સંઘર્ષ : વિશ્વને 1 ટ્રિલિયન ડોલર નુકસાનનો અંદાજ

ઈરાન અને અમેરિકા વચ્ચેના સૈન્ય સંઘર્ષે ૨૦૨૬માં વૈશ્વિક અર્થતંત્રને ડામાડોળની સ્થિતિમાં લાવી દીધું છે. આ સંઘર્ષની અસરો માત્ર સરહદો સુધી મર્યાદિત નથી, પરંતુ તેની સીધી અસર સામાન્ય માણસના ખિસ્સા


તંત્રી - સ્વદેશ

અને વૈશ્વિક વ્યાપાર પર પડી છે. મધ્ય પૂર્વમાં યુદ્ધના કારણે 'હોર્મુઝની ખાડીમાંથી જહાજોની અવરજવર અટકી પડતા દુનિયાના અનેક દેશો સુધી પહોંચતી ચીજવસ્તુઓનું પરિવહન પણ થંભી ગયુ છે. જો અન્ય માર્ગે તેને લઈ જવામાં આવે તો તેનો ખર્ચ પણ વધતા મોંઘવારી વધી રહી છે.

વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના પ્રાથમિક અંદાજ મુજબ અમેરિકા અને ઈરાન વચ્ચેના યુધ્ધને કારણે વૈશ્વિક જીડીપીમાં ૦.૫% થી ૦.૮% નો ઘટાડો થઈ શકે છે. જે આંકડાકીય રીતે $૮૦૦ બિલિયનથી $૧ ટ્રિલિયન જેટલું મોટું નુકસાન દર્શાવે છે. આ સાથે જ વિશ્વના કુલ વેપારના ૧૨% થી ૧૫% હિસ્સો જે લાલ સમુદ્ર અને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થાય છે, તે જોખમમાં મુકાતા વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. આથી દરિયાઈ માર્ગો અસુરક્ષિત બનતા વ્યાપારિક જહાજોએ આફ્રિકાના 'કેપ ઓફ ગુડ હોપ' ફરીને લાંબો રૂટ લેવો પડે છે. જહાજોને સરેરાશ ૬,૦૦૦ કિલોમીટર વધુ પ્રવાસ કરવો પડે છે, જેનાથી એક તરફની મુસાફરીમાં ૧૦થી ૧૫ દિવસનો વિલંબ થાય છે. ઉપરાંત જહાજોના ભાડામાં ૧૫૦% થી ૨૦૦%નો વધારો થયો છે. એક અંદાજ મુજબ, દરિયાઈ માર્ગે થતા વેપારમાં દરરોજ $૯ થી $૧૦ બિલિયનના માલસામાનની અવરજવર મોડી પડી રહી છે. વળી, 'વોર રિસ્ક સર્ચાર્જ' ને કારણે જહાજોના વીમા દરોમાં ૫૦૦% એટલે કે પાંચ ગણો વધારો થયો છે, જેનો બોજ અંતે ગ્રાહકો પર પડી રહ્યો છે.

વિશ્વના કુલ તેલ પુરવઠાનો ૨૦% સપ્લાય એટલે કે દરરોજ આશરે ૨૦ મિલિયન બેરલને આ જળમાર્ગેથી જહાજો દ્વારા લઈ જવાય છે. પરંતુ આ માર્ગ હાલ આંશિક રીતે અવરોધાતા ક્રૂડ ઓઈલના ભાવમાં ટૂંકા ગાળામાં ૧૫% થી ૨૨%નો ઉછાળો નોંધાયો છે. આ સાથે જ વિશ્વની મોટી ફેક્ટરીઓ ખાસ કરીને ચીન, ભારત અને યુરોપમાં કાચો માલ મોંઘો થયો છે. અનાજ અને ખાદ્ય તેલના પરિવહન ખર્ચમાં વધારો થવાથી વૈશ્વિક સ્તરે 'ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ' માં 9% થી 11%નો ઉછાળો આવ્યો છે.

આવી સ્થિતિમાં એવિએશન સેક્ટરને પણ માઠી અસર થઈ છે. લુફ્થાન્સા, એર કેનેડા અને વેસ્ટજેટ જેવી કંપનીઓને અબજો ડોલરનું નુકસાન થયું છે. એવિએશન સેક્ટરને સામૂહિક રીતે $૧૫ બિલિયનથી વધુનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. ઈંધણના વધતા ભાવ અને હવાઈ માર્ગો બંધ થવાને કારણે એરલાઈન્સ ઉદ્યોગ સૌથી વધુ પ્રભાવિત થયો છે. જર્મનીની લુફ્થાન્સાએ સમગ્ર યુરોપમાં આશરે ૨૦,૦૦૦ ફ્લાઈટ્સ રદ કરવાની જાહેરાત કરી છે. જ્યારે મોન્ટ્રીયલ સ્થિત એર ટ્રાન્સેટે જૂનથી ઓક્ટોબર વચ્ચે ૧૨૯ ફ્લાઈટ્સ રદ કરી છે અને તેની કુલ ક્ષમતામાં ૬%નો ઘટાડો કર્યો છે. એર કેનેડા જેવી કંપનીઓનો ઈંધણ ખર્ચ વધીને વાર્ષિક $૫.૧ બિલિયન સુધી પહોંચ્યો છે, જે તેમના કુલ સંચાલન ખર્ચના ૨૪% જેટલો છે. વેસ્ટજેટ જેવી એરલાઈન્સે મુસાફરો પર પ્રતિ વ્યક્તિ $૫૦થી $૬૦નો 'ઈંધણ સરચાર્જ' લાદવાની ફરજ પડી છે.

એર કેનેડાને ઈંધણના ભાવ પરવડે તેમ ન હોવાથી ન્યૂયોર્ક JFK જેવા અત્યંત વ્યસ્ત રૂટ સહિત કુલ ૬ મુખ્ય આંતરરાષ્ટ્રીય રૂટ પરની અવરજવરને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધી છે. અન્ય એરલાઈન્સમાં અમીરાત, કતાર એરવેઝ અને એર ઈન્ડિયાએ પણ તેમના યુરોપ અને અમેરિકા જતા રૂટ બદલ્યા છે, જેના કારણે ઉડાનનો સમય ૨થી ૪ કલાક વધી ગયો છે. યુદ્ધને કારણે અત્યાર સુધીમાં વૈશ્વિક સ્તરે અંદાજે ૫૦,૦૦૦ થી વધુ નાની-મોટી ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે અથવા રદ કરવામાં આવી છે. એવિએશન સેક્ટરને અત્યાર સુધીમાં સામૂહિક રીતે $૧૦ બિલિયન થી $૧૫ બિલિયનનું સંભવિત નુકસાન થયું હોવાનો અંદાજ નિષ્ણાતો લગાવી રહ્યા છે. જો યુદ્ધ લાંબુ ચાલશે તો અનેક નાની એરલાઈન્સ દેવાળું ફૂંકે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

વિશ્વના ૨૦% તેલ પુરવઠા પર જોખમ હોવાથી એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF)ના ભાવમાં ૧૫% થી ૨૦% નો વધારો થયો છે. ડાયવર્ઝનને કારણે મોટી એરલાઈન્સને દરરોજ $137 મિલિયનનું નુકસાન થઈ રહ્યું છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં મોટી એરલાઈન્સને દરરોજ $૧ મિલિયન થી $૩ મિલિયનનું વધારાનું નુકસાન થઈ રહ્યું છે. યુદ્ધની જાહેરાત અને તણાવ વધતાની સાથે જ વિશ્વભરના શેરબજારોમાં રોકાણકારોના આશરે $૨થી $૩ ટ્રિલિયન સાફ થઈ ગયા છે.

ગુજરાત માટે ચિંતાનો વિષય એ છે કે કાચા હીરાની આયાત અને તૈયાર હીરાની નિકાસ બંને પર અસર પડી છે. વૈશ્વિક અસ્થિરતાના કારણે લક્ઝરી વસ્તુઓની માંગ ઘટતા હીરા ઉદ્યોગના ટર્નઓવરમાં ૧૦% થી ૧૫% નો ઘટાડો જોવા મળી રહ્યો છે. ભારત વિશ્વમાં બાસ્મતી ચોખાનો મોટો નિકાસકાર છે. પરંતુ યુદ્ધના કારણે આ નિકાસમાં ૨૦% થી ૨૫% નો ઘટાડો નોંધાયો છે. ઉપરાંત ગલ્ફ દેશોમાં ભારતીય ચા અને મસાલાની ભારે માંગ હોય છે. જો કે, શિપિંગ કન્ટેનરની અછત અને વધતા ભાડાના કારણે નિકાસકારોને મોટું નુકસાન થઈ રહ્યું છે.

જો આ સંઘર્ષ હજુ વધુ ૩ મહિના ચાલશે, તો ચીજવસ્તુઓની અછત સર્જાઈ શકે છે. પરિણામે વિકાસશીલ દેશોની પ્રગતિ અટકવા સાથે વિશ્વ ૨૦૦૮ જેવી આર્થિક મંદીમાં ધકેલાઈ શકે છે તેવું જાણકારો માની રહ્યા છે. ગલ્ફ દેશોમાં ભારતીય ચા અને મસાલાની ભારે માંગ હોય છે. પરંતુ શિપિંગ કન્ટેનરની અછત અને વધતા ભાડાના કારણે નિકાસકારોને મોટું નુકસાન થઈ રહ્યું છે. યુરોપ અને અમેરિકા મોકલવામાં આવતા મશીનરી અને ઓટોમોબાઈલ પાર્ટ્સના શિપમેન્ટ હવે લાંબો રૂટ આફ્રિકા ફરીને જઈ રહ્યા છે, જેનાથી ડિલિવરીમાં ૧૫થી ૨૦ દિવસનો વિલંબ થઈ રહ્યો છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના આ સંઘર્ષે રશિયા, ચીન અને યુરોપિયન દેશોને પણ અલગ-અલગ પક્ષે ઉભા કરી દીધા છે. તેથી મધ્ય પૂર્વમાં વધતી અસ્થિરતાને કારણે માનવીય સંકટ ઊભું થયું છે.



manoj1968@yahoo. ca






# ગોધરામાં પણ 'હવાલા નેટવર્ક'નો ખુલાસો : AAP કાર્યકરો સામે ફરિયાદ, ઉમેદવારે આક્ષેપો ફગાવ્યા

### 50 લાખની લેતી દેતી: ચૂંટણી ટાણે આંગડિયા મારફતે મોટા પ્રમાણમાં પૈસાની હેરાફેરી

**પંચમહાલ**

પંચમહાલ જિલ્લાના ગોધરામાં આગામી ચૂંટણી પૂર્વે SOG એ એક મોટી કાર્યવાહી કરતા ગેરકાયદે હવાલા નેટવર્કને ઉજાગર કર્યું છે. વિશ્વસનીય સૂત્રોના આધારે SOGએ શહેરના વિવિધ સ્થળોએ દરોડા પાડી લાખો રૂપિયાની નાણાકીય હેરાફેરીનો ભાંડો ફોડ્યો છે. પોલીસને શંકા છે કે મતદારોને લાલચ અને પ્રલોભન આપવા માટે આંગડિયા અને હવાલા મારફતે મોટા પાયે રોકડ રકમ પહોંચાડવાનું નેટવર્ક કાર્યરત હતું, જેમાં આંગડિયા પેઢીના સીસીટીવી ફૂટેજમાં પણ શંકાસ્પદ ગતિવિધિઓ કેદ થઈ છે. મહત્વનું છે કે આ પહેલા સુરતમાંથી પણ આ જ પ્રકારનું રેકેટ પકડાયું હતું જેમાં પણ આપ નેતાઓની સંડોવણી હોવાના દાવા થયા હતા.

આ કેસમાં આપના સંગઠનના સક્રિય કાર્યકર્તા અને ગોધરા નગરપાલિકાના વોર્ડ નં. 11 ના ઉમેદવાર અજય સોમાલાલ વસંતાણી તેમજ રમણભાઈ ગુલાબભાઈ બારીયા અને દર્શિત કૃષ્ણકાંત સોનીના નામો સામે આવ્યા છે. પ્રાથમિક વિગતો મુજબ, આ શખ્સોએ પોતાના મળતિયાઓ દ્વારા છેલ્લા પંદરેક દિવસમાં પી.એમ. આંગડિયા અને વી. પટેલ આંગડિયા મારફતે અંદાજે 50 લાખ રૂપિયાથી વધુની રકમની હેરાફેરી કરી છે. આ સંગઠિત નેટવર્કના તાર ગુજરાતના અન્ય જિલ્લાઓ સાથે પણ જોડાયેલા હોવાનું તપાસમાં ખુલ્યું છે.

# ભીટોડી હાઈવે પર કારને અકસ્માત ત્રણ બાળકોના મોત, 9 લોકોને ઈજા

### મધ્યપ્રદેશનો પરિવાર દર્શન કરીને પરત ફરી રહ્યો હતો

**પાવાગઢ**

પાવાગઢ ખાતે માતાજીના દર્શન કરી મધ્યપ્રદેશ પરત ફરી રહેલા એક શ્રદ્ધાળુ પરિવારને દાહોદના ભીટોડી હાઈવે પર ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. માર્ગ પર ઉભેલા એક કન્ટેનરની પાછળ એક ફોર વ્હીલ કાર ધડાકાભેર અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ભયાનક ટક્કરમાં કારમાં સવાર 3 માસૂમ બાળકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા, જેને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

આ અકસ્માતમાં અન્ય 9 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને ખાનગી હોસ્પિટલ લઈ જવાયા છે. જ્યારે અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણ બાળકોના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવાયા છે. અકસ્માત એટલો જોરદાર હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. હાલ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પાલનપુરમાં ઉમિયા માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહાઉત્સવ નિમિત્તે શોભાયાત્રા

**પાલનપુર**

પાલનપુર ખાતે 31 ગામના કડવા પાટીદાર સમાજ દ્વારા યોજવામાં આવેલ ઉમિયા માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહામહોત્સવના આયોજનમાં પાટીદાર સમાજના દરેક ઘરમાંથી લોકોએ યથાશક્તિ સેવા આપી હતી. અને ભવ્યાથિભવ્ય ઉજવણી કરી હતી.આ પ્રસંગે પાટીદાર સમાજની વાડી રંગબેરંગી લાઈટોથી ઝળહળી ઉઠી હતી.

શણગારેલા રથોમાં ઉમિયા માતાજી અને અન્ય દેવી-દેવતાઓની નૂતન મૂર્તિઓને બિરાજમાન કરવામાં આવી હતી. આ દિવ્ય સ્વરૂપોના દર્શન અને સ્વાગત માટે સમગ્ર પાલનપુર શહેરમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મૂર્તિઓને સમાજની વાડી ખાતે લાવવાના આ આલૌકિક અવસરમાં 31 ગામના પાટીદાર સમાજના ભાઈ-બહેનો,વડીલો અને યુવાનો હજારોની સંખ્યામાં ઉમટી પડયા હતા. ડીજે અને ઢોલ-નગારાના તાલે લાલ-પીળા પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ મહિલાઓએ માર્ગો પર ગરબાની રમઝટ બોલાવીને માતાજીની આરાધના કરી હતી. હજારોની ભીડ હોવા છતાં વ્યવસ્થિત પાર્કિંગ અને શિસ્તબદ્ધ રીતે આગળ વધતી યાત્રા 31 ગામ કડવા પાટીદાર સમાજની સંગઠીત શક્તિ અને ઉત્કૃષ્ટ આયોજનનું પ્રતીક છે.

# ગુજરાત એટીએસ દ્વારા બે શખ્સની ધરપકડ કરાઈ : ISI સાથે લિંક હોવાની આશંકા

### સિદ્ધપુરનો ઈરફાન સરકાર સામે સશસ્ત્ર બળવો કરવાની યોજના બનાવી રહ્યો હતો

**પાટણ**

એન્ટિ ટેરરીઝમ સ્ક્વોડ (એટીએસ) ગુજરાત દ્વારા બે શખ્સની ધરપકડ કરવામાં આવી હતી, જે કથિત રીતે દેશવિરોધી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હોવાનું માનવામાં આવે છે. એક પાટણથી, બીજો મુંબઈના સાકીનાકા વિસ્તારથી પકડાયો હતો

પાટણ જિલ્લાના સિદ્ધપુરના રહેવાસી 22 વર્ષીય ઈરફાન કાલેખાન પઠાણ કથિત રીતે કટ્ટરવાદી માનસિકતા ધરાવતો હોવાના અને ભારત સરકાર સામે સશસ્ત્ર બળવો કરવાની યોજના બનાવી રહ્યો હોવાની ગુપ્ત માહિતી એટીએસને મળી હતી, જેના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પઠાણની અટકાયત કરવામાં આવી હતી અને પૂછપરછ માટે એટીએસ ઓફિસમાં લાવવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછ દરમિયાન, તપાસકર્તાઓએ તેના મોબાઈલ ફોનની તપાસ કરી હતી અને જાણવા મળ્યું કે તે કથિત રીતે સોશિયલ મીડિયા દ્વારા આતંકવાદી સંગઠન આઈએસઆઈએસ સાથે જોડાયેલા કાર્યકરો તેમજ અનેક કટ્ટરપંથી જૂથોના સંપર્કમાં હતો. ત્યારબાદની તપાસ અને ડિજિટલ ફોરેન્સિક તપાસ દ્વારા એટીએસને તેના કથિત સાથી, ખુર્શીદ ઝાહિદ અખ્તર શેખ (21) વિશે માહિતી મળી હતી. જેને મહારાષ્ટ્ર પોલીસની મદદથી મુંબઈના સાકીનાકાથી પકડવામાં આવ્યો હતો. એટીએસ અનુસાર, કથિત રીતે આ બંનેનો ઉદ્દેશ્ય જેહાદ દ્વારા કટ્ટરપંથીઓનું નેટવર્ક બનાવીને સમગ્ર ભારતમાં ગઝવા-એ-હિંદ સ્થાપિત કરવાનો હતો.

# સિંગર કાજલનો પ્રેમલગ્ન વિવાદ: આગેવાનોના કાફલા સાથે પરિવાર દ્વારા સાસરીમાં હલ્લાબોલ

### કાજલના ભાઈએ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી સમાજ પાસે મદદ માંગી

**ગાંધીનગર**

ગુજરાતની વધુ એક જાણીતી લોકગાયિકા કાજલ મહેરિયાના લગ્નને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. પરિવારની જાણ બહાર અને સમાજને વિશ્વાસમાં લીધા વગર પ્રેમલગ્ન કરી લેતા કાજલના ભાઈએ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકી સમાજ પાસે મદદ માંગી હતી. આ વિવાદ રવિવારે ત્યારે વકર્યો જ્યારે 70 જેટલા લોકોના કાફલા સાથે પરિવાર કાજલની સાસરીમાં પહોંચી ગયો હતો.

ભાઈ સંદિપભાઈએ કરેલી જાહેર અપીલ મુજબ, સિંગરે સામાજિક મર્યાદાનો ભંગ કરીને લગ્ન કરી લીધા છે. ગોઢવા ગામના મહેરિયા પરિવારે આ મામલે મહેરિયા સમાજ અને 18 આલમને સમર્થન આપવા વિનંતી કરી છે. પરિવારનું કહેવું છે કે આ લગ્ન વિશે તેમને કોઈ જાણ કરવામાં આવી નહોતી. વિવાદિત સ્થિતિ ત્યારે સર્જાઈ જ્યારે કાજલના પરિવારજનો અને મહેરિયા સમાજના આગેવાનો અનેક ગાડીઓ સાથે ગાંધીનગરના શેરથા ગામે કાજલની સાસરીમાં પહોંચ્યા હતા.

પરિસ્થિતિ વણસતી જોઈ કાજલના પતિએ 112 પર ફોન કરી મદદ માંગતા અડાલજ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં સમાજના આગેવાનો અને પરિવારજનો અડાલજ પોલીસ મથકે પહોંચ્યા હતા. અડાલજ PI એસ.જી. દેસાઈના જણાવ્યા મુજબ પરિવારની રજૂઆત હતી કે, કાજલે લગ્ન કર્યા છે કે નહીં તેની તેમને કોઈ સત્તાવાર જાણકારી નથી.

# દાહોદમાં લગ્ન પ્રસંગમાં જમણવાર બાદ 400થી વધુને ફૂડ પોઇઝનિંગ

### હોસ્પિટલ ઉભરાતા અનેકને ગામમાં સારવાર અપાઈ

**દાહોદ**

રાજ્યમાં ગરમીના પ્રકોપ વચ્ચે વધુ એક ફૂડ પોઈઝનિંગની ઘટના સામે આવી હતી. દાહોદના ગરબાડા તાલુકાના અભલોડ ગામના એક લગ્નપ્રસંગે જમણવાર બાદ 400થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. અસરગ્રસ્તો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, અને આ ઘટના પાછળનું કારણ જાણવા માટે આરોગ્ય વિભાગ દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

મળતી વિગત પ્રમાણે, જમણવાર બાદ લોકોને અચાનક ઉલ્ટી, ઝાડા જેવી તકલીફો શરૂ થઈ હતી. જેથી 108ને જાણ કરવામાં આવી હતી. જોકે અસરગ્રસ્તોની સંખ્યા વધારે હોવાથી ખાનગી વાહનો મારફતે પણ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આશરે 200 જેટલા લોકોને ગામમાં જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. લગ્નપ્રસંગમાં કેરીનો રસ અને પનીર સબ્જી પીરસવામાં આવી હતી. જેના કારણે ફૂડ પોઈઝનિંગની ઘટના બની હોય તેવું માનવામાં આવે છે. જોકે તંત્ર દ્વારા સેમ્પલ લઈને આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.

# વડોદરાના ટૂર ઓપરેટરના પિતાનું કેદારનાથ ધામમાં હાર્ટ એટેક આવતાં કરૂણ મોત

**વડોદરા**

22 એપ્રિલના રોજ વહેલી સવારે 8 વાગ્યે વૈદિક મંત્રોચ્ચાર સાથે કેદારનાથ ધામના દ્વાર ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. હજારો શ્રદ્ધાળુઓ બાબાના દર્શન માટે ઉમટી પડ્યા હતા, જેમાં ગુજરાતના શ્રદ્ધાળુઓ પણ મોટી સંખ્યામાં સામેલ હતા. આ દરમિયાન વડોદરાના એક ટૂર ઓપરેટરના પિતા દિલીપભાઈ માળીનું કેદારનાથ ધામમાં હાર્ટ એટેક આવવાને કારણે કરૂણ મોત નીપજ્યું છે. દર્શનના પ્રથમ દિવસે જ બનેલી આ ઘટનાથી અન્ય યાત્રિકોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. આ ઘટના બાદ મૃતક દિલીપભાઈના પુત્ર અને ટૂર ઓપરેટરે સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ કર્યો હતો.

# ધંધુકા હત્યાકાંડ : આરોપીઓના બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવાયું, મકાનોનો સફાયો

**ધંધુકા**

અમદાવાદ જિલ્લાના ધંધુકા પંથકમાં યુવકની હત્યાના મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે આજે મંગળવારે વહીવટી તંત્ર દ્વારા આરોપીઓ અને અસામાજિક તત્ત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ધંધુકાના ખાટકી વાડ વિસ્તારમાં આરોપીઓના ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે.

ગત શનિવારે ધર્મેશ ગમારા નામના યુવકની હત્યા બાદ પંથકમાં તણાવભરી સ્થિતિ સર્જાઈ હતી. તંત્રએ આજે વહેલી સવારથી જ ખાટકી વાડ વિસ્તારમાં ઓપરેશન શરૂ કર્યું હતું. જેમાં ચારથી વધુ ગેરકાયદે મકાનો તોડી પાડવામાં આવ્યા છે. તંત્ર દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે હવે હાઈવે પર આવેલા ગેરકાયદે દબાણો, દુકાનો અને લારી-ગલ્લાઓ પર પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ ડિમોલિશનની કામગીરી દરમિયાન કોઈ અઘટિત ઘટના ન બને તે માટે 300 જેટલા પોલીસ જવાનોનો કાફલો તહેનાત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નગરપાલિકા અને આરએનબી (માર્ગ અને મકાન વિભાગ) ના 50થી વધુ કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓ આ કામગીરીમાં જોડાયા હતા. બીજી તરફ, મુખ્ય આરોપી રિઝવાન અને સમીરની ધરપકડ બાદ તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

# બાળ તસ્કરીની મુરગન ગેંગ તરીકે ઓળખાતી ટોળકીના મુખ્ય સૂત્રધાર સહિત 3 પકડાયા

**પાલનપુર**

બનાસકાંઠા LCB દ્વારા બાળ તસ્કરીની "મુરગન ગેન્ગ" તરીકે ઓળખાતી ટોળકીના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ આરોપી બનાસકાંઠા પોલીસે અત્યારે પકડેલા આરોપીઓમાં બોદાશું નાગારાજુ ઉર્ફે મુરુગન બોદાશું વેંકટી, કાસરાપુ તિરુપથી કસરાપુ મલ્લાલહ, કેલેટી ગંગાધર ગંગારાજનને તેલંગાણામાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસની સમગ્ર તપાસ દરમિયાન 8થી વધુ નવજાત શિશુઓના ગેરકાયદે વેચાણનો ચોંકાવનારો ખુલાસો થયો છે. વડગામ પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં આવતા ધનપુરા-જલોત્રા હાઈવે નજીકથી એક ચાર વર્ષીય બાળકનું અજાણ્યા વ્યક્તિઓ દ્વારા કારમાં અપહરણ કરાયું હતું.

# કપરાડામાં પીકઅપ વાન પલટી : 6 લોકોના કરુણ મોત, 28 ઈજાગ્રસ્ત

## લોકો લગ્ન પ્રસંગની વિધિ પતાવીને આવતો હતો ત્યારે વીરક્ષેત્ર ગામ નજીક ચઢાણ વાળા રસ્તા પર બ્રેક ફેઈલ થઈ જતાં ઘટના બની

**વલસાડ**

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાંથી એક અત્યંત દુઃખદ અને હચમચાવી મૂકે તેવા સમાચાર સામે આવ્યા છે. અહીંના વીરક્ષેત્ર ગામ નજીક એક લગ્ન પ્રસંગમાં 'આણું' વાળવા જઈ રહેલા પરિવારની પીકઅપ વાન અચાનક પલટી ખાઈ ગઈ છે. આ ગોઝારા અકસ્માતમાં 6 લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે, જ્યારે વાનમાં સવાર અન્ય 28 જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચી છે. ખુશીના માહોલ વચ્ચે સર્જાયેલી આ દુર્ઘટનાને કારણે સમગ્ર પંથકમાં અરેરાટી અને પરિવારમાં ભારે માતમ છવાઈ ગયો છે.

પરિવાર પીકઅપ વાનમાં બેસીને લગ્ન પ્રસંગની વિધિ પતાવવા માટે જઈ રહ્યો હતો. મુસાફરોથી ભરેલી આ વાન જ્યારે વીરક્ષેત્ર ગામ નજીક એક ચઢાણ વાળા રસ્તા પરથી પસાર થઈ રહી હતી,



ત્યારે અચાનક જ ગાડીની બ્રેક ફેઈલ થઈ ગઈ હતી. ઢાળ પર બ્રેક ન લાગવાને કારણે પીકઅપ વાન રિવર્સમાં (પાછળની તરફ) આવવા લાગી હતી. આ અણધારી પરિસ્થિતિમાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દીધો અને જોતજોતામાં ગાડી બેકાબૂ બનીને રોડ પર જ પલટી ખાઈ ગઈ હતી.

સ્થાનિકોએ તુરંત જ પોલીસ અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ગણતરીની મિનિટોમાં જ બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, ઈજાગ્રસ્તોમાંથી 10 લોકોની હાલત અત્યંત ગંભીર છે અને તેમની સઘન સારવાર ચાલી રહી છે. પોલીસે હાલ આ સમગ્ર મામલે અકસ્માતનો ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતકોમાં 1. સીતા શંકર કડ, 2. હાર્દિક સંજય કદુ, 3. પુષ્પા મનુ કદુ, 4. ધનજી આબજી કદુ, 5. વૃતિક રમેશ ખુરકુટે, 6. કૃસિકા રમેશ ખુરકુટે, 7. રાજારામ શિવરામ કડુ, 8. સેન્તીબેન વિઠ્ઠલભાઈ કડુનો સમાવેશ થાય છે. 8 મૃતકોમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. 6 લોકો ઘટના સ્થળે જ મોતને ભેટ્યા હતા. બે લોકો સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા છે. હજુ કેટલાક લોકોની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

# યુવતીએ ભાવનગરના રત્નકલાકારને સુરતમાં લગ્નની લાલચ આપી 21 લાખ પડાવી લીધા

## ખોલવડ ગામના પ્રકાશ સુરાણી સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં આવી

**બારડોલી**

કામરેજના ખોલવડ ગામે બંસરી લકઝરીયામાં રહેતાં મૂળ ભાવનગર પ્રકાશ લલ્લુભાઈ સુરાણી સુરત ખાતે રત્નકલાકાર તરીકે કામ કરે છે. પ્રકાશ સુરાણી ગત ઓક્ટોબર માસમાં ફેસબુક પર રિલ્સ જોતાં હતાં ત્યારે અર્પિતા પટેલ નામની યુવતી સાથે મિત્રતા થઈ હતી. વાતચીત આગળ વધતા અર્પિતાએ પોતાની ઓળખ મુંબઈના મીરા રોડની રહેવાસી તરીકે આપી હતી અને પ્રકાશ સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી વિશ્વાસ જીતી લીધો હતો. પ્રકાશ સુરાણીનો વિશ્વાસ કેળવ્યા બાદ અર્પિતાએ પોતે ફોરેક્સ ટ્રેડિંગમાં મોટો નફો મેળવતી હોવાનું જણાવી પ્રકાશને પણ રોકાણ કરવા લલચાવ્યા હતા. અર્પિતાએ ભાવેશ સર નામના શખ્સનો સંપર્ક કરાવી સોનીકોઈ નામની વેબસાઈટ અને અન્ય એપ્લિકેશન દ્વારા રોકાણ કરાવવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં રૂ. 30,000ના રોકાણ સામે વળતર આપીને પ્રકાશનો વિશ્વાસ સંપાદિત કર્યો હતો. વધુ નફાની લાલચમાં પ્રકાશે તા. 05-11-2025થી તા.20-11-2025 દરમિયાન અલગ-અલગ તારીખે આરટીજીએસ અને ફોન-પે દ્વારા કુલ રૂ. 21,55,092 ટ્રાન્સફર કર્યા હતા. જ્યારે પ્રકાશ પોતાનો નફો વિડ્રો (ઉપાડવા)નો પ્રયાસ કર્યો ત્યારે એપ્લિકેશનમાં એરર હોવાનું અને તે દૂર કરવા માટે વધુ રૂ. 6 લાખની માંગણી કરવામાં આવી હતી. જેથી શંકા જતાં પ્રકાશે તપાસ કરી તો પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાયું હતું.

# ભાજપના ગઢ ગણાતા રાંદેરમાં જ લોકોએ નેતાઓને ધક્કે ચઢાવ્યા, પોલીસ બોલાવાઈ

## ભારે વિરોધને કારણે ભાજપના નેતાઓ-ઉમેદવારોએ પ્રચાર પડતો પરત ફરવું પડ્યું

**સુરત**

ભાજપના ગઢ ગણાતા રાંદેર ઝોનના ગોરાટ વિસ્તારમાં હનુમાન ભક્તોએ જય શ્રી રામના નારા સાથે ભાજપના ઉમેદવારને ધક્કા મારી કાઢી મૂકતા મામલો ગરમાયો હતો. ભાજપના ઉમેદવાર અને નેતાઓને ગો બેકના નારા સાથે હાંકી કાઢવામાં આવ્યા હતા. આ દરમિયાન ઉમેદવારના સમર્થકોએ સોસાયટીના રહીશો સાથે દાદાગીરી કરી હાથ ઉપાડતા પરિસ્થિતિ વધુ વણસી હતી. સ્થાનિક મહિલાઓ સહિતના લોકોએ ઘેરો ઘાલતા અંતે ભાજપના ઉમેદવારોએ પોલીસનું શરણ લેવું પડ્યું હતું. લોકોનો રોષ એટલો પ્રચંડ હતો કે એક નહીં, પણ બે પોલીસ સ્ટેશનનો સ્ટાફ બોલાવવાની ફરજ પડી હતી. જનતાના ભારે વિરોધને કારણે ભાજપના નેતાઓ અને ઉમેદવારોએ પ્રચાર પડતો મૂકી પરત ફરવું પડ્યું હતું.

સુરત મહાનગરપાલિકાની વર્ષ 2026ની ચૂંટણીમાં ભાજપના ગઢ ગણાતા વિસ્તારોમાં જ પક્ષ માટે ભારેલો અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. ગોરાટ વિસ્તારમાં અશાંતધારાનો અમલ થયો ન હોવાની ફરિયાદ સાથે લોકોમાં ભાજપના ઉમેદવાર પ્રત્યે ભારે રોષ છે. વોર્ડ નંબર 11માં ભાજપના ઉમેદવાર ગોરાટ મંદિરે દર્શન કરવા જવાના છે તેવી જાણ થતા જ સ્થાનિક મહિલાઓએ કાળાં કપડાં પહેરી વિરોધ દર્શાવ્યો હતો. મહિલાઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, મંદિરે ભલે દર્શન કરવા આવો, પણ સોસાયટીમાં પ્રચાર કરવા આવશો નહીં.

**સુરતમાં ચૂંટણી ટાણે મોટો ધડાકો!**

# AAPના પોલિટિકલ ફન્ડિંગનો પર્દાફાશ કરોડોની હેરાફેરીના પુરાવા મળી આવ્યા આંગડિયામાં 18 લાખ મોકલાયાના ફૂટેજ

**સુરત**



સુરત ક્રાઈમ બ્રાંચ અને ઉમરા પોલીસે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પ્રચારના ધમધમાટ વચ્ચે દિલ્હી-સુરત વચ્ચે આંગડિયા મારફતે પોલિટિકલ ફંડિંગ સિન્ડિકેટનો પર્દાફાશ કરી ફંડ મોકલવનાર દિલ્હીના માજી આરોગ્ય મંત્રીના વિશ્વાસુ હિમાંશુ પાહુજા અને ફંડ રિસીવ કરનાર પીપલોદના આકાશ મિશ્રા અને અજય તિવારીના નામ જાહેર કર્યા છે. પ્રાથમિક તપાસમાં છેલ્લા પાંચ-છ મહિનામાં 1.25 કરોડ રૂપિયા આંગડિયા મારફતે મોકલાવ્યાનું તપાસમાં બહાર આવ્યું છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ધમધમાટ વચ્ચે સુરત ક્રાઈમ બ્રાંચ અને ઉમરા પોલીસે સંયુક્ત રીતે દેશની રાજધાની દિલ્હી અને સુરત વચ્ચે પોલિટિકલ ફંડિંગ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, ગત 10મી એપ્રિલના રોજ આંગડિયા મારફતે દિલ્હીથી લાખો રૂપિયા સુરતના પીપલોદ વિસ્તારમાં રહેતા આકાશ મિશ્રા અને અજય તિવારીને મોકલવામાં આવ્યા છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે ઉમરા પોલીસ સ્ટેશન ખાતે પીપલોદના પ્રગતિ નગર સોસાયટીમાં રહેતા આકાશ મિશ્રાને બોલાવી પૂછપરછ કરી હતી. જે અંતર્ગત દિલ્હી ખાતેથી હિમાંશુ પાહુજાએ અઠવાડિયા અગાઉ 19 લાખ રૂપિયા સુરત મોકલાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે હિમાંશુ પાહુજા આમ આદમી પાર્ટીનો સક્રિય કાર્યકર છે અને આપના નેતા સુરેન્દ્ર ભારદ્વાજનો વિશ્વાસુ હોવાનું મનાય રહ્યું છે. જેથી આમ આદમી પાર્ટીના હાઈકમાન્ડના ઈશારે રૂપિયા દિલ્હીથી સુરત રૂપિયા મોકલાવતો હતો. આ રૂપિયા આકાશ મિશ્રા અને અજય તિવારી કર્ડિંગ નેટવર્કમાં રિસીવર અને ડિસ્ટ્રીબ્યુટર તરીકેની મહત્વની કડી હોવાનું મનાય છે. પ્રાથમિક પૂછપરછમાં આકાશ મિશ્રાએ છેલ્લા પાંચથી છ મહિનામાં અંદાજે 1.25 કરોડ રૂપિયા દિલ્હીથી હિમાંશુએ મોકલાવ્યાની કબૂલાત કરી છે. જેથી પોલીસને આશંકા છે કે, આ ફંડિંગનો ઉપયોગ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કરવામાં આવી રહ્યો છે અને તે દિશામાં તપાસ હાથ ધરી છે. ઉપરાંત આ બાબતે ઈન્કમટેક્સ વિભાગને પણ જાણ કરવામાં આવી છે. સુરતનો હેન્ડલર આકાશ મિશ્રા દિલ્હીના પૂર્વ આરોગ્ય મંત્રીનો P.A. રહી ચૂક્યો છે

# સચિન સેઝમાં DRIના દરોડા : જ્વેલરી સીઝ, નિકાસ થતા 16 પાર્સલ અટકાવ્યા

**સુરત**

સુરતના સચિન સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં ડીઆરઆઈ દ્વારા શંકાના આધારે વિદેશ એક્સપોર્ટ થઈ રહેલી જ્વેલરી સીઝ કરી છે. આ કાર્યવાહીને પગલે સેઝના જ્વેલરી એકમોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સુરતના સચિન સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માં ડીઆરઆઈ દ્વારા એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ડીઆરઆઈ ની ટીમે શંકાના આધારે વિદેશ એક્સપોર્ટ થઈ રહેલી કરોડોની કિંમતની જ્વેલરી સીઝ કરી છે. આ કાર્યવાહીને પગલે સેઝના જ્વેલરી એકમોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સચિન સેઝમાંથી વિદેશ મોકલવામાં આવી રહેલા જ્વેલરીના પાર્સલમાં ગેરરીતિ થઈ રહી છે. આ બાતમીના આધારે ટીમે દરોડો પાડીને વિદેશ જઈ રહેલા 16 જેટલા પાર્સલો અટકાવી દીધા હતા. આ પાર્સલોમાં કરોડોની કિંમતની જ્વેલરી હોવાનું જાણવા મળ્યું છે, જેને હાલ તપાસ અર્થે સીઝ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં એવી વિગતો બહાર આવી છે કે, હોંગકોંગથી હીરા મંગાવવામાં આવ્યા હતા અને તેની જ્વેલરી બનાવીને ફરીથી વિદેશ એક્સપોર્ટ કરવાની તૈયારી હતી.

# લગ્નમાંથી પરત આવતો પરિવાર કાર નીચે કચડાયો પતિ-પત્ની, માતાનું મોત, 6 વર્ષનો માસૂમ નોંધારો

## બારડોલી નજીક અકસ્માતમાં મહિલા 15 ફૂટ ઉછળીને ઈંટના ભઠ્ઠા પર પટકાઈ

**સુરત**

સુરતના અંબિકાના સાંબા ગામના મેડિયા ફળિયામાં રહેતા 31 વર્ષીય આશિષ પટેલ, તેમના 29 વર્ષીય પત્ની પારુલબેન, સાત વર્ષનો પુત્ર વેદ અને 60 વર્ષીય માતા ઉષાબેન ડોલવણ તાલુકાના પાટી ગામે એક લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. લગ્ન પતાવીને આખો પરિવાર એક જ બાઈક પર સવાર થઈ પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો. વલવાડા-ભોરીયા રોડ પર ઈંટના ભઠ્ઠા પાસે સામેથી આવતી એક પૂરપાટ ઝડપે દોડતી કારે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતની તીવ્રતા એટલી વધારે હતી કે, આશિષભાઈ પટેલ, પારુલબેન અને ઉષાબેનનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું. જ્યારે વેદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો, જેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત બાદ એક મહિલા મૃતદેહ હવામાં 15 ફૂટ ઉછળીને બાજુના ભઠ્ઠા પર પટકાતા ઉપસ્થિત લોકો સ્તબ્ધ થઈ ગયા હતા.

ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રોષે ભરાયેલા ટોળાએ અકસ્માત સર્જનાર કારચાલકને પકડી પાડી તેને ઢોર માર માર્યો હતો, જેમાં તે લોહીલુહાણ થયો હતો. પોલીસ ઘટનાસ્થળે હોવા છતાં લોકોનો આક્રોશ એટલો હતો કે તેમણે કલાકો સુધી કારને રસ્તા પરથી હટાવવા દીધી ન હતી અને ભારે હોબાળો મચાવ્યો હતો.

# ભાવનગર જિલ્લા ભાજપે 26 કાર્યકરને સસ્પેન્ડ કરતા ફફડાટ

## જિલ્લા પંચાયતની 5, તાલુકા પંચાયતની 14 અને નગરપાલિકાની 7 બેઠક પર કાર્યકરો અપક્ષ કે અન્ય પાર્ટીમાંથી ચૂંટણી લડતા કાર્યવાહી

**ભાવનગર**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાવનગર જિલ્લામાં ભાજપના ઉમેદવાર સામે ભાજપના કેટલાક કાર્યકરોએ ઉમેદવારી નોંધાવી છે અને ચૂંટણી લડી રહ્યા છે ત્યારે ભાજપે આ તમામ કાર્યકરોને સસ્પેન્ડ કરતા ફફડાટ મચી જવા પામેલ છે. આ ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો સામે ભાજપના જ 26 કાર્યકર કોંગ્રેસ, આપ કે અપક્ષમાંથી ચૂંટણી લડી રહ્યા છે તેથી ભાજપે તેઓને આજે બુધવારે 6 વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે, જેમાં 5 ભાજપ કાર્યકર જિલ્લા પંચાયતની પાટણા, ચમારડી, કળસાર, કતપર, ભાદ્રોડ બેઠક પરથી અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યા છે તેથી સસ્પેન્ડ કરાયા છે. ભાજપના ૧૪ કાર્યકર ભાજપના ઉમેદવારો સામે તાલુકા પંચાયત લડી રહ્યા છે, જેમાં બે કાર્યકરો કોંગ્રેસમાંથી અને ૧૨ અપક્ષમાંથી ચૂંટણી લડી રહ્યા છે તેથી તેઓને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બે નગરપાલિકામાં ૭ ભાજપ કાર્યકરો ભાજપના ઉમેદવાર સામે ચૂંટણી લડી રહ્યા છે, જેમાં ૫ કોંગ્રેસમાંથી અને ૨ આપ પાર્ટીમાંથી ચૂંટણી લડી રહ્યા છે તેથી તેઓને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મહુવા નગરપાલિકામાં 5 અને પાલિતાણા નગરપાલિકામાં 2 કાર્યકર ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે પક્ષ વિરોધી બદલ સસ્પેન્ડ કર્યા તેમાં તાલુકા કારોબારી સભ્ય, સક્રિય સભ્ય, પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત, પૂર્વ પ્રમુખ યુવા મોરચો, સંયોજક શક્તિકેન્દ્ર, જિલ્લા કિસાન મોરચા સહિતના કાર્યકરોનો સમાવેશ થાય છે તેમ માહિતી આપતા ભાવનગર જિલ્લા ભાજપ પ્રમુખે જણાવેલ છે. આ ઉમેદવારો ભાજપને કેટલુ નુકશાન પહોંચાડે છે ? તેની રાહ જોવી જ રહી.

## ભાજપ ઉમેદવારને અધૂરા કામ બતાવ્યા તો 'જય શ્રી રામ' બોલી ચાલતી પકડી

અમદાવાદના શાહપુરમાં વોર્ડમાં જ્યાં ભાજપના ઉમેદવારો વોટ માગવા એક સોસાયટીમાં પહોંચ્યા તો ત્યાં સ્થાનિકો અને કોંગ્રેસના કાર્યકરોએ સત્યથી સામનો કરાવ્યો હતો, પણ નકટા બનેલા નેતાઓ સ્થાનિક લોકોની સમસ્યા સાંભળવાના બદલે અને સત્યનો સામનો કરવાને બદલે જય શ્રી રામના નારા લગાવતા ત્યાંથી ચાલ્યા ગયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને તમામ વોર્ડમાં ઉમેદવારોનો પ્રચાર હવે જોર પકડી રહ્યો છે, ત્યારે શાહપુર વોર્ડમાં ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. શાહપુર દરવાજા પાસે પ્રચાર માટે પહોંચેલા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો આમને-સામને આવી જતાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પોતાના વિસ્તારમાં વોટ માંગવા માટે આવેલા ભાજપના ઉમેદવારોને સ્થાનિક લોકોએ અને કોંગ્રેસના ઉમેદવારોએ ભેગા મળીને વિસ્તારના અધૂરા અને પડતર કામો

## બાપુનગરમાં ચૂંટણી અધિકારી વિના જ બેલેટ પર સિક્કા માર્યાનો આરોપ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા જ અમદાવાદના બાપુનગર વિસ્તારમાં ગંભીર ગેરરીતિના આક્ષેપો સાથે રાજકીય માહોલ ગરમાયો છે. બાપુનગર હોમગાર્ડ ઓફિસમાં ચૂંટણી અધિકારીની ગેરહાજરીમાં જ બેલેટ પેપર પર સિક્કા મારવામાં આવતા હોવાની ઘટના સામે આવતા કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ફરજ બજાવતા હોમગાર્ડ જવાનો માટે બેલેટ પેપરથી મતદાનનું આયોજન કરવામાં આવ્યું હતું. બાપુનગર, સરસપુર અને ગોમતીપુરના જવાનોને સાંજે 5 વાગ્યા પછી મતદાન કરવા જણાવાયું હતું. જોકે, મોડી સાંજે જ્યારે કોંગ્રેસના ઉમેદવાર નાગજી દેસાઈ સમર્થકો સાથે ત્યાં પહોંચ્યા ત્યારે ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. મતદાન મથક પર કોઈ પણ ચૂંટણી અધિકારી હાજર નહોતા. બેલેટ પેપર કોઈ પણ સુરક્ષા વિના ખુલ્લા કવરમાં જોવા મળ્યા હતા.

## અમદાવાદમાં પ્રચાર વખતે મેવાણીનો વિરોધ, હાય હાયના લાગ્યા નારા

સરસપુર રખિયાલ વોર્ડમાં સિનિયર નેતાઓની જીદના કારણે અંતિમ ઘડીએ મેન્ડેટ બદલી દેવાયું હતું. જેથી સક્રિય કાર્યકર્તાઓની ટિકિટ કપાતા હવે સ્થાનિક કાર્યકર્તાઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. જેનો ભોગ મેવાણી બન્યા હતા. ગઈકાલે ભાજપ, કોંગ્રેસ અને આપએ પ્રચંડ પ્રચાર કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્ય મેવાણી અને અમદાવાદના પૂર્વ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલ સરસપુરમાં પ્રચાર અર્થે ગયા હતા. જ્યાં કોંગ્રેસના જ સ્થાનિક કાર્યકર્તાઓએ કાળા ઝંડા ફરકાવી વિરોધ કર્યો હતો. ઉપરાંત હાય હાયના નારા લગાવ્યા હતા. આ દરમિયાન અમદાવાદની મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં વોર્ડ વિસ્તાર મોટા હોવાથી ચૂંટણી ખર્ચમાં વધારો થયો હોવાનુ સ્વીકારવાની સાથે ભાજપ અને કોંગ્રેસનાં અનેક ઉમેદવારોએ પાર્ટી તરફથી પૂરતુ ચૂંટણી ફંડ આપવાને બદલે તેમની ઉપર જ નાણાંકીય જવાબદારી ઢોળી દીધી હોવાનુ જણાવ્યું હતું.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# તાંત્રિક વિધિના બહાને ગઠિયાએ વૃદ્ધા પાસે 76.66 લાખ પડાવ્યા

## અમોદ્રા મસાણ નજીક જમીનમાં 'ચરૂ' કાઢવા માટે વિધિ કરવી પડશે કહી લાલચ આપી દાગીના અને રોકડ લઈ છેતરપિંડી આચરી

**વેરાવળ**

વેરાવળ ભીડીયા પ્લોટ વિસ્તારમાં રહેતા વૃધ્ધ વિજયાબેન દામજીભાઈ ચોરવાડી (ઉ.વ.૬૨)એ પોલીસમાં ફરિયાદ નોંધાવી કે પારિવારીક સંબંધ ધરાવતા ઉના રહેતા આરીફ ગફાર ઉર્ફે ભરો વરીવાળી ૨૦૨૪ના જાન્યુઆરી મહિનામાં કાર લઈને ઘરે આવ્યો હતો. તેણે કહેલ કે અઘોરી તાંત્રિક મને મળેલ અને અમોદ્રા મસાણે સાથે બેસાડી કહ્યું કે મારી પાસે અઘોરી શક્તિ છે મારી મૃત્યુ નજીક હોય મસાણ નજીક જમીનમાં અબજો રૂપીયાના હીરા માણેક સોનું દેખાતું હોય મારે તને આપી ને મરવું છે. તેના માટે તાંત્રિક વિધિ કરવી પડશે. જેથી જે તે વખતે મે આરોપીને કહ્યું કે આજના જમાનામાં આવું શક્ય



નથી ત્યારે આરોપીએ જણાવેલ કે મને અઘોરી ઉપર વિશ્વાસ છે જે જરૂર કરી આપશે પણ સોનાની વસ્તુ રૂપિયા આપવા પડશે તેમ કહી વિશ્વાસમાં લીધા હતા. થોડાક દિવસ બાદ ફોન કરીને કહ્યું કે અઘોરી બાબા આવેલ છે. તે મને બેસાડીને પ્રભાસપાટણ રોડ ઉપર દરગાહમાં લઈ ગયા ત્યારે અઘોરી બાબા મળેલ હતાં. તેમને હિન્દીમાં કહેલ કે તુમારા સબ કામ હો જાએગા આરીફભાઈ જેસા બોલે વેસા કરના હે, જેથી વૃધ્ધાને વિશ્વાસ બેસી ગયો. બે દિવસ બાદ અઘોરી વિધિ કરવાની સામગ્રી મંગાવેલ તેમાં રોકડા રૂા.૨૫ લાખ તેમજ સોનાના ત્રણ નાગ ૧૧૫ ગ્રામના બનાવવાનું જણાવ્યું હતું.

ત્યાર બાદ બીજા બે નાગ ૧૧,૯૫,૦૦૦ના થોડા દિવસો બાદ અઘોરી બાબાએ એક ખોડીયાર માતાની મુર્તિ શ્રૂંગારમાં ચેઈન, બુટી, વીંટી, પેડલ સોનાના તથા ચાંદીના સાકળા, થાળી ચડાવવાની છે. આ વિધિ મસાણે કરવાની છે. અઘોરી બાબા હવન કરશે હું તમને બોલાવું એટલે આવી જાજો એટલે સોનાના ચરૂ, હીરા, માણેક જમીનમાંથી નિકળશે. જેમાં આપણા બન્નેનો ભાગ રહેશે. ૨૦૨૪ થી ૨૦૨૫ સુધી રૂા.૭૬,૬૬,૬૪૫ તાંત્રિક વિધિના બહાને પડાવી લીધા હતા. ઘણા દિવસો વીતી ગયા તેનો ફોન ન આવતા શંકા જતા ફોન કરતા આરોપી આરીફ ઉર્ફે ભુરો અલગ અલગ બહાના બતાવતો હોય જેથી રોકડા રૂપિયા દાગીના પરત આપવાનું કહેતા તે એકદમ ઉશ્કેરાઈ જઈને કહેલ કે જો હવે મને ફોન કરતો તો ટાંટિયા તોડી, આંતેડા બહાર કાઢી આપી દઈશ, બધુ ભુલી જજો તમને કંઈ મળશે નહીં, તારાથી થાય તે કરી લેજે. તેમ કહેતા તેણે પોલીસમાં જાણ કરતા વેરાવળ પોલીસે ઉનાના આરીફ ગફાર ઉર્ફે ભુરો વરીયાલી અને અમોદ્રાના તાંત્રિક વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં જમીન પચાવી પાડવા મામલે 6 સામે લેન્ડગ્રેબિંગનો ગુનો

## ગુના બાદ પાંચમાં આરોપીની પણ અટકાયત કરાઇ

**જામનગર**

જામનગરમાં રણજીત સાગર રોડ પર આવેલી સરકારી ખરાબાની કિંમતી જમીનના ખોટા નકશા અને દસ્તાવેજો બનાવી લઈ તેના 66 પ્લોટ પાડી વેચી નાખવાનું કારસ્તાન કરનારા 6 શખ્સો સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે અગાઉ ચાર આરોપીઓને ઝડપી લીધા બાદ આજે પાંચમા આરોપીની ધરપકડ કરી છે.

જામનગરમાં રણજીત સાગર રોડ પર આવેલી સરકારી ખરાબાની જમીન કે જે 8,586 ચોરસ મીટર છે, અને તેની હાલ બજાર કિંમત બે કરોડ 80 લાખ થવા જાય છે. જે જમીન પચાવી પાડનારા ૬ આરોપીઓ જામનગરમાં રહેતા મનસુખ રતીલાલ ભટ્ટી, આમદભાઈ ઉમરભાઈ ખફી, નુરમામદ ઉર્ફે ખોડુભાઈ દાઉદભાઈ ચાવડા, રાજેશ કાંતીલાલ મારૂ, યજ્ઞેશ રતિલાલ રાણપરીયા અને જગદિશ ગણેશભાઈ ચોવટીયા સામે ગુન્હો નોંધવામાં આવ્યો હતો.

# ભાક્ષીમાં પ્રેમ સંબંધમાં કૌટુંબિક ભત્રીજીને ભગાડનારા યુવકની હત્યા, 3ની ધરપકડ

## પ્રેમસંબંધથી મનદુઃખ રાખી પટ્ટા-દોરીથી ફટકારતાં યુવકને જીવલેણ ઈજા થઇ હતી

**રાજુલા**

જિલ્લાના રાજુલા તાલુકાના ભાક્ષી ગામે પ્રેમ સંબંધના મામલે કરુણ અંજામ આવ્યો છે. પોતાની જ કૌટુંબિક ભત્રીજીને ભગાડી જનાર યુવક પર જૂની અદાવત રાખીને જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મૃતક દિનેશ સોલંકીને પોતાના જ કુટુંબની એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. અંદાજે એકાદ વર્ષ પહેલા દિનેશ આ યુવતીને ભગાડી ગયો હતો. જે વાતનો ખાર રાખીને યુવતીના પરિવારજનો તેની શોધમાં હતા. જો કે એક દિવસ આ યુવક અંગેની ભાળ મળતા યુવતીનાં પરિવારના લોકોએ તેના પર હુમલાનું ષડયંત્ર રચ્યું હતું. ચારેક દિવસ પહેલા દિનેશ સોલંકી ભાક્ષી ગામે પોતાના ખેતરમાં સૂતો હતો. તે સમયે અચાનક ત્રણ શખસો ત્યાં ધસી આવ્યા હતા અને સૂતેલા દિનેશ પર હિંસક હુમલો કર્યો હતો. હુમલાખોરોએ પટ્ટા અને દોરી વડે દિનેશને અસહ્ય માર માર્યો હતો. હુમલામાં ગંભીર ઈજાઓ થતાં દિનેશને તાત્કાલિક અમરેલી ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન દિનેશ સોલંકીનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.

યુવકના મોત બાદ આ કેસ હવે હત્યામાં પલટાયો છે. રાજુલા પોલીસે આ મામલે ત્રણ શખસો સામે હત્યાનો ગુનો નોંધીને તેમને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# જેતપુર-રાજકોટ હાઈ-વે ઉપર રબારીકા ચોકડી પાસે કાર-બાઈક વચ્ચે ટક્કર, દાદા-પૌત્રનાં મોત

## સૂર્ય મંદિરે દર્શનાર્થે જતા હતા ત્યારે કાળ આંબી ગયો, અકસ્માત બાદ કાર ચાલક ફરાર

**જેતપુર**

જેતપુર-રાજકોટ નેશનલ હાઈવે પર રબારીકા ચોકડી નજીક આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બેફામ ઝડપે આવતી કારે બાઈકને હડફેટે લેતા બાઈક સવાર દાદા અને માસૂમ પૌત્રના કરૂણ મોત નીપજ્યા હતા. દર્શનાર્થે જતા સમયે જ કાળ આંબી જતા પરિવારમાં ભારે આક્રંદ છવાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર સરધારપુર ગામે રહેતા ૫૫ વર્ષીય બચુભાઈ લાલુ તેમના ૧૧ વર્ષીય પૌત્ર હરદીપ લાલુ સાથે બાઈક પર ધારેશ્વર સૂર્ય મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા, તે દરમિયાન જેતપુરની રબારીકા ચોકડી પાસે એક કાર ચાલકે તેમના બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. કારની ટક્કર વાગતા જ ૧૧ વર્ષીય માસૂમ હરદીપનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક બચુભાઈ લાલુ હવામાં ફંગોળાઈને સીધા પુલ નીચે ખાબક્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા બચુભાઈને તાત્કાલિક સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરતાં દાદા-પૌત્રની ચિરવિદાયથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. અકસ્માતની જાણ થતાં જ ઉદ્યોગનગર પોલીસ મથકનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી, અકસ્માત સર્જીને નાસી છૂટેલા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધવાની અને સીસીટીવી ફુટેજ સહિતની વધુ તપાસ હાથ ધરી છે.

# ભચાઉમાં દિનદહાડે ફાયરિંગ કરાયું પારિવારિક અદાવતમાં વૃદ્ધની હત્યા

## ખાલી કારતૂસ અને તલવારની ખાલી મ્યાન મળી આવી

**ભચાઉ**

ભચાઉના વોંધ ઓવરબ્રિજ પાસે આજે જનજીવન ધમધમી રહ્યું હતું, ત્યારે અજાણ્યા શખ્સોએ વોંધ ગામના રહેવાસી 70 વર્ષીય હરગોવિંદભાઈ સાધુ પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ વૃદ્ધ પર સીધું ફાયરિંગ કરતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. ધોળા દિવસે થયેલા આ હત્યાકાંડને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. બનાવની જાણ થતાં જ ભચાઉ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. તપાસ દરમિયાન સ્થળ પરથી એક રાઉન્ડ ખાલી કારતૂસ અને તલવારની ખાલી મ્યાન મળી આવી છે. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી તેને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. આ અંગે ભચાઉ પીઆઈ ડી.ડી. ઝાલાએ જણાવ્યું હતું કે, "પ્રાથમિક દ્રષ્ટિએ આ બનાવ અંગત પારિવારિક અદાવતનું પરિણામ જણાય છે. ગુનો નોંધવાની તજવીજ ચાલુ છે આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# ભુજમાં જેલમાંથી છૂટેલા યુવકે કાર પર ઘાતક હથિયાર સાથે કેક કટિંગ કરતાં ફરી ઝડપાયો

**ભુજ**

ભુજના વાલ્મીકિનગર વિસ્તારમાં રહેતા પારસ રમેશગર ગુંસાઈ નામના શખ્સે ગઈકાલે રાત્રે પોતાના જન્મદિવસની ઉજવણીનો એક વીડિયો ઈન્સ્ટાગ્રામ પર વાયરલ કર્યો હતો. આ વીડિયોમાં તે કારના બોનેટ પર કેક કાપી રહ્યો હતો અને સાથે જ બિયરના ટીન તથા પાઈપ જેવા ઘાતક હથિયાર સાથે પ્રદર્શન કરી રહ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા જ એક્શન મોડમાં આવેલી સ્થાનિક ગુન્હાશોધક શાખાના પીએસઆઈ એમ.એચ. શિણોલ અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી લોટસ કોલોની વિસ્તારમાંથી આરોપી પારસ ગુંસાઈને ઝડપી પાડ્યો હતો.

# હાપા વિસ્તારમાં માતા-સંતાનો ઉપર છરીથી હુમલો : પાડોશી 3 ભાઈ સામે પોલીસ ફરિયાદ

## મોબાઈલ ફોનમાં ગાળો ન બોલવા કહેતા ઉશ્કેરાઈ જતાં ઝઘડો થયો

**જામનગર**

જામનગર શહેરના હાપા વિસ્તારમાં સામાન્ય બોલાચાલી મામલે ઉગ્ર ઝઘડો સર્જાતા એક મહિલા અને તેણીના પુત્ર તેમજ પુત્રીને માર મારી ઈજા પહોંચવાના બનાવમાં પોલીસે ત્રણ આરોપી ભાઈઓ સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદી નીતુબેન વાલજીભાઈ રાઠોડ (ઉ.વ.40), રહે. હાપા જવાહરનગર-1 દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, તા.12/04/2026ના બપોરે તેઓ પોતાના મકાન બહાર બેઠેલા હતા ત્યારે પાડોશમાં રહેતો આરોપી મુકેશ ગોહીલ મોબાઈલમાં અશ્લીલ ગાળો બોલતો હતો. તેને ગાળો ન બોલવા કહેતાં મુકેશ ઉશ્કેરાઈ જઈ બોલાચાલી કરી ઝઘડો કર્યો અને ફરિયાદીના ડાબા હાથની ટચલી આંગળીમાં બટકું ભરી ઈજા પહોંચાડી, જેમાં 6થી 7 ટાંકા લેવા પડ્યા હતા.

ફરિયાદી નિતુબેનને બચાવવા તેમના ભાઈ ભાવેશભાઈ અને માતા રામીબેન વચ્ચે પડતાં આરોપી મુકેશના અન્ય ભાઈઓ કૌશિક ઉર્ફે કાળુ ગોહીલ અને બીપીન ગરોડા પણ સ્થળ પર આવી જોડાયા હતા. આ દરમિયાન કૌશિકે છરી જેવા હથિયારથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં ફરિયાદીની માતા રામીબેનને હાથમાં ઈજા પહોંચી હતી.

# જામનગરમાં કાર પાર્કિંગ મુદ્દે બે પાડોશી વચ્ચે તકરાર યુવાન વિરુદ્ધ ગુનો નોંધાયો

**જામનગર**

જામનગરમાં કાર પાર્કિંગ બાબતે બે પાડોશી વચ્ચેનો વિવાદ થતાં તલવાર સાથે ધમકી આપવાની ઘટના સામે આવી છે. ફરિયાદી રાજન દિવ્યેશકુમાર જાની, રહે. આનંદ સોસાયટી, નવાગામ ઘેડ, પોતાના ઘરે સુતા હતા તે દરમિયાન પાડોશી યોગેશ બારોટ સાથે કાર પાર્કિંગ મુદ્દે વિવાદ થયો હતો. ફરિયાદી દ્વારા પોતાના પ્લોટમાં કાર પાર્ક કરવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. આરોપી યોગેશ બારોટ ફરીયાદીના ઘર બહાર આવી ભુંડી ગાળો બોલી તલવાર લઈને આવ્યો હતો અને ફરીયાદીના લોખંડના દરવાજા પર ઘા કર્યો હતો. તેમજ કાચની બોટલો ફોડી ફરીયાદીના ફળીયામાં ફેંકી ભયનું વાતાવરણ સર્જ્યું હતું.



## હૃતિકે નવી એક્શન ફિલ્મની તૈયારી શરૂ કરી

મુંબઇ : હૃતિક રોશનની ‘ક્રિશ ફોર’ ફરી અટકી પડી છે. આ વખતે એવું નક્કી થયું હતું કે હૃતિક ખુદ મુખ્ય ભૂમિકા ભજવવાની સાથે સાથે ફિલ્મનું દિગ્દર્શન પણ સંભાળશે. પ્રોજેક્ટ સાથે સહનિર્માતા તરીકે આદિત્ય ચોપરા જોડાવાનો હતો. જોકે, આદિત્ય ચોપરાએ બજેટથી માંડીને સ્ક્રિપ્ટ સુધીની દરેક બાબતમાં બહુ દખલ કરતાં આ પ્રોજેક્ટ આગળ વધી શક્યો નથી. હૃતિકે હવે નવેસરથી એક એક્શન ફિલ્મ પર ફોક્સ કર્યું છે. આ ફિલ્મ રાકેશ રોશન પોતાનાં બેનર હેઠળ જ બનાવશે. કહેવાય છે કે હૃતિક પાસે હાલ ખાસ કોઈ પ્રોજેક્ટ નથી અને તે ‘ક્રિશ ફોર’ શરુ થવાની રાહમાં બહુ લાંબા સમય સુધી રાહ જોઈ શકે તેમ નથી.

## દીપિકા - રણવીર ફરી માતા-પિતા બનવા તૈયાર



મુંબઈ: દીપિકા પાદુકોણ 40 વર્ષની વયે બીજીવાર માતા બનવાની છે. દીપિકા તથા રણવીરે આજે તેઓ બીજીવાર માતાપિતા બની રહ્યાંની સત્તાવાર જાહેરાત કરકી હતી.દીપિકાએ દુઆના ફોટા સાથે પોઝિટિવ રિઝલ્ટ દર્શાવતી પ્રેગનન્સી ટેસ્ટ કિટનો ફોટો મૂકીને આ જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે દુઆ હજુ દોઢ વર્ષની જ થઈ છે. બોલિવુડ વર્તુળોમાં છેલ્લા કેટલાય સમયથી દીપિકા અને રણવીરનાં લગ્નજીવનમાં વિખવાદ ચાલી રહ્યો હોવાનું ચર્ચાતું હતું. રણવીરની તાજેતરની ફિલ્મ ‘ધુરંધર’ સુપરહિટ બની છતાં દીપિકાએ તે વિશે એક શબ્દ પણ નહિ ઉચ્ચારતાં આ અફવાઓને વધુ બળ મળ્યું હતું. તે વચ્ચે દીપિકા અને રણવીરે તેઓ બીજીવાર માતા-પિતા બની રહ્યાં હોવાની જાહેરાતથી તેમના ચાહકોએ સાનંદાશ્ચર્ય અનુભવ્યું હતું. તેમનાં લગ્નજીવનમાં હાલ બધું સમુસુતરું છે અને તેઓ બીજાં બાળકનાં પેરેન્ટસ બની રહ્યાં છે.

## અલ્લુ અર્જુન રાકાના શૂટિંગ માટે મુંબઈ શિફ્ટ થશે




મુંબઈ: અલ્લુ અર્જુન એટલીની આગામી ફિલ્મ ‘રાકા’ના શૂટિંગ માટે આગામી બે-ત્રણ વર્ષ સુધી મુંબઈ જ શિફ્ટ થઈ જાય તેવી સંભાવના છે. આ ફિલ્મના અન્ય કલાકારો દીપિકા પાદુકોણ, જાહ્નવી કપૂર, મૃણાલ ઠાકુર પણ મુંબઈમાં જ હોવાથી અલ્લુએ જાતે એડજેસ્ટ થવાનું નક્કી કર્યું છે. એટલી પણ મોટાભાગનું શૂટિંગ મુંબઈમાં જ કરવાનો છે. અલ્લુએ હૈદરાબાદ અવરજવરમાં તેનો બહુ સમય વેડફાય નહિ તે માટે આ નિર્ણય કર્યો હોવાનું કહેવાય છે. ફિલ્મમાં અલ્લુ અર્જુન ટ્રીપલ રોલમાં હોવાની ચર્ચા છે. આથી, અન્ય કલાકારોનો સ્ક્રીન ટાઈમ ઓછો હશે પરંતુ બધાને અલ્લુ સાથે સ્ક્રીન શેર કરવાની છે. આથી સેટ પર અલ્લુની હાજરીની સતત જરુર પડે તેમ છે. આ ફિલ્મ આશરે ૭૦૦ કરોડનું બજેટ ધરાવતી હોવાનું કહેવાય છે. આ વર્ષના અંત સુધીમાં મોટાભાગનું શૂટિંગ પતાવી દેવાનો એટલીનો ઈરાદો છે.



# મેદાન છોડીને નાસી જવાનું મારા સ્વભાવમાં જ નથી : રાણી મુખર્જી

### બોલિવુડમાં પોતાની પ્રતિભાને જોરે ત્રણ દાયકા પુરા કરનારી રાણીની કારકિર્દી અનોખી બની રહી છે.

રાણી મુખર્જી કહે છે, ‘ફિલ્મ ઉદ્યોગ સાથે મારો નાતો લવ મેરેજનો નહીં, પણ માતાપિતા દ્વારા ગોઠવવામાં આવેલાં એરેન્જ મેરેજ સમાન રહ્યો છે. મને એક્ટિંગ પ્રતિ કોઈ લવ એટ ફર્સ્ટ સાઈટ નહોતો. પણ હું ધીમે ધીમે કામ કરતાં કરતાં અભિનયના પ્રેમમાં પડી છું.’

ખતરનાક ક્રાઈમ કરતા ગુનેગારો સામે રણચંડી બનતી મહિલા પોલીસ અધિકારી તરીકેની એની ‘મર્દાની’ સિરીઝની ફિલ્મો ખાસ્સી પોપ્યુલર બની છે. ‘મર્દાની-થ્રી’ પણ સફળ નીવડી છે. આજે જ્યારે એનિમલ અને ધુરંધર જેવી આલ્ફા મેલની કથા કહેતી હિંસક ફિલ્મોની બોલબાલા હોય ત્યારે નારીઓની વાત મક્કમતાથી રજૂ કરનારી રાણી કહે છે, સિનેમામાં આજની નારીનું પ્રતિનિધિત્વ કરવું એ મોટી જવાબદારી છે. જ્યારે કારકિર્દીની પસંદગીની વાત હોય કે પડદાં પર પાત્રની રજૂઆત હોય હું કદી ચીલાચાલુ પ્રવાહને અનુસરતી નથી. જ્યારે મારી પાસે કોઈ સ્ક્રિપ્ટ આવે ત્યારે તે વાંચી હું તેનો દિલથી પ્રતિભાવ આપું છું. તેમાં કોઈ ગણતરીઓ કે બાંધછોડની વાત હોતી નથી. ફિલ્મ કેટલા કરોડની કમાણી કરે છે તેના કરતાં મને મારી સ્ટોરી દ્વારા સમાજમાં શું ફરક પડશે તે જાણવામાં વધારે રસ હોય છે. જ્યારે મને કોઈ પાત્ર પ્રેરિત કરે ત્યારે હું તેના ભણી આકર્ષણ અનુભવું છું. મને તે ભજવવાની એક ઉત્તેજના હોય છે. હું આપોઆપ કુદરતી રીતે તેની લાગણીઓ વ્યક્ત કરવા માંડું છું. આમ હું અને તે પાત્ર એક જ બની રહીએ છીએ. મારા માટે બ્લેક, હિચકી અને મિસિસ ચેટર્જી વર્સીસ નોર્વે ફિલ્મોની ભૂમિકાઓ પડકારભરી બની રહી છે.

૧૯૯૬માં પોતાની કારકિર્દીની શરૂઆત કરનારી રાણીએ મજબૂત મહિલા પાત્રો ભજવવા પર હંમેશા પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જોકે, ઘણીવાર તેણે નનૈયો સાંભળવાનો કે ટીકા સાંભળવાનો વારો પણ આવ્યો છે. આ મામલે રાણી કહે છે, મને ટીકા કે નનૈયાની કોઈ અસર થતી નથી એમ કહું તો તે ખોટું છે. પણ હું તેને હકારાત્મક નજરે જોઉ છું. કોઈ મારા કામની રચનાત્મક ટીકા કરે તો તે મારા માટે આત્મવિશ્લેષણ કરવાનો માર્ગ બની રહે છે. જીવનમાં સફળતા જેટલું જ મહત્વ નિષ્ફળતાનું પણ છે. કેમ કે નિષ્ફળતા મળી હોય તો જ સફળતાનું મૂલ્ય સમજાય છે. જે ફિલ્મ ઉદ્યોગમાં દરેક નવી ફિલ્મ રજૂ થવા સાથે તમારું તકદીર પણ બદલાઈ જતું હોય ત્યાં ભલભલાની ધીરજની કસોટી થઈ જતી હોય છે. રાણી કહે છે, મને મારી કારકિર્દીના કોઈ તબક્કે એક્ટિંગ છોડી દેવાનો વિચાર જ આવ્યો નથી. હું મેદાન છોડીને ભાગવામાં માનતી જ નથી. તમને સારું કામ કરવાની ઈચ્છા થતી રહે તે મહત્ત્વની બાબત છે. તમારે સતત ઉત્તમ કામગીરી બજાવવી જોઈએ અને સતત નવું નવું કરતાં રહેવું જોઈએ. સ્વભાવે હું ગરમ મિજાજની અને ગમે તે ભોગે કામ પુરૂ કરવામાં માનનારી છું. આમ, મેદાન છોડી નાસવાનું મારા સ્વભાવમાં જ નથી.

> ‘તમને સારું કામ કરવાની ઇચ્છા થતી રહે તે મહત્ત્વની બાબત છે. તમારે સતત ઉત્તમ કામગીરી બજાવવી જોઇએ અને સતત નવું નવું કરતાં રહેવું જોઇએ...’

થોડાં ગણતરીના ફિલ્મ પત્રકારો એક્ટરનું કામ પ્રમાણતા હોય ત્યાંથી માંડી સોશ્યલ મિડિયા પર રોજ થતી ધમાલ જેવા ફિલ્મલાઈનના વિવિધ તબક્કાઓની સાક્ષી બનેલી રાણી આ મામલે ફિલોસોફિકલ અભિગમ ધરાવે છે. રાણી કહે છે, હું પોતે બોલવાને બદલે મારા કામને બોલવા દેવામાં માનું છું. સોશ્યલ મિડિયાથી દૂર રહેવાનું આ પણ એક મોટું કારણ છે.

રાણી કહે છે, અમુક ચોક્કસ બાબતોને બધા સાથે શેર કરવાનું મને ફાવતું નથી. પણ આ આજની વાત છે. આવતીકાલે મારું વલણ બદલાય પણ ખરું અને હું સોશ્યલ મિડિયા પર આવું પણ ખરી.

## ‘જન નાયકન’ બાદ હવે રજનીકાંતની ફિલ્મ ‘જેલર 2’ થઈ લીક!

થલાપતિ વિજયની ફિલ્મ ‘જન નાયકન’ના ઓનલાઈન લીક થયા બાદ આખી ઈન્ડસ્ટ્રીએ તેના વિરૂદ્ધ અવાજ ઉઠાવ્યો અને આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહીની માગ કરી. હજુ ‘જન નાયકન’ની રિલીઝનો મામલો ઠંડો નથી પડ્યો ત્યાં હવે રજનીકાંતની ‘જેલર 2’ના હજુ પણ ઓનલાઈન લીક થયાના સમાચાર સામે આવી રહ્યા છે. રજનીકાંતની મચ અવેટેડ આગામી ફિલ્મ ‘જેલર 2’ની એક વીડિયો ક્લિપ ઓનલાઈન પ્રસારિત થઈ રહી છે. ત્યારબાદ પ્રોડક્શન હાઉસ સન પિક્ચર્સે ફેન્સ સહિત તમામને આકરી કાર્યવાહીની ચેતવણી જાહેર કરી છે. આ વીડિયો ‘જેલર 2’ના સેટ પર શૂટ કરાયાની જાણ થઈ છે. વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ફેન્સ સહિત અનેક લોકોએ તેને દૂર




કરતા પહેલા જ શેર કરી દીધા. સન પિક્ચર્સના પ્રવક્તાએ પ્રેસને એક નિવેદન આપતા કહ્યું કે, ‘અમે તમને જણાવવા માગીએ છીએ કે ફિલ્મ ‘જેલર 2’ના સેટથી એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહી છે. અમારી એન્ટી-પાયરેસી ટીમ સ્થિતિ પર સક્રિય રીતે નજર રાખી રહી છે અને તેને હટાવવા માટે જરૂરી કાર્યવાહી કરશે. જેમાં આ ક્લિપને શેર કરવા કે પ્રોત્સાહન આપનારા એકાઉન્ટ્સ વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરવાનું પણ સામેલ છે.’ ફિલ્મના પ્રોડક્શન હાઉસે ફેન્સને ક્લિપ શેર ના કરવાની ચેતવણી આપતા લખ્યું છે કે, ‘અમે મીડિયા અને ફેન ક્લબના સભ્યોથી નિવેદન કરીએ છીએ કે તેઓ આ વીડિયોનો ઉપયોગ, શેર કે રિપોસ્ટ કરવાથી બચે. જેથી તેના એકાઉન્ટ્સ પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ ના લાગે.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### ક્લાઈમેટ ચેન્જના 'ડેન્જર સિગ્નલ' સાથે 40 કરોડ લોકોને માથે સંકટ

# ભારતમાં કાળઝાળ ગરમી અને દુષ્કાળના ડાકલા



ભારતમાં એપ્રિલ મહિનામાં કાળઝાળ ગરમી પડી રહી છે અને હજી તો મે મહિનો આવવાનો બાકી છે ત્યાં લોકોની હાલત કફોડી થઈ રહી છે. દિવસ દરમિયાન અને ખાસ કરીને બપોરે તો અતિશય ગરમી હોય છે. તેમાંય ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ કે ઉત્તર પ્રદેશમાં તો બપોરે ૪૦ ડિગ્રીની આસપાસ ગરમી પહોંચી રહી છે. જાણકારોના મતે ભારતમાં ગરમીની જે સમસ્યા છે તે ખરેખર તો વકરી રહી છે. ભારતમાં સાંજ પડતાની સાથે જ ગરમીની સમસ્યાનો અંત આવી જાય છે તેવું નથી. દેશના મોટાભાગના રાજ્યોમાં સૂર્ય આથમ્યા બાદ પણ કાળઝાળ ગરમીમાંથી છુટકારો મળતો નથી.

ભારતમાં દિવસ કરતાં રાત્રિ સરેરાશ વધારે ગરમ થઈ રહી છે. મહારાષ્ટ્ર અને તેલંગણાને બાદ કરતાં દેશના મોટાભાગના રાજ્યોમાં દિવસ કરતાં રાત્રિનું સરેરાશ તાપમાન વધારે આવી રહ્યું છે. જાણકારોના મતે છેલ્લાં કેટલાક વર્ષોથી સતત દિવસ કરતાં રાત્રિના તાપમાનમાં મોટાપાયે વધારો થઈ રહ્યો છે. તેમ છતાં તંત્ર દ્વારા કે લોકો દ્વારા રાત્રિના વધી રહેલા તાપમાન તરફ ઓછું ધ્યાન આપવામાં આવી રહ્યું છે કે તેના અંગે ગંભીરતા દાખવવામાં આવી રહી નથી. દિવસ દરમિયાન પણ ભારતના રાજ્યોનું તાપમાન ભયાનક સ્તરે વધેલું છે. ઘણા વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રી પહોંચવા આવ્યો છે.

મે મહિના સુધીમાં અનેક શહેરોનું તાપમાન સરેરાશ ૪ થી ૮ ડિગ્રી વધી જવાની શક્યતા વચ્ચે મહારાષ્ટ્ર, છત્તીસગઢ, યુપી, ઓડિશા, તેલંગણા, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, ઝારખંડ જેવા રાજ્યોમાં હીટવેવ એલર્ટ અપાયું છે. અમરાવતી, વર્ધા, નાગપુર, દિલ્હી સહિતના અનેક શહેરોમાં તાપમાન બે દિવસમાં જ ત્રણથી ચાર ડિગ્રી વધી જતાં લોકોને અસહ્ય ગરમીનો અનુભવ થયો હતો.

ઉત્તર પ્રદેશના બાંદામાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રી નોંધાયો હતો. મધ્ય પ્રદેશનું નર્મદાપુરમ્ ૪૩ ડિગ્રીથી શેકાયું હતું. છત્તીસગઢમાં આકરી ગરમીના કારણે શાળાઓમાં ૧૧ દિવસની રજા આપી દેવામાં આવી છે. મધ્ય પ્રદેશના ઘણા જિલ્લાઓમાં બપોરને બદલે શાળાઓનો સમય સવારે કરી દેવાયો છે અને સમય પણ ઘટાડાયો છે. ચિંતાજનક બાબત એવી પણ છે કે, વિશ્વના અસહ્ય ગરમ ૫૦ સ્થળોમાં ૨૦ શહેરો ભારતના છે. ઉનાળામાં સરેરાશ તાપમાનની રીતે ૩૭ ડિગ્રી સાથે ચીનના યુન્નાન પ્રાંતનું જિંગહોંગ શહેર પહેલા નંબરે છે. તે પછી બીજા નંબરે ૩૬ ડિગ્રી સાથે ઓડિશાનું બ્લાંગિર આવે છે. વિયેતનામનું સોન લા ત્રીજું છે, તો વળી ચોથા અને પાંચમા ક્રમે ભારતના મહારાષ્ટ્રનું ચંદ્રપુર અને છત્તીસગઢનું રાયપુર છે. એ પછીના ક્રમે પણ મહારાષ્ટ્રનું ગડચાંદૂર, છત્તીસગઢનું મહાસમુંદ, બિહારનું સાસારામ, છત્તીસગઢનું ભીલાઈ, તેલંગણાનું કોથાપેટ, છત્તીસગઢનું બિલાસપુર જેવાં શહેરો પણ આવે છે. દેશમાં છેલ્લા કેટલાક સમયથી મોસમનો મિજાજ બદલાયેલો છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

વારંવાર વાતાવરણમાં પલટો આવ્યા કરે છે. માર્ચ મહિનામાં વ્યાપક વાવાઝોડું અને માવઠું આવી ગયા તો તેની પહેલાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો જ નહીં. જાણકારો માને છે કે, આ વખતે ક્લાઈમેટ ચેન્જના કારણે ઋતુચક્રને જે અસર થઈ છે અને કુદરતી ફેરફારો આવી રહ્યા છે તેના પગલે ચોમાસું ખેંચાવાની અને ગરમી લંબાવાની પૂરતી શક્યતાઓ દેખાઈ રહી છે.

હવામાન ખાતાના મતે એપ્રિલથી જૂન મહિના સુધી પૂર્વ ભારત, મધ્ય ભારત, ઉત્તર-પશ્ચિમ ભારત અને દક્ષિણ-પૂર્વ ભારતમાં હીટવેવની સ્થિતિ રહેવાની છે. અહીંયા સરેરાશ ૪૨થી ૪૫ ડિગ્રી તાપમાન રહેશે. તે ઉપરાંત મે મહિનામાં તો ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૪૫ ડિગ્રીને વટાવી જવાની અને ૪૮ ડિગ્રી સુધી પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે. બીજી તરફ પૂર્વ ભારત, ઉત્તર-પૂર્વ, ઉત્તર-પશ્ચિમ ભારતના રાજ્યોમાં દિવસ દરમિયાન તો અસહ્ય ગરમી પડશે પણ રાત્રિ દરમિયાન લોકોને ગરમીથી રાહત નહીં મળે.

આકાશમાંથી જાણે કે આગ વરસતી હોય તેવી ગરમી પડશે અને દેશના અંદાજે ૪૦ કરોડથી વધારે લોકોને મુશ્કેલી પડવાની શક્યતાઓ જોવાઈ રહી છે. ચિંતાજનક બાબત એ છે કે આ વખતે હીટડોમ્સ અને અલ નિનોની અસરને પગલે ગરમી જૂન મહિના સુધી ખેંચાશે તેમ દેખાઈ રહ્યું છે. આ ઉપરાંત વરસાદ પણ ખેંચાશે અને જુલાઈ દરમિયાન વરસાદ પડશે. આ સિવાય સરેરાશ વરસાદનું પ્રમાણ પણ ઘટી જાય તેમ છે. જાણકારો માને છે કે, ક્લાઈમેટ ચેન્જને પગલે મે અને જૂનમાં અસહ્ય ગરમી અને સાથે સાથે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના વાવાઝોડાની અસર વચ્ચેથી પસાર થવું પડશે. તેના કારણે ગરમી અને બફારામાં વધારો થશે. હીટડોમ્સ અને અલ નિનોના કારણે વરસાદ પણ ૯૦ ટકાની આસપાસ પડે તેવી ભીતિ છે. કેટલાક વિસ્તારોમાં તો સરેરાશ વરસાદ ૯૦ ટકાથી ઓછો થવાની અને દુકાળની સ્થિતિ સર્જાવાની શક્યતા છે. ખાનગી અને સરકારી હવામાન એજન્સીઓના મતે આ વખતે ગરમી અને દુકાળની સ્થિતિ વધારે જોવા મળી રહી છે. સાથે જ અનેક વિસ્તારમાં સામાન્ય વરસાદ થવાની શક્યતાઓ માત્ર ૨૦ ટકા રહી છે.

આ વખતે ભયાનક ગરમીની સાથે સાથે પ્રદૂષણને કારણે પણ સ્થિતિ ખરાબ થઈ શકે છે. દિલ્હી અને એનસીઆર તથા આસપાસના પ્રદેશોમાં હવાની ગુણવત્તા ખરાબ છે અને આગામી સમયમાં વધારે થઈ શકે છે. તે ઉપરાંત ગ્રેટર નોઈડા અને ગાઝિયાબાદની પણ આવી જ સ્થિતિ છે. વધતી ગરમી અને ઓછી હવાનું દબાણ ધરાવતા સ્થિર વાતાવરણના કારણે પ્રદૂષણના કારકો પણ નીચે જ રહે છે અને ગરમી વધવા લાગે છે. જો હવા સ્થિર જ રહેશે અને તેનું દબાણ નહીં વધે તો મે અને જૂન મહિનામાં ગરમીનો પારો અને સૂકા વાતાવરણની સ્થિતિ વધુ આકરી થઈ જશે. બીજી બાજુ આ વખતે હીટ ડોમ્સ અને અલ નિનોને પગલે ગરમી વધારે અને વરસાદ ઓછો થવાની શક્યતાઓ છે. મે અને જૂનના અંત સુધી અસહ્ય ગરમી પડવાના વરતારા છે. બીજી તરફ વરસાદનું અનુમાન પણ બદલાયું છે. આ વખતે કેટલાક વિસ્તારોમાં દુકાળની સ્થિતિ સર્જાવાની શક્યતાઓ પણ ૩૦ ટકા વધુ માનવામાં આવી રહી છે. જો આ સ્થિતિ સર્જાય તો દેશના ૫૧ ટકા ખેત ઉત્પાદનને પણ અસર થવાની શક્યતા છે. વરસાદ ભારતીય અર્થતંત્રનો આધાર છે. કૃષિ મંત્રાલયના અંદાજ પ્રમાણે ૫૧ ટકા ખેતી અને ૪૦ ટકા ખેત પેદાશોના ઉદ્યોગો વરસાદ ઉપર જ આધારિત છે. દેશની ૪૭ ટકા વસતીની રોજગારી અને આજીવિકા ખેતી સાથે જોડાયેલી છે. જો વરસાદમાં ઘટાડો થયો તો ગ્રામ્ય વિસ્તારોને નુકસાન જશે. તે ઉપરાંત ખાદ્યાન્નનું ઉત્પાદન ઘટશે તો તેના ભાવ વધશે.

સરેરાશ મોંઘવારીમાં વધારો થશે. ચિંતાજનક બાબત એ છે કે, અલ નિનોની અસર અંગે ૨૦૨૩માં જે ધારણા બાંધવામાં આવી હતી તેમાંથી ૯૩ ટકા પૂર્વાનુમાન સાચાં પડ્યાં હતાં. તેના પગલે જ ૨૦૨૬ની સ્થિતિ અંગે ચિંતા વધી રહી છે. ગરમીમાં થઈ રહેલો અસહ્ય વધારો કે ઠંડીમાં થઈ રહેલો ઘટાડો ક્લાઈમેટ ચેન્જની સાથે સાથે માનવ ભૂલોનું પણ પરિણામ છે. વિકાસની આંધળી દોટમાં જંગલો અને ખેતરોનું નિકંદન કાઢીને વિશાળ શહેરો વિકસાવવામાં આવ્યા છે. બીજી તરફ શહેરોમાં અને નગરોમાં મોટી સંખ્યામાં સ્કાયસ્ક્રેપર્સનો જમાવડો કરી દેવામાં આવ્યો છે. કોંક્રિટના આ જંગલોના કારણે જમીન ગરમ રહેવા લાગી, જમીનની નીચે રહેલી ગરમી ઉપર આવીને જમીન ઉપર જ અટકી જાય છે. ગરમી જમીનને સમાંતર ફર્યા કરે છે અને તાપમાનમાં વધારો થાય છે.

**ભારતમાં હીટડોમ્સ અને અલ-નિનોની ઘાતક અસર સાથે અનેક રાજ્યોમાં તાપમાનનો પાર 40ને પાર થઈ ગયો, હજી જૂન સુધી આકાશમાંથી અગનગોળા વરસવાનો વર્તારો છે અને ચોમાસું ખેંચાવાની અને સરેરાશ વરસાદ ઘટવાની ભીતિ**

# હેલ્થ માટે કયા ચોખા હેલ્ધી? લાલ, કાળા, બ્રાઉન કે સફેદ?



સફેદ, બ્રાઉન, લાલ અને કાળા ચોખા વચ્ચેનો તફાવત. ડાયાબિટીસ અને હૃદયરોગ માટે કયા ચોખા (ખાસ કરીને લાલ અને કાળા) વધુ હિતકારી છે તેની માહિતી. ચોખાએ ભારતીય આહારનો એક અભિન્ન હિસ્સો છે, પરંતુ જ્યારે સ્વાસ્થ્યની વાત આવે છે, ત્યારે અવારનવાર પ્રશ્ન થાય છે કે કયા ચોખા ખાવા જોઈએ? બજારમાં સફેદ, બ્રાઉન, લાલ અને કાળા એમ અનેક પ્રકારના ચોખા ઉપલબ્ધ છે. દરેકનાં પોષકતત્ત્વો અને ફાયદા અલગ-અલગ હોય છે. આજે જાણીશું કે સ્વાસ્થ્ય માટે કયા ચોખા શ્રેષ્ઠ છે.

### સફેદ ચોખા

સફેદ ચોખા સૌથી વધુ લોકપ્રિય છે, પરંતુ પોષણની દૃષ્ટિએ તે સૌથી પાછળ છે. તેને પ્રોસેસિંગ દરમિયાન તેના ઉપરના પડ દૂર કરવામાં આવે છે, જેના કારણે તેમાં ફાઈબર અને વિટામિન્સની કમી સર્જાય છે. તે કાર્બોહાઈડ્રેટનો સારો સ્રોત છે અને ઝડપથી પચી જાય છે, પરંતુ તેનો ગ્લાયસેમિક ઈન્ડેક્સ ઊંચો હોવાથી બ્લડ સુગર ઝડપથી વધારે છે.

### બ્રાઉન ચોખા

સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત લોકો માટે બ્રાઉન ચોખા પ્રથમ પસંદગી છે. આ ચોખા આખું અનાજ છે, કારણ કે તેમાં માત્ર બહારનું ફોતરું દૂર કરવામાં આવે છે. એમાં રહેલા ફાયદાની વાત કરીએ તો તેમાં પુષ્કળ પ્રમાણમાં ફાઈબર, મેગ્નેશિયમ અને સેલેનિયમ હોય છે. તે હૃદયરોગનું જોખમ ઓછું કરવામાં મદદરૂપ છે. વજન નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

### લાલ ચોખા

લાલ ચોખા તેના લાલ રંગના `એન્થોસાયનીન' નામના એન્ટિઓક્સિડન્ટને કારણે જાણીતા છે. તેમાં આયર્ન અને ઝિંક ભરપૂર માત્રામાં હોય છે.લાલ ચોખા ઈન્સ્યુલિનના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે, તેથી ડાયાબિટીસના દર્દીઓ માટે તે સફેદ ચોખા કરતાં ઘણા સારા છે. તે હાડકાંના સ્વાસ્થ્ય માટે પણ ઉત્તમ છે.

### કાળા ચોખા

કાળા ચોખાને `ફોરબિડન રાઈસ' પણ કહેવામાં આવે છે. પ્રાચીન સમયમાં તે માત્ર રાજવી પરિવારો દ્વારા જ ખાવામાં આવતા હતા. કાળા ચોખામાં બ્લૂબેરી કરતાં પણ વધુ એન્ટિઓક્સિડન્ટ હોય છે. લીવરના સ્વાસ્થ્ય માટે પણ તે શ્રેષ્ઠ છે.



## ઠંડું પાણી કે પીણાં પીવાથી તરસ કેમ નથી મટતી?

ગરમીના દિવસોમાં આપણે વારંવાર ઠંડું પાણી, કોલ્ડ્રિંક્સ કે આઈસવાળાં પીણાં પીતા હોઈએ છીએ. ગળામાં તરત ઠંડક અનુભવાય છે અને થોડીવાર માટે રાહત મળે છે, પરંતુ થોડા જ સમયમાં ફરી તરસ લાગે છે. આ પરિસ્થિતિ માત્ર અનુભવ નથી તે પાછળ સ્પષ્ટ વૈજ્ઞાનિક કારણો છે.

### તરસનું વિજ્ઞાન: શરીર શું કહે છે?

તરસ ત્યારે લાગે છે જ્યારે શરીરમાં પાણીની માત્રા ઘટે, લોહી વધુ ગાઢ બને, મગજનું થર્સ્ટ સેન્ટર સક્રિય થાય. તરસ એ માત્ર ગળાનું સુકાન નથી, પરંતુ આખા શરીરના પાણીના સંતુલન સાથે જોડાયેલી પ્રક્રિયા છે.

### ઠંડું પીવાથી કેમ નથી મટતી તરસ?

ખૂબ ઠંડું પીણું ગળાની નસોને ઠંડક આપે છે. મગજને ખોટો સંદેશ મળે છે કે `તરસ મટી ગઈ', પરંતુ શરીરમાં પાણીની ઊણપ યથાવત્ રહે છે. જ્યારે તમે ખૂબ ઠંડું પાણી પીવો છો, શરીર તેને ગરમ કરવા માટે ઊર્જા ખર્ચે છે. આંતરિક તાપમાનનું સંતુલન ખલેલ પામે છે, પરિણામે શરીર ફરી પાણી માંગે છે, ફરી તરસ લાગે છે.

### વધુ સુગર = વધુ તરસ

કોલ્ડ્રિંક્સ, પેકેજ્ડ જ્યૂસમાં વધારે ખાંડ ક્યારેક કેફીન સુગર લોહીમાં વધે છે. શરીર તેને સંતુલિત કરવા વધુ પાણી માંગે છે એટલે જેટલું પીવો તેટલી તરસ વધે. કોફી, કોલ્ડ્રિંક્સમાં રહેલું કેફીન મૂત્ર વધુ બનાવે છે, શરીરમાંથી પાણી બહાર કાઢે છે, આથી ડિહાઈડ્રેશન વધી શકે છે.

### પાચન પ્રક્રિયા પર અસર

ખૂબ ઠંડું પાણી પાચન અગ્નિ ધીમો કરે છે, ખોરાક પચવામાં વિલંબ થાય છે. શરીર અસ્વસ્થ અનુભવે છે અને તરસ/ભૂખનાં સિગ્નલમાં ગરબડ થાય છે. ઠંડું પીણું શરૂઆતમાં ઠંડક આપે છે, પછી મોઢાની લાળ ઘટે છે. ડ્રાય માઉથ-ફરી તરસ લાગે.

### સાચું હાઈડ્રેશન શું છે?

સાચું હાઈડ્રેશન એટલે શરીરમાં પાણી + ઈલેક્ટ્રોલાઈટ્સનું સંતુલન. કોષો સુધી પાણી પહોંચવું. ગરમીમાં શ્રેષ્ઠ પીણાં માટલાનું પાણી કુદરતી રીતે ઠંડું મિનરલ બેલેન્સ જાળવે છે. છાશ એ પાચન સુધારે સોડિયમ-પોટેશિયમ આપે છે. લીંબુપાણી અને મીઠું જેમાં વિટામિન સી તથા ઈલેક્ટ્રોલાઈટ્સ રહેલાં છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room, Located in downtown Huntsville. Absentee owner, Employees run for last 3 years.
Owner operator can make more money

- 78 Room Hotel Ramada Inn – SOLD
- 12 Room Motel and Restaurant in Manitulin Island – SOLD
- 17 Room Motel near Chattham – SOLD
- 12 Room Motel in Blind River – Sold Conditional
- 21 Room Motel with Restaurant in Muskoka – Sold Conditional
- 54 Room Resort in 1000 Islands on 7 acres land – Sold Conditional

43 Room Motel with 241 Pizza Restaurant with Building in Cochrane – $4.5M
Renovated Rooms, Situalted on 6 Acres of the commercial land right on Trans Canada Hwy 11. Access land can be used for further development or many more uses
Plus 2 Apartments for manager and staff - Both businesses are money making and running through the staff. Absentee Owner – ideal for owner operator.

15 Room Motel + 1 Apt – Nr Sudbury - $999K
All Rooms recently renovated + Restaurant & Bar (closed) renovated. Indoor corridor. Easy one man opeation. Money making motel with NO competition. Year round business

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel in Sault Ste Mari - $1.8M
Renovated Rooms, Spent thousands of dollar
Owners retiering

Now licensed to work in ALBERTA as well
Motels coming up for Sale in 2026
65 Room Hotel near Calgary - $5.5M
22 Room Motel, 4 BR House near Edmonton - $799,000

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest) Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

### લોકનૃત્યો, સુરીલા ભજનો અને નોન-સ્ટોપ બોલીવુડ ગીતો સાથે હાસ્ય કથાઓએ જમાવ્યું આકર્ષણ

# સિનિયર ક્લબનું સંમેલન : ભક્તિ, શ્રદ્ધાંજલિ, સંસ્કૃતિનો સંગમ










બ્રામ્પ્ટન- બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર ક્લબના ૧૨ એપ્રિલ ૨૦૨૬ના માસિક પ્રોગ્રામની શરૂઆત સમૂહ પ્રાર્થના અને ભજનથી કરાઈ હતી. સંસ્થાના સભ્ય સુધાબેન પટેલનું દુઃખદ અવસાન થયું હોય, સર્વે સભ્યોએ બે મિનિટ મૌન પાળી અને ઈશ્વરભાઈ પટેલે ભજન ગાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ હસમુખભાઈ પટેલે સર્વે સભ્યોને આવકારી અને જૂન અને ઓગસ્ટ માસના પિકનિકના આયોજનની જાણ કરી હતી. આ બાબતે સભ્યો પાસેથી સલાહ-સૂચન અથવા માહિતી આપવા પણ જણાવ્યું હતું. વધુમાં સંસ્થાની નાણાકીય હિસાબની માહિતી અને અન્ય સલાહ-સૂચનો આપ્યા હતા. કલાવતીબેન મિસ્ત્રીએ દેશ-વિદેશના મુખ્ય સમાચાર વાંચી સંભળાવ્યા હતા. કાંતિભાઈ મિસ્ત્રીએ નાસાના સફળતાપૂર્વક પૂરા થયેલા પ્રોજેક્ટ આર્ટીમિસ-II વિશે સૌને સમજ પડે એ પ્રમાણે વિસ્તારપૂર્વક

### રાધા-કૃષ્ણના આધ્યાત્મિક પ્રેમની કથાએ સૌને મંત્રમુગ્ધ કર્યા : ડૉ. પ્રધુમ્ન ભટ્ટે રાધા-કૃષ્ણના અનન્ય પ્રેમ અને કૃષ્ણની વાંસળીના ત્યાગની કરુણ સભર ગાથા વર્ણવી, સભ્યોના જન્મદિવસ-લગ્નતિથિની વધામણી અને નવા સભ્યોનું ઉષ્માભર્યું સ્વાગત

માહિતીની રજૂઆત કરી હતી. રાધાકૃષ્ણના દૈવી, આધ્યાત્મિક અને ભક્તિથી આત્માનું પરમાત્મા સાથે મિલન સાધનાર પ્રેમનું વર્ણન કરતા ડૉ. પ્રધુમ્ન ભટ્ટે જણાવ્યું હતું કે, કૃષ્ણની વાંસળીના સૂર સાંભળી પાણી ભરવાને બહાને માથે બેડું લઈ દોડી આવતી રાધા કૃષ્ણની સમીપ બેસતી, ત્યારે અન્ય ગોપીઓ નાચવામાં મશગૂલ રહેતી. રાક્ષસોના નાશ માટે વૃંદાવન છોડી મથુરા દોડી જનાર કૃષ્ણે રાધાને પાછા ફરવાનું વચન આપી રુક્મિણી સાથે લગ્ન કરી લીધા પણ પાછા ફર્યા નહીં, તેથી રાધાએ લાંબા સમય સુધી આધ્યાત્મિક વિરહ અનુભવ્યો હતો. જો કે, તે કૃષ્ણભક્તિમાં મગ્ન રહી હતી. પોતાનો શાશ્વત જીવનસાથી રાધા માટે તરસતા કૃષ્ણે રાધાની અંતિમ ઈચ્છા પૂરી કરવા વાંસળીના મધુર સૂર રેલાવ્યા હતા, જેમાં લીન થઈ જઈ રાધાએ દેહત્યાગ કર્યો હતો. એનું દુઃખ સહન ન થતાં કૃષ્ણે વાંસળીને તોડી ઝાડીમાં ફેંકી દીધી હતી. તે બાદ જીવનભર સુધી કૃષ્ણે વાંસળી કે અન્ય વાજિંત્ર વગાડ્યું ન હતું અને એકવાર કહ્યું કે મારા નામની આગળ રાધાનું નામ બોલનાર ભક્તની વાણી સાંભળી મારું મન પ્રસન્ન થાય છે. ડૉ. પ્રધુમ્ન ભટ્ટની રજૂઆત બાદ વર્ષાબેન અને અરુણભાઈ, ચંચલબેન, મયુરીબેન, કલાવતીબેન, રાજેશ્વરીબેન અને પુષ્પાબેન મૈસૂરિયાના નૃત્યોની સુંદર પ્રસ્તુતિ થઈ હતી. સાથે પદ્માબેન અને મોહનભાઈના ભજનો અને અનિલભાઈ અને ઈશ્વરભાઈના નોન-સ્ટોપ બોલીવુડ ગીતોની રજૂઆતની સૌએ ભરપૂર મજા માણી હતી. રજનીકાંતભાઈ પુરોહિતે હાસ્ય કથાની રમૂજી રજૂઆત કરી હતી. ફરીથી ડૉ. પ્રધુમ્ન ભટ્ટે રમૂજી વાસ્તવિક ટુચકા રજૂ કરી સૌને મોજથી હસાવી દીધા હતા. સભ્યોના જન્મ દિવસ અને લગ્નતિથિની ઉજવણી બાદ નવા સભ્યો હિતેન્દ્રસિંહ ઠાકોર અને હેમલતાબેન ઠાકોરનો પરિચય કરાવાયો હતો. બાદમાં કાંતિભાઈએ સર્વે સભ્યોનો પ્રોગ્રામમાં હાજર રહેવા બદલ આભાર માન્યો હતો. કાર્યક્રમને અંતે સ્વાદિષ્ટ ભોજન આરોગી, આવતા મહિને ફરી મળીશું કહી અને સૌ છૂટા પડ્યા હતા.

# કેનેડાની ચીન સાથે દોસ્તી અત્યંત ‘જોખમી’ સાબિત થશે : પૂર્વ રાજદ્વારી દ્વારા ચેતવણી

### વોશિંગ્ટન નારાજ થશે તો કેનેડાનો 75% વેપાર જોખમમાં મુકાશે

**ટોરોન્ટો**

યુએસ (અમેરિકા) સાથે વધતા તણાવ અને અનિશ્ચિતતા વચ્ચે ભૂતપૂર્વ કેનેડિયન રાજદ્વારી માઈકલ કોવરિગે કેનેડા દ્વારા ચીન સાથે ગાઢ વેપાર સંબંધો કેળવવા અંગે લાલબત્તી ધરી છે. તેમણે ચેતવણી આપી છે કે, આ વ્યૂહાત્મક ફેરફાર કેનેડાની આર્થિક સુરક્ષા માટે નોંધપાત્ર જોખમો ઊભા કરી શકે છે. ઓટાવામાં ‘ફ્યુચર ઓફ બિઝનેસ સમિટ’માં મંગળવારે બોલતા કોવરિગે જણાવ્યું હતું કે, ઓટાવાની નવી ચીન વ્યૂહરચના એક “જોખમી રમત” છે. કોવરિગ લાંબા સમયથી ચીન વિશ્લેષક રહ્યા છે અને હુઆવેઈના સીએફઓ મેંગ વાન્ઝોઉની અટકાયતના બદલામાં બેઈજિંગ દ્વારા ૧,૦૦૦થી વધુ દિવસો સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું કે, વોશિંગ્ટન આ પગલાને હકારાત્મક રીતે જોશે નહીં, જે વેપાર વાટાઘાટોને જોખમમાં મૂકી શકે છે. તેમણે યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિક દ્વારા વડાપ્રધાન માર્ક કાર્નેના ચીન સાથેના સોદાની કરવામાં આવેલી ટીકા તરફ ધ્યાન દોર્યું હતું. આ સોદામાં મર્યાદિત સંખ્યામાં ચાઈનીઝ ઈલેક્ટ્રિક વાહનોની આયાતનો સમાવેશ થાય છે. મૂળભૂત સમસ્યા એ છે કે, ચીન, યુએસ સાથેની આપણી મોટાભાગની સમસ્યાઓનો ઉકેલ નથી,” તેમ કોવરિગે કેનેડિયન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત કાર્યક્રમમાં જણાવ્યું હતું.

# પ્રજાના રોષ આગળ ઝૂકી ઓન્ટેરિયો સરકાર, ખાનગી જેટ સોદો રદ કર્યો

» પ્રીમિયર ફોર્ડે સ્વીકાર્યું કે લોકોને આ ખરીદી પસંદ નથી, હું મારો નિર્ણય બદલવા તૈયાર

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડે સોમવારે પત્રકારોને જણાવ્યું હતું કે, દેશમાં કોઈની પણ તેમના કરતાં વધુ તપાસ કરવામાં આવતી નથી. રવિવારે જેટની ખરીદીના નિર્ણય પર ઝડપથી પીછેહઠ કરતા પહેલા તેમણે $28.9 મિલિયનના ખાનગી જેટ ખરીદવા માટે તેમની સરકારના તર્કને સમજાવ્યો હતો. ઓટ્ટાવામાં એક કાર્યક્રમમાં બોલતા ફોર્ડે કહ્યું કે, તેમણે “લોકો પાસેથી મોટેથી અને સ્પષ્ટ” સાંભળ્યું છે કે પ્રાંત માટે વિમાન ખરીદવાનો આ યોગ્ય સમય નથી. હું એવો પ્રીમિયર છું જે લોકોની વાત સાંભળે છે, અને જો તેમને કંઈક પસંદ ન હોય, તો હું મારો વિચાર બદલવામાં શરમાતો નથી. ત્યારબાદ ફોર્ડે કહ્યું કે, તેઓ “મીડિયાની અસંગતતા”થી “ચિંતિત” છે. તેમણે આરોપ લગાવ્યો કે, ફેડરલ સરકારના છ નવા ‘ગ્લોબલ 6500 જેટ’ માટેના $753 મિલિયનના કરાર અથવા ક્યુબેકે બે નવા ‘ચેલેન્જર 650 જેટ’ માટે ચૂકવેલા $107 મિલિયનની સમાન તપાસ કરવામાં આવી નથી. આ દેશમાં કોઈની પણ મારા કરતાં વધુ ચકાસણી કરવામાં આવી નથી. હું તે સ્વીકારવા તૈયાર છું.

# મેક્સિકોના પિરામિડ ઉપર ગોળીબારની ઘટના : કેનેડિયન મહિલાનું કરૂણ મોત

**મેક્સિકો**

મેક્સિકોના પ્રતિષ્ઠિત ટિયોતિહુઆકન પિરામિડમાં પ્રવાસીઓ પર ગોળીબાર કરનાર બંદૂકધારીએ આ હુમલાની યોજના બનાવી હતી અને એવી સામગ્રી પણ લઈ ગયો હતો, જે દેખીતી રીતે ૧૯૯૯માં કોલમ્બાઈન હાઈસ્કૂલમાં થયેલા ઘાતક ગોળીબાર સાથે સંબંધિત હતી, તેમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું. આ ગોળીબારમાં એક કેનેડિયન મહિલાનું મોત થયું હતું અને ૧૩ લોકો ઘાયલ થયા હતા. સોમવારે કોલોરાડોમાં થયેલા હત્યાકાંડની ૨૭મી વર્ષગાંઠ હતી. આ સમયે રાજધાનીની ઉત્તરે આવેલા પુરાતત્વીય સ્થળ પર ગોળીબારથી સાત લોકો ઘાયલ થયા હતા. ગોળીબાર શરૂ થયો ત્યારે કેટલાક લોકો પડી ગયા હતા, જેમાં કેટલાક પિરામિડ પર ચઢી રહ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, એકલા હાથે કામ કરનારા હુમલાખોરે ગોળી મારીને આત્મહત્યા કરી હતી અને સુરક્ષા અધિકારીઓને ઘટનાસ્થળેથી બંદૂક, છરી અને દારૂગોળો મળ્યો હતો.

મેક્સિકો ૨૦૨૬ ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ ટુર્નામેન્ટનું સહ-યજમાન બનશે, તેના બે મહિના કરતાં પણ ઓછા સમય પહેલા આ હુમલો થયો હતો.

# યુદ્ધની અસર : એર ટ્રાન્સેટ સહિતની કંપનીઓ સેંકડો ફ્લાઈટ્સ રદ કરશે

### જેટ ઇંધણના ભાવ ભડકે બળતા એર કેનેડા અને વેસ્ટજેટ પણ કાપ મૂકશે

**મોન્ટ્રીયલ**

ઈરાન યુદ્ધના કારણે જેટ ઈંધણના ભાવમાં ઘટાડો થવાથી એર ટ્રાન્સેટે 6% ફ્લાઈટ્સ ઘટાડી છે. મોન્ટ્રીયલ સ્થિત એરલાઈન એર ટ્રાન્સેટ મે અને ઓક્ટોબર વચ્ચે તેની ફ્લાઈટ્સમાં લગભગ છ ટકા ઘટાડો કરશે. કારણ કે, ઈરાનમાં યુદ્ધને કારણે વૈશ્વિક સ્તરે જેટ ઈંધણના ભાવમાં વધારો થયો છે. એર ટ્રાન્સેટ ૨૦ જૂનથી ૨૫ ઓક્ટોબર વચ્ચે ૧૨૯ ફ્લાઈટ્સ રદ કરી રહી છે, એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, “મોટાભાગની ક્ષમતામાં ઘટાડો ક્યુબાના લાંબા સમય સુધી સસ્પેન્શનને કારણે થયો છે.

એર ટ્રાન્સેટના પ્રમુખ અને સીઈઓ એનિક ગુએરાર્ડે જણાવ્યું હતું કે, દેશમાં ઈંધણ સંકટને કારણે ક્યુબા માટે ફ્લાઈટ્સનું ચાલુ સસ્પેન્શન ઓક્ટોબર સુધી લંબાવવામાં આવશે. એર ટ્રાન્સેટએ જણાવ્યું હતું કે ફ્લાઈટ કાપથી પ્રભાવિત મુસાફરોને વૈકલ્પિક મુસાફરી વિકલ્પો રજૂ કરવામાં આવી રહ્યા છે. “અમે માંગના આધારે અમારા કાર્યક્રમને ઑપ્ટિમાઈઝ કરવાનું ચાલુ રાખીશું, જે મજબૂત રહે છે. પરિસ્થિતિ આપણા નિયંત્રણની બહાર કેવી રીતે વિકસે છે તેના આધારે વધારાના પગલાં લાગુ કરી શકાય છે. આ મુખ્ય જળમાર્ગ વિશ્વના તેલ પુરવઠાના પાંચમા ભાગનો - દરરોજ ૨૦ મિલિયન બેરલ - હિસ્સો ધરાવે છે.

# અમદાવાદમાં મોબાઈલ સ્ટોરના મેનેજરે કંપનીને લાખોનો ચૂનો ચોપડતાં ફરિયાદ

## 82 હજારનો પ્રીમિયમ ફોન પણ ગાયબ, વારંવારની ઉઘરાણી છતાં નાણાં ન આપ્યા

**અમદાવાદ**

અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં આવેલી ખાનગી ટેલિકોમ કંપનીમાં સ્ટોર મેનેજર તરીકે ફરજ બજાવતા શખસે કંપની સાથે લાખો રૂપિયાની ઉચાપત કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, આરોપી વરુણ ચંદુભાઈ ગજેરા ખાનગી ટેલિકોમમાં સ્ટોર મેનેજર તરીકે કાર્યરત હતો અને રોકડ વ્યવહારો તેમજ વેચાણની જવાબદારી સંભાળતો હતો. ગત 28 જાન્યુઆરીના રોજ કંપનીના ઝોનલ સેલ્સ મેનેજર દ્વારા સ્ટોરનું ઓડિટ કરવામાં આવ્યું હતું, જેમાં મસમોટી ગેરરીતિઓ પકડાઈ હતી. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે, મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક એસેસરીઝના વેચાણ પેટે મળેલા રૂ.4.91 લાખ નિયમ મુજબ બીજા દિવસે કંપનીના બેંક ખાતામાં જમા કરાવવાના હતા, પરંતુ વરુણે આ રકમ જમા કરાવી નહોતી. આ ઉપરાંત, કંપનીના ઈન્ટરનલ ટ્રાન્સફરના 50,000 રૂપિયા પણ સગેવગે કરવામાં આવ્યા હોવાનું ઓડિટમાં જણાયું હતું. માત્ર રોકડ જ નહીં, પણ સ્ટોક વેરિફિકેશન દરમિયાન રૂ.82,900ની કિંમતનો એક સ્માર્ટફોન પણ ગાયબ હતો. રેકોર્ડ પર આ ફોન સ્ટોકમાં હોવાનું બતાવવામાં આવતું હતું, પરંતુ પ્રત્યક્ષ તપાસમાં તે મળ્યો નહોતો. આમ, કુલ મળીને રૂ.6.24 લાખની માતબર રકમ અને માલસામાનની ઉચાપત સામે આવી છે. કંપનીના ફાઈનાન્સ પ્રોફેશનલ મુકેશકુમાર મોહનદાસે ઘટના અંગે ફરિયાદ નોંધાવી છે.

# અમદાવાદના છારોડીમાં વૃદ્ધાની હત્યા મૃતદેહ સળગાવવાનો પ્રયાસ કરાયો

## બંધ મકાનમાંથી મળી આવ્યો મૃતદેહ, પોલીસનો કાફલો અને તપાસનો ધમધમાટ

**અમદાવાદ**

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં આવેલા છારોડી ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક 65 વર્ષીય વૃદ્ધ મહિલાની તેના જ ઘરમાં શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. છારોડી ગામમાં રહેતા 65 વર્ષીય મદીનાબાનુ કુરેશી નામના વૃદ્ધાના ઘરની બહાર મોડે સુધી તાળું જોવા મળતા ગ્રામજનોને શંકા ગઈ હતી. કોઈ અનિચ્છનીય બનાવની આશંકાએ ગ્રામજનોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. સાણંદ GIDC પોલીસની ટીમે ઘટનાસ્થળે પહોંચી ઘરનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો ત્યારે મદીનાબાનુનો લોહીલુહાણ દેહ મળી આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતા SOG, LCB અને FSLની ટીમો પણ તાત્કાલિક છારોડી ગામે દોડી આવી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે અજાણ્યા શખસોએ વૃદ્ધા પર કોઈ બોથડ પદાર્થ વડે હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતાર્યા હતા. હત્યારાઓએ પુરાવાનો નાશ કરવા માટે લાશને સળગાવવાનો પ્રયાસ કર્યો હોવાની આશંકા છે.

# મુંદ્રામાં પત્નીને જાણ કર્યા વગર પતિએ બીજા લગ્ન કરતાં વિવાદ

**ભુજ**

મુંદરા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, ફરિયાદી વનીતાબેન શર્માએ તેમના પતિ મનોજભાઈ મહાવીર શર્મા વિરુદ્ધ ગંભીર આક્ષેપો કર્યા હતા. વનીતાબેનના જણાવ્યા અનુસાર, મનોજભાઈ અવારનવાર નાની-નાની બાબતોમાં ઝઘડો કરી તેમની સાથે શારીરિક મારકૂટ કરતા હતા. તાજેતરમાં થયેલા વિવાદમાં પતિએ પત્નીને જોરથી ધક્કો મારતા માથાના ભાગે લોહી નીકળે તેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ફરિયાદમાં સૌથી ચોંકાવનારી વિગત એ સામે આવી કે, મનોજભાઈએ વનીતાબેન સાથેના લગ્ન સંબંધ ચાલુ હોવા છતાં અને કાયદેસરના કોઈ પણ પ્રકારના છૂટાછેડા લીધા વિના જ અન્ય સ્ત્રી સાથે બીજા લગ્ન કરી લીધા હતા. આ બાબતે જ્યારે પત્નીએ વિરોધ કર્યો ત્યારે પતિએ બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અન્યાય સામે વનીતાબેને જ્યારે તેમના સસરા મહાવીર જીતમલ શર્મા સાથે ટેલિફોનિક વાતચીત કરી રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે સસરાએ પણ પુત્રનો પક્ષ લઈ વનીતાબેનને ફોન પર જ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# શેરબજારમાં સુરતીઓ ટોચ ઉપર : એક્ટિવ રોકાણકારોની સંખ્યામાં સુરત દેશમાં મોખરે

## રાજ્યમાં એક્ટિવ ઇક્વિટી રોકાણકારોની સંખ્યામાં આઠ ગણો વધારો થયો

**અમદાવાદ**

વેપાર અને શેરબજાર ગુજરાતીઓની ઓળખ છે. NSE ના તાજેતરના અહેવાલ મુજબ, છેલ્લા એક દાયકામાં ગુજરાતના વ્યક્તિગત રોકાણકારોનું ઈક્વિટી ટર્નઓવર લગભગ છ ગણું વધી ગયું છે, જ્યારે રાજ્યમાં એક્ટિવ ઈક્વિટી રોકાણકારોની સંખ્યામાં આઠ ગણો વધારો થયો છે. ટર્નઓવરમાં વૃદ્ધિ દરની દ્રષ્ટિએ સુરત જિલ્લો સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે રહ્યો છે. જ્યારે એક્ટિવ રોકાણકારોની બાબતમાં અમદાવાદ જિલ્લો બીજા ક્રમે અને ટર્નઓવરમાં ત્રીજા ક્રમે રહ્યો છે.

NSE ના ડેટા મુજબ, નાણાકીય વર્ષ 2016 ના અંતે ગુજરાતમાં 6.1 લાખ એક્ટિવ રોકાણકારો હતા, જે નાણાકીય વર્ષ 2026 ના અંત સુધીમાં વધીને 46.1 લાખ થઈ ગયા છે. અહેવાલ મુજબ, ગુજરાતમાં એક્ટિવ રોકાણકારોનું ઈક્વિટી ટર્નઓવર FY16 માં રૂ. 3.5 લાખ કરોડ હતું, જે FY26 માં વધીને રૂ. 18.5 લાખ કરોડ થયું છે. જે રાજ્યમાં રિટેલ ટ્રેડિંગ પ્રવૃત્તિમાં આવેલો તીવ્ર ઉછાળો દર્શાવે છે. મુંબઈ સબર્બન અને બેંગલુરુ પછી ટર્નઓવરની દ્રષ્ટિએ અમદાવાદ દેશનું ત્રીજું સૌથી મોટું રિટેલ ટ્રેડિંગ સેન્ટર બન્યું હતું. અમદાવાદનું ટર્નઓવર FY16 માં રૂ. 1.3 લાખ કરોડ હતું જે વધીને FY26 માં રૂ. 6.1 લાખ કરોડ થયું હતું.

# વૃદ્ધોને લૂંટવા સાયબર માફિયાઓની માયાજાળ પોલીસની નિષ્ક્રિયતાના કારણે મૂડી જોખમમાં

**ગાંધીનગર**

ગુજરાતમાં વિતેલા 3 વર્ષથી સિનિયર સિટીઝનો અને મહિલાઓને ટાર્ગેટ કરીને પૈસા પડાવવાનું સાયબર ક્રાઈમ વધી રહ્યું છે. સિનિયર સિટીઝનોનો ડેટા સાયબર માફિયાઓ સુધી કઈ રીતે પહોંચે છે તે શોધવાની પોલીસની ત્રેવડ જણાતી નથી. ગુજરાત પોલીસે જ પાંચ વર્ષ પહેલા જ કરેલા આયોજનો પૂર્ણરૂપે અમલમાં મુકાય તો પણ સિનિયર સિટીઝનો સાથે આચરતા સાયબર ક્રાઈમના ગુનાઓ ઉપર અંકુશ આવી શકે તેમ છે. વર્ષ 2020-10ના નવ મહિનામાં બે દંપતિ સહિત નવ સિનિયર સિટીઝનોની હત્યાની ઘટના અમદાવાદમાં બની છે.

ગંભીર ગુનાખોરીના ઘટનાક્રમ વચ્ચે વર્ષ 2021માં તત્કાલિન ડીજીપી આશિષ ભાટિયાએ તમામ શહેરોના પોલીસ સ્ટેશનોને તેમના વિસ્તારમાં એકલા રહેતાં સિનિયર સિટીઝનોની યાદી બનાવવા તેમજ મહિલા પોલીસની શી ટીમને સિનિયર સિટીઝનોની નિયમીત મુલાકાત લેવાના આયોજનો કર્યાં હતાં. ગુજરાતમાં સરકારને સિનિયર સિટીઝનોની ચિંતા છે તેવી લાગણી સાથે 'પ્રોજેક્ટ નમન' અમલમાં મુકાયો હતો.

ગુજરાત સરકારની મોટી મોટી વાતોની માફક જ પ્રોજેક્ટ નમનમાં આદર સાથે અપનાપન બતાવીને સિનિયર સિટીઝનોના નામ, સરનામા, ઉંમર, પાડોશી, સંબંધીઓ, ડ્રાઈવર, દૂધવાળો કરિયાણું આપી જનાર કે છાપા નાખી જનાર ઉપરાંત મકાનમાલિક, ભાડૂઆત અને સિક્યુરિટી ગાર્ડની વિગતો નોંધવામાં આવતી હતી. ગુજરાત સરકારના ગૃહવિભાગ, પોલીસની વેબસાઈટ ઉપર સિનિયર સિટીઝનોની નોંધણી થાય છે પણ હવે કાળજી લેવાતી નથી એ કારણે જ સાયબર માફિયાઓ બેફામ બની રહ્યાં છે અને અમદાવાદ સહિત ગુજરાતના વૃધ્ધોની મરણમૂડી જોખમમાં આવી પડી છે.

# અમદાવાદ સિવિલમાં 3 દિવસમાં 3 અંગદાન, 11 લોકોને મળ્યું નવજીવન

**અમદાવાદ**

અમદાવાદમાં ત્રણ દિવસના ટૂંકા ગાળામાં 10 મહત્ત્વના અંગો અને એક પેશીના દાનથી કુલ 11 જરૂરિયાતમંદ દર્દીઓના જીવનમાં અંધકાર દૂર થઈ નવી આશાનો સંચાર થયો છે.

ગાંધીનગરના બહરાનભાઈ પંડિત વ્યવસાયે કડિયાકામ કરતા હતા. બહરાનભાઈ અચાનક ચક્કર આવતા પટકાયા અને અંતે બ્રેઈન ડેડ જાહેર થયા. આવી કપરી પરિસ્થિતિમાં પણ તેમના પત્ની સંગીતાબેને અપ્રતિમ સાહસ બતાવી અંગદાનનો નિર્ણય લીધો, જેના દ્વારા મળેલા એક લીવર અને બે કિડનીએ ત્રણ વ્યક્તિઓને મોતના મુખમાંથી બચાવ્યા છે. બીજો કિસ્સો આઈસીયુમાં સારવાર હેઠળના 42 વર્ષીય દર્દીના પરિવારે આલેખ્યો, જેમણે પોતાના અંગત સ્વજનના વિરહ વચ્ચે પણ એક લીવર, એક હૃદય અને બે કિડનીનું દાન આપીને ચાર જિંદગીઓને જીવનદાન આપ્યું હતું.

માનવતાના આ યજ્ઞમાં એક વિશેષ અને પ્રેરણાદાયી વળાંક ત્યારે આવ્યો જ્યારે નારોલના 45 વર્ષીય રિક્ષાચાલક પૂરણભાઈ દંતાણીને બ્રેઈન હેમરેજ બાદ બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા. પૂરણભાઈના પત્ની અલકાબેન અને તેમના પરિવારે લીવર તેમજ બે કિડનીનું દાન કરાયું હતું.

# યુવતીનું ગળું કાપનારા બે હેવાનને છેલ્લા શ્વાસ સુધીની સજા ફટકારાઈ

કચ્છ : ભુજના ચકચારી સાક્ષી ખાનિયાની હત્યાકેસમાં ભુજ કોર્ટે માત્ર ૮ મહિનામાં જ મોટો ચુકાદો આપી કોર્ટે બંને આરોપીઓને આજીવન કેદની સજાનો આદેશ આપ્યો છે. પ્રેમ પ્રકરણ મામલે સાક્ષી ખાનિયાને મોહિત સિદ્ધપુરા અને જયેશ ઠાકોર નામના બે શખ્સોએ ગત ૨૮ ઓગસ્ટના ૨૦૨૫ના રોજ ભુજની સંસ્કાર કોલેજની બહાર સરાજાહેરમાં છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધી હતી. જે મામલે ભુજમાં વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ જાવા મળ્યો હતો અને ભુજના છાત્રોએ કેન્ડલ સાથે રેલી યોજીને સાક્ષીને ન્યાય મળે તે માટે રેલી યોજી હતી. આ મામલે કોર્ટે આરોપી મોહિત સિદ્ધપુરા અને જયેશ ઠાકોરને કસૂરવાર ઠેરવ્યા છે અને બંને આરોપીઓને કોર્ટે આજીવન કારાવાસની સજા ફટકારી છે.

# ગુજરાત બનશે 'બિગ કેટ'નું ઘર : યોજના તૈયાર

## વાઘની વસ્તી વધારીને 10 સુધી લઈ જવાશે, ત્રણ વર્ષમાં બન્નીના ઘાસના મેદાનોમાં 50 ચિત્તા લાવવાનો ટાર્ગેટ

**ગાંધીનગર**

ગુજરાતના વન વિભાગે વાઘ, ચિત્તા અને દીપડા માટે અલગ કોરિડોર બનાવવાની મહત્વાકાંક્ષી યોજના તૈયાર કરી છે. વાઘ અને દીપડા માટેનો કોરિડોર ઉત્તર ગુજરાતના અરવલ્લીથી દક્ષિણ ગુજરાતના ડાંગ સુધી બનાવવાની દરખાસ્ત છે. જ્યારે ચિત્તા માટેનો કોરિડોર કચ્છ જિલ્લાના બન્ની ઘાસના મેદાનોમાં તૈયાર કરાશે. ગીર અભયારણ્યમાં એશિયાટિક સિંહો પહેલેથી જ સ્થાયી થયેલા છે. ઉપરાંત રાજ્યમાં ઘણા સમયથી વાઘ પણ વસવાટ કરી રહ્યો છે. રાજ્યના ઘણા વિસ્તારોમાં દીપડાઓની વસ્તી પહેલેથી જ નોંધપાત્ર પ્રમાણમાં છે. ચિત્તાના



આગમન સાથે ગુજરાત તમામ મુખ્ય બિગ કેટ્સ હોય તેવું પ્રથમ રાજ્ય બનશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, સિંહોની સાથે વાઘ, ચિત્તા અને દીપડા માટે પણ ગુજરાતને ઘર તરીકે વિકસાવવાનું વિઝન રાખ્યું છે. જે આ પ્રાણીઓ માટે કુદરતી રહેઠાણ બની શકે તેવા વિસ્તારોની ઓળખ કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા શિકારનો આધાર વધારવા તેમજ વૈજ્ઞાનિક સંરક્ષણ મોડેલ વિકસાવવા પર ભાર મૂકવામાં આવશે. વાઘ અને દીપડાનો કોરિડોર અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ અને વલસાડ જિલ્લાઓ સુધી લંબાશે. વાઘ અને દીપડાના આ કોરિડોરમાં શિકારના આધાર માટે આશરે 45,000 ટપકાંવાળા હરણ (ચીતલ) અને 3,000 સાબરની સંખ્યા સુનિશ્ચિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે જ રીતે, કચ્છ જિલ્લાના બન્ની ઘાસના મેદાનોમાં ચિત્તાના વસવાટ માટે મુખ્યત્વે કાળિયાર અને ચિંકારા સહિત 28,673 તૃણાહારી પ્રાણીઓ લાવવામાં આવશે.

# ચૂંટણી ટાણે જ ભાજપમાં જૂથવાદનો વિસ્ફોટ

## સોશિયલ મીડિયામાં મોરચો ખોલ્યો, વિપક્ષો ગેલમાં : મતદારો ઉમેદવારોને પ્રચાર કરતાં અટકાવી રહ્યાં છે

**અમદાવાદ**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આ વખતે ભાજપને ટિકિટનો કકળાટ નડી શકે છે. અસંતોષ એટલી હદે ભભૂકી રહ્યો છે કે, જો આજ પરિસ્થિતિ રહી તો, પરિણામ પર અસર પડી શકે છે. હાલ ઠેર ઠેર ભાજપનો વિરોધ થઈ રહ્યો છે, તેના પાછળ અસંતુષ્ટોનો હાથ હોય તેમ ખુદ ભાજપના નેતાઓ જ માની રહ્યા છે.

આ વખતે ટિકિટોની વહેચણીમાં સગાવાદ, પરિવારવાદ અને જૂથવાદ કામ કરી ગયું છે, પરિણામે સંનિષ્ઠ-પાયાના કાર્યકરોની ધરાર અવગણના થઈ છે. એટલું જ નહીં, અમુક સમાજને પણ પૂરતું પ્રતિનિધિત્વ મળી શક્યું નથી, જેના લીધે અસંતોષની જ્વાળા ભભૂકી છે જેને ઠારવામાં પ્રદેશ ભાજપની નેતાગીરી સફળ



રહી નથી. અમદાવાદથી માંડીને સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાત સુધી ભાજપ વિરોધનું ચિત્ર ઉપસ્યું છે. મતદારો ઉમેદવારોને પ્રચાર કરતાં અટકાવી રહ્યા છે. હુરિયો બોલાવી રહ્યા છે. ભાજપના ઉમેદવારોને જાહેરમાં સવાલ પૂછીને કામોનો હિસાબ માંગી રહ્યા છે, અત્યારે સોશિયલ મીડિયામાં ભાજપ વિરોધી માહોલ છવાયો છે. અસંતુષ્ટોના ઈશારે ભાજપ પર માછલાં ધોવાઈ રહ્યા છે. જે કામ વિપક્ષ કરી શક્યું નથી તે કામ અસંતુષ્ટો કરી રહ્યા છે, પરિણામે વિપક્ષ પણ મૂછમાં મલકાઈ રહ્યો છે કેમ કે, અસંતોષની આગ ઠારવવી મુશ્કેલ છે. એવું જાણવા મળ્યું છે કે, એક બાજુ, ઈન્ફ્લુએન્સરોને ભાજપ તરફી ચૂંટણી માહોલ બનાવવા ધૂમ રૂપિયા અપાઈ રહ્યા છે. તો બીજી બાજુ ખુદ મતદારો જ ઈન્ફ્લુએન્સર બનીને ભાજપને ભાંડી રહ્યા છે, જેની પાછળ અસંતુષ્ટોનો જ કાંકરીચાળો જવાબદાર છે. ભાજપને ડર છે કે, જો આ સ્થિતિમાં સુધારો નહીં આવે તો, વિપક્ષને લાભ થાય તો નવાઈ નહીં.

### દિલ્હીના નેતાઓ વગર ગુજરાત ભાજપની કસોટી! હાઈકમાન્ડ પાંચ રાજ્યોની ચૂંટણીમાં વ્યસ્ત, પ્રદેશ નેતાઓના ખભે ભાર

**સ્થાનિક સ્વરાજયની ચૂંટણીની જવાબદારી ગુજરાત ભાજપના ખભે નાંખી દેવાઈ છે. ભાજપના ટોચના નેતાઓ આસામ સહિત પાંચેય રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત થયાં છે જેના કારણે દિલ્હીથી ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ચૂંટણી પ્રચાર માટે ગુજરાત આવશે નહીં. માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મતદાન માટે અમદાવાદ આવે તેવી શક્યતા છે.આ વખતે તો ધારાસભ્યો, સાંસદોથી માંડીને પ્રદેશ નેતાઓને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જીતવાની જવાબદારી સોંપાઈ છે.**

### પૂર્વ સાંસદ કિરીટ પટેલની હાજરીમાં લોકોએ ભાજપના નેતાઓને તતડાવ્યા

અમદાવાદ : ઓઢવમાં ચૂંટણીમાં પ્રચાર કરવા આવેલા ભાજપના નેતાઓને લોકોએ તતડાવ્યા હતાં. ભાજપની ચૂંટણી સભામાં સ્થાનિકોએ પૂર્વ સાંસદ કિરીટ સોલંકી સામે રોષ ઠાલવ્યો હતો. પાંચ વર્ષથી ગાયબ થયેલા નેતાઓ સામે લોકો રોષે ભરાયા હતાં. સમસ્યાઓનું નિરાકરણ નહીં આવતા લોકોમાં આક્રોશ જાવા મળ્યો હતો. સ્થાનિકોએ સૂત્રોચ્ચાર અને બેનરો વડે વિરોધ કર્યો હતો. ચૂંટણી પ્રચારમાં આવેલા ભાજપના નેતાઓને



જનતાએ રોકડું પરખાવી દીધું હતું. શહેરના અનેક વિસ્તારોમાં ભાજપ ઉમેદવારોનો વિરોધ થઈ રહ્યો છે.

## પાંચ વર્ષમાં વોર્ડમાં નિષ્ક્રીય રહેલાં ભાજપના કેટલાક કોર્પોરેટરો સામેનો વિરોધ મતદાનમાં નડશે

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ-૨૦૨૧થી૨૦૨૬ની ગત ટર્મમા તેમના વોર્ડમાં ભાજપના કેટલાક કોર્પોરેટરો નિષ્ક્રીય રહયા હતા.આ પૈકી મોટાભાગનાને ભાજપે પડતા મુકયા છે.આમ છતાં ગત ટર્મમા નિષ્ક્રીય રહેલા કોર્પોરેટરોની નિષ્ક્રીયતા આ વખતે મતદાનમાં નડશે એવી સંભાવના વ્યકત કરાઈ રહી છે.બીજી તરફ ભાજપ હાઈકમાન્ડે કોઈપણ સંજોગોમા નવા ઉમેદવારોને પેનલ સાથે જીતાડવા કાર્યકરોને સુચના અપાઈ હોવાનુ આધારભૂતસૂત્રોમાંથી જાણવા મળ્યુ છે. મતદાનની તારીખ નજીક આવતી જાય છે તે સાથે ભાજપના પ્રચારમા જઈ રહેલા નેતાઓને પણ લોકોના વિરોધ કે રોષનો ભોગ બનવુ પડે છે. આ પાછળ ગત ટર્મમા ભાજપના કેટલાક નિષ્ક્રીય રહેલા કોર્પોરેટરો જવાબદાર હોવાનુ પ્રાથમિક તારણ સામે આવ્યુ છે.બોડકદેવ વોર્ડમાં ઉમેદવારોની જાહેરાત થઈ એ પહેલા પૂર્વ કોર્પોરેટર વાસંતી પટેલનો વિરોધ કરી સ્થાનિકોએ પાંચ વર્ષ કયાં હતા કહીને રાઉન્ડમાંથી ભગાડયા હતા.શહેરના પૂર્વ મેયર કિરીટ પરમારના ઠકકરબાપાનગર વોર્ડમાં લોકો દ્વારા રોડ ખોલવા મામલે ભાજપના મહિલા કોર્પોરેટરનો વિરોધ કરવામા આવ્યો હતો. નિકોલ વોર્ડમાં વરસાદી પાણીની સમસ્યા નહીં ઉકેલાતા દસ્કોઈના ધારાસભ્ય ઉપરાંત પૂર્વ કોર્પોરેટર બલદેવ પટેલ સહિત તમામનો ઉગ્ર વિરોધ કરી સ્થળ ઉપરથી ભગાડી દીધા હતા.

> **નવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પેનલ સાથે જીતાડવાની કાર્યકરોને સુચના અપાઈ**

## 'કોંગ્રેસ જીતશે તો એક રૂપિયો પણ ગ્રાન્ટ નહીં આપું', આણંદના સાંસદ મિતેશ પટેલના નિવેદનથી ખળભળાટ!

**આંકલાવ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર ચરમસીમાએ છે, ત્યારે આણંદના સાંસદ મિતેશ પટેલના એક નિવેદને રાજકીય વિવાદ છેડ્યો છે. આંકલાવમાં આયોજિત એક જાહેર સભામાં સાંસદે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે 'જો વિપક્ષના ઉમેદવારો જીતશે, તો તે વિસ્તારમાં વિકાસના કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવશે નહીં.' આંકલાવ ખાતે ભાજપની સભાને સંબોધતા સાંસદ મિતેશ પટેલે આક્રમક વલણ અપનાવ્યું હતું. તેમણે જનમેદની વચ્ચે જણાવ્યું હતું કે, 'જો આંકલાવ વિસ્તારમાં જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયતની એક પણ બેઠક પર કોંગ્રેસનો ઉમેદવાર વિજેતા બનશે, તો હું ત્યાં એક રૂપિયો પણ ગ્રાન્ટ તરીકે આપવા દઈશ નહીં.' નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં અપાયેલા આ નિવેદનથી સ્ટેજ પર હાજર નેતાઓ પણ ચોંકી ઉઠ્યા હતા. સાંસદની આ ખુલ્લી ચીમકીના કારણે મતદારોમાં અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. લોકશાહીમાં વિકાસના કામો પક્ષપાત વગર થવા જોઈએ, તેના બદલે ગ્રાન્ટ રોકી દેવાની વાતને વિરોધ પક્ષોએ વખોડી કાઢી છે. સાંસદના આ નિવેદન બાદ કોંગ્રેસે આકરી પ્રતિક્રિયા આપી છે. સ્થાનિક નેતાઓનું કહેવું છે કે, ગ્રાન્ટ એ જનતાના ટેક્સના પૈસા છે, કોઈ નેતાની અંગત મિલકત નથી. વિકાસના કામોમાં આ પ્રકારનું નિમ્ન કક્ષાનું રાજકારણ લાવવું એ પ્રજાના અધિકારો પર તરાપ મારવા સમાન છે.

> **કોંગ્રેસની પ્રતિક્રીયા : ગ્રાન્ટ જનતાના ટેક્સના પૈસામાંથી ફાળવાઈ છે, પાર્ટીના નહીં**

## સરસપુરમાં યુવકે ભાજપ કાર્યકરને લાફા ઝીંકી દીધા, હાથીજણમાં પણ ઉગ્ર વિરોધ

અમદાવાદ : શહેરના અનેક વિસ્તારોમાં વર્ષોથી વણઉકેલ્યા પ્રશ્નો અને નેતાઓની ગેરહાજરીને કારણે લોકોનો ગુસ્સો સાતમા આસમાને છે. આ રોષની સૌથી ગંભીર અસર સરસપુરના અશોક મિલની નવી ચાલીમાં જોવા મળી હતી. અહીં ઈન્ડિયા કોલોની વોર્ડની પેનલના સમર્થનમાં પ્રચાર કરવા ગયેલા ભાજપના 57 વર્ષીય કાર્યકર ધીરજભાઈ રાઠોડ અને અન્ય ઉમેદવારોને સ્થાનિક લોકોએ રોક્યા હતા. હસમુખ વોરા નામના વ્યક્તિએ 'અમારે ત્યાં પ્રચારમાં આવવાનું નથી' તેમ કહી કાર્યકરો સાથે ઝઘડો કર્યો હતો. મામલો એટલો બિચક્યો કે હસમુખ વોરાએ ધીરજભાઈનો કોલર પકડી તેમને બે-ત્રણ લાફા ઝીંકી દીધા હતા અને ધક્કો મારી નીચે પાડી દીધા હતા. આ હિંસક બનાવ અંગે શહેરકોટડા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. આજ પ્રકારે હાથીજણ વિસ્તારમાં પણ ઉમેદવારનો વિરોધ થયો હતો.

## અમદાવાદ ચૂંટણી: ગરબડ થશે તો ત્રણ મિનિટમાં પોલીસ પહોંચશે

**અમદાવાદ**

અમદાવાદમાં મતદાન દરમિયાન ટોળાંશાહી કે ગરબડ કરવાની કોશિષ કરવામાં આવશે તો 3 જ મિનિટમાં પોલીસની ટુકડીઓ પહોંચી જાય તેવી વ્યવસ્થા કરાઈ રહી છે. સીસીટીવી અને ડ્રોનથી સર્વેલન્સ કરવા માટે 150થી વધુ પોલીસ ટુકડીઓનું ક્રોસ પેટ્રોલિંગ ગોઠવાશે. એસઆરપી, સીઆરપીએફ અને આરએએફને સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તહેનાત કરાશે. અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એટીએસ અને પીસીબીની ટીમો ઝોનદીઠ વ્યૂહાત્મક રીતે કાર્યરત કરાશે. રવિવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. કુલ 48 વોર્ડમાંથી 192 નગરસેવકો ચૂંટી કાઢવા લોકશાહી ઢબે ચૂંટણી યોજાય તે માટે અમદાવાદ શહેર પોલીસે તૈયારીઓ આરંભી છે.

## સુરતમાં ભાજપ ઉમેદવારના હાથમાંથી માઈક છીનવી મતદારે માંગ્યો હિસાબ

સુરત : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને જારશોરથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે, ત્યારે ભાજપના ઉમેદવાર ચંદ્રિકાબેનના પ્રચાર કાર્યક્રમમાં સ્થાનિક બેખૌફ પોતાની વેદના વ્યક્ત કરી હતી.

સભા દરમિયાન એક સ્થાનિક નાગરિકે નેતા પાસેથી માઈક છીનવી લીધું હતું. નાગરિકે આક્ષેપ કર્યો હતો કે, રિઝર્વેશન માટે ૪૦ ટકા જગ્યા કપાત થવા છતાં પ્રકલ્પો હજુ સુધી સાકાર થયા નથી અને વધતી વસ્તી સામે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ કે ગાર્ડન જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે.

જાગૃત નાગરિકે ઉમેદવાર પાસે આ કામો પૂરા કરવાનું જાહેરમાં વચન માંગ્યું હતું. પરંતુ ઉમેદવાર પોતાની ખુરશી પરથી ઊભા પણ ન થયા. કોઈ ચોક્કસ ખાતરી ન આપતા લોકોમાં ભારે નારાજગી જાવા મળી હતી. ઉમેદવારનું આ વર્તન જાઈ લોકોમાં ભારે નારાજગી છે

## સુરતમાં ચૂંટણી ટાણે ભાજપ સંગઠન નબળું પડ્યું

સુરત : સુરત મહાનગરપાલિકાની ચૂંટણી પહેલાં ફરી એકવાર સુરત ભાજપનું સંગઠન નબળું સાબિત થતાં કેટલાક વિસ્તારોમાં ભાજપ બેકફૂટ પર આવી ગયું છે. કોટ વિસ્તાર અને સૌરાષ્ટ્રીયન બાહુલ્ય ધરાવતા વિસ્તારોમાં સામાન્ય મતદારોની સાથે કાર્યકરોનો પણ ભારે વિરોધ જાવા મળી રહ્યો છે. શહેર સંગઠન આ વિરોધને શાંત કરવામાં કે 'ડેમેજ કંટ્રોલ' કરવામાં નિષ્ફળ રહેતા હવે સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી, પુરુષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયા જેવા દિગ્ગજ નેતાઓએ મોરચો સંભાળવો પડ્યો છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે સુરતમાં મુખ્યમંત્રીની જાહેર સભાનું પણ આયોજન કરવું પડ્યું હતું. સુરત પાલિકાની ચૂંટણી પહેલાં ભાજપના ગઢ ગણાતા વિસ્તારોમાં જ પહેલીવાર આટલો પ્રબળ વિરોધ જાવા મળી રહ્યો છે, જેનું મુખ્ય કારણ શહેર ભાજપનું નબળું સંગઠન માનવામાં આવે છે.

## ઉમરેઠ બેઠક પર શાંતિપૂર્ણ માહોલમાં અંદાજિત 59 ટકા મતદાન; 6 ઉમેદવારોનું ભવિષ્ય EVMમાં કેદ

આણંદ જિલ્લામાં ઉમરેઠ વિધાનસભા બેઠક પરની પેટાચૂંટણીમાં મતદાન સવારે ૭:૦૦ વાગ્યે શરૂ થયું હતું અને સુવ્યવસ્થિત અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું. પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના અવસાન બાદ ખાલી પડેલી આ બેઠક માટે પેટાચૂંટણી યોજવામાં આવી હતી. ઉમરેઠ બેઠક પર સાંજે ૭:૦૦ વાગ્યા સુધી અપલોડ કરાયેલા ડેટા મુજબ અંદાજિત 59 ટકા મતદાન નોંધાયું હતું. . ઉમરેઠ વિધાનસભા બેઠક પરની પેટાચૂંટણીના મેદાનમાં કુલ 6 ઉમેદવારો હતા, જેમનું રાજકીય ભવિષ્ય ઈવીએમમાં કેદ થયું હતું. ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં શહેરી વિસ્તારમાં ૬૮ મતદાન મથકો અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૮ મતદાન મથકો મળી કુલ ૩૦૬ મતદાન મથકો સજ્જ કરવામાં આવ્યા હતા.

# ઉત્તરાખંડમાં મોટી દુર્ઘટના, તેહરીમાં પિકઅપ વાન ઊંડી ખીણમાં ખાબકતા આઠના મોત, રેસ્ક્યૂ શરૂ

## ચંબા પોલીસ અને એડીઆરએફની ટીમે ઘટના સ્થળ પર જઇને 2 લોકોને બચાવી લીધા

**તેહરી**

ઉત્તરાખંડમાં આજે મોટી દુર્ઘટના સર્જાઈ છે. ઉત્તરાખંડના તેહરીમાં પિકઅપ વાન ઊંડી ખીણમાં ખાબકી ગઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં ૮ લોકોના મોત થઈ ગયા છે અને બે લોકો ઘાયલ થયા હોવાની માહિતી મળી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુરુવારે બપોરે ડાયલ 112ના માધ્યમથી સૂચના મળી હતી કે, ચંબા પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં ચંબા-કોટી નેઈલ રોડ પર એક વાહન ખણીમાં ખાબકી



ગયું છે. માહિતી મળતાંની સાથે જ ચંબા પોલીસ અને SDRF ટીમને તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી.

ઘટના સ્થળે પહોંચેલી ટીમ દ્વારા મળેલી માહિતી પ્રમાણે એક યુટિલિટી પિકઅપ વાન ખીણમાં ખાબકી ગઈ છે, જેમાં લગભગ ૯-10 લોકો સવાર હતા. 2 લોકોના રેસક્યુ કરવામાં આવ્યા છે. ૮ લોકોના મોત થઈ ગયા છે.

હાલમાં SDRF ટીમ સ્થાનિક પોલીસ અને ફાયર સર્વિસે ઘટનાસ્થળે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું છે. જિલ્લા મેજિસ્ટ્રેટ અને ટિહરી ગઢવાલના વરિષ્ઠ પોલીસ અધિક્ષક પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. રાહત અને બચાવ કામગીરી ચાલુ છે.

# શ્રદ્ધાળુઓની શ્રદ્ધા સાથે ઠગાઈ વૈષ્ણોદેવીને દાન પેટે અપાતી ચાંદીમાં ૯૫ ટકા ચાંદી નકલી

**વૈષ્ણોદેવી**

વૈષ્ણોદેવીના મંદિરમાં ચઢાવવામાં આવતી ચાંદીમાં ૯૫ ટકા ચાંદી ભેળસેળવાળી હોવાનું બહાર આવતા વહીવટકર્તાઓ જ નહીં શ્રદ્ધાળુઓને પણ આંચકો લાગ્યો છે. ચાંદીની ચઢાવાયેલી વસ્તુમાં ચાંદીનું પ્રમાણ માંડ પાંચથી છ ટકા જ છે. જ્યારે બાકીનો હિસ્સો સસ્તી અને ખતરનાક ધાતુઓનો બનેલો છે. તેમા કેડિયમ અને લોખંડ મિલાવવામાં આવ્યું છે, જે જોવામાં ચાંદી જેવુ લાગે છે. સામાન્ય શ્રદ્ધાળુ તેને ઓળખી શકતા નથી. તાજેતરમાં જ માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે ચઢાવા પેટે મળેલી ૨૦ ટન ધાતુને શુદ્ધિકરણ અને મૂલ્યાંકન માટે દિલ્હીની એક સરકારી ટકશાળમાં મોકલી હતી. પ્રારંભિક અંદાજ હતો કે તેમાથી ૫૦૦થી ૫૫૦ કરોડના મૂલ્યની ચાંદી મળશે, પરંતુ તપાસ પછી આ આંકડો ઘટીને માંડ ૩૦ કરોડ થયો હતો.

# 'તને વિદેશી સ્ટાઈલમાં પ્રપોઝ કરીશ' કહી પ્રેમિકાએ આંખે પાટા બાંધી બોયફ્રેન્ડને જીવતો સળગાવી દીધો

## લગ્નનું પ્રમોઝ કરવાના બહાને પ્રેમીને ઘરે બોલાવ્યો, હાથ-પગ બાંધ મારી નાખ્યો

**બેંગ્લોર**

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં પ્રેમિકાએ પ્રેમીને જીવતો સળગાવી દીધો હોવાની ભયાનક ઘટના બની છે. અહીં એક યુવતીએ પ્રેમ અને વિશ્વાસના સંબંધોને કલંકિત કરી પોતાના જ પ્રેમીની ક્રૂરતાપૂર્વક હત્યા કરી દીધી છે. આરોપ છે કે, પ્રેમિકાએ વિદેશી સ્ટાઈલમાં લગ્નનું પ્રમોઝ કરવાના બહાને પ્રેમીને ઘરે બોલાવ્યો હતો, પછી તેના હાથ-પગ બાંધીને જીવતો સળગાવી દીધો હતો.

મૃતકનું નામ કિરણ હોવાનું સામે આવ્યું છે. કિરણ અને આરોપી યુવતી એક જ કંપનીમાં સાથે કામ કરતા હતા અને છેલ્લા ઘણા સમયથી બંને વચ્ચે પ્રેમસંબંધ હતો. જ્યારે યુવતીના માતા-પિતા ઘરે ન હતા, ત્યારે તેણીએ કિરણને ઘરે બોલાવ્યો હતો અને અમાનવીય ઘટનાને અંજામ આપ્યો હતો. થથરાવી દેતી આ ઘટનામાં યુવતીએ 'સરપ્રાઈઝ પ્રપોઝલ' આપીને દગો કર્યો હતો. જ્યારે પ્રેમી ઘરે આવ્યો ત્યારે પ્રેમિકાએ તેને કહ્યું કે, તેણી વિદેશી સ્ટાઈલમાં લગ્નનું પ્રપોઝ કરવા ઈચ્છે છે. આ કાવતરા હેઠળ તેણીએ બોયફ્રેન્ડની આંખો પર પટ્ટી અને હાથ-પગ દોરડાથી બાંધી દીધા હતા. દોરડું એટલું ફીટ બાંધવામાં આવ્યું હતું કે, કિરણને વાંધો ઉઠાવ્યો હતો. જોકે પ્રેમિકાએ તેને શાંત પાડવા માટે કહ્યું કે, 'આ વિદેશી સ્ટાઈલ છે, તું ચુપ બેસ.' પ્રેમિકાએ ષડયંત્ર રચીને પ્રેમીની નિર્દયતાથી હત્યા કરતા પહેલા અમાનવીય ક્રૂરતાની તમામ હદો પાર કરી દીધી હતી.

# વિમાનોના ઇંધણમાં ઈથેનોલનું મિશ્રણ કરાશે, કેન્દ્ર સરકાર દ્વારા લીલીઝંડી

**નવી દિલ્હી**




સરકારે એવિએશન સેક્ટરમાં મોંઘા કાચા ઈંધણની આયાત પર નિર્ભરતા ઓછી કરવા અને પ્રદૂષણ ઘટાડવા માટે મોટું પગલું ભર્યું છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ(ATF)માં ઈથેનોલ બ્લેન્ડિંગની મંજૂરી આપી દીધી છે. આ સંબંધમાં મંત્રાલયે નોટિફિકેશન બહાર પાડીને ATF માર્કેટિંગ નિયમોમાં સુધારો કર્યો છે. આ નિર્ણયથી હવાઈ મુસાફરીને વધુ સ્વચ્છ બનાવવામાં મદદ મળશે. સાથે જ દેશની વિદેશી ઈંધણ પરની નિર્ભરતા પણ ઘટશે. જેથી આગામી સમયમાં હવાઈ મુસાફરી સસ્તી પણ થઈ શકે. નવા નિયમો મુજબ, એવિએશન ટર્બાઈન ફ્યુઅલની વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે ATFમાં હાઈડ્રોકાર્બન સાથે સિન્થેટિક કમ્પોનન્ટ્સ જેવા કે ઈથેનોલને પણ ભેળવી શકાશે. મહત્વનું છે કે પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે 17 એપ્રિલે નોટિફિકેશન દ્વારા એવિએશન ટર્બાઈન ફ્યુઅલ(ATF) ના નિયમોમાં ફેરફાર કર્યો છે.

# સરકારનો નિર્ણય : 1 મેથી ઓનલાઇન ગેમિંગ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લાગુ

**નવી દિલ્હી**

ભારત સરકાર આગામી 1 મેથી 'ઓનલાઈન ગેમિંગ ઑથોરિટી ઑફ ઈન્ડિયા'(OGAI)ની સ્થાપના કરવા જઈ રહી છે. આ ઑથોરિટી દેશમાં ઝડપથી વિકસી રહેલા ઓનલાઈન ગેમિંગ સેક્ટર પર નજર રાખશે અને તેના માટે કાયદાકીય માળખું તૈયાર કરશે. લાંબા સમયથી ચાલી રહેલી ચર્ચાઓ અને સ્ટેકહોલ્ડર્સ સાથેની બેઠકો બાદ હવે આ ક્ષેત્રને શિસ્તબદ્ધ કરવા માટે એક સ્વતંત્ર બોડી કાર્યરત થશે.

આ નવી ઑથોરિટીનું મુખ્ય કામ ગેમિંગ પ્લેટફોર્મ્સનું રજિસ્ટ્રેશન કરવાનું અને તેઓ નિયમોનું પાલન કરે છે કે નહીં તે જોવાનું રહેશે. ખાસ કરીને 'ગેમ ઑફ સ્કિલ' (કૌશલ્યની રમત) અને 'ગેમ ઑફ ચાન્સ' (નસીબની રમત) વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવામાં આવશે. આ ઉપરાંત, પ્લેટફોર્મ્સ પર યુઝર્સની સુરક્ષા, જવાબદાર ગેમિંગ અને નાણાકીય લેવડદેવડમાં પારદર્શિતા લાવવા પર ભાર મૂકવામાં આવશે. જે કંપનીઓ નિયમોનું ઉલ્લંઘન કરશે, તેમની સામે દંડનીય કાર્યવાહી કરવાની સત્તા પણ આ ઑથોરિટી પાસે રહેશે. આ નિર્ણયથી ઓનલાઈન ગેમિંગ ઉદ્યોગમાં કાયદેસરતા આવશે, જેનાથી રોકાણકારોનો વિશ્વાસ વધશે.

# ઠગોએ ફાસ્ટેગ પાસ લેવાની નકલી એપ બનાવતાં એનએચએઆઈએ એડવાઈઝરી જાહેર કરવી પડી

## અસલી જેવી દેખાતી નકલી વેબસાઈટ બનાવી લોકોને છેતરાઈ જવાની સંભાવના

**નવી દિલ્હી**

નેશનલ હાઈવે ઑથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ ફાસ્ટેગ એન્યુઅલ પાસના નામે ચાલી રહેલા એક મોટા ફ્રોડ અંગે જાહેર જનતાને ચેતવણી આપી છે. આ કૌભાંડમાં ઠગ અસલી જેવી જ દેખાતી નકલી વેબસાઈટ્સ બનાવીને લોકોને છેતરી રહ્યા છે. આ નકલી પોર્ટલ્સ ગૂગલ સર્ચમાં ટોપ પર દેખાય તે માટે પેઈડ એડવર્ટાઈઝમેન્ટ અને સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન જેવી યુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે સામાન્ય યુઝર્સ આસાનીથી છેતરાઈ જાય છે. ઑથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે નાણાકીય નુકસાનથી બચવા માટે માત્ર વેરિફાઈડ ચેનલ્સનો જ ઉપયોગ કરવો જોઈએ.

આ છેતરપિંડીની પદ્ધતિ વિશે વિગતવાર જણાવતાં ઑથોરિટીએ કહ્યું કે, જ્યારે યુઝર્સ આવી નકલી વેબસાઈટ્સ પર જાય છે, ત્યારે તેમની પાસેથી મોબાઈલ નંબર, વાહનનો રજિસ્ટ્રેશન નંબર અને પેમેન્ટની વિગતો જેવી સંવેદનશીલ માહિતી માંગવામાં આવે છે. પેમેન્ટ કર્યા પછી પૈસા સીધા સ્કેમર્સના ખાતામાં જાય છે, પરંતુ યુઝરને કોઈ સત્તાવાર કન્ફર્મેશન મળતું નથી. ઘણીવાર યુઝર્સને નકલી રસીદ આપી દેવામાં આવે છે, જેની હાઈવે પર કોઈ માન્યતા હોતી નથી. ગૃહ મંત્રાલયના ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરે પણ આ બાબતે ચિંતા વ્યક્ત કરી છે કે હવે અસલી અને નકલી વેબસાઈટ વચ્ચે તફાવત પારખવો મુશ્કેલ બની રહ્યો છે.

# કેદારનાથમાં પહેલાં જ દિવસે રેકોર્ડ થયો : 38 હજાર શ્રદ્ધાળુ આવ્યા, મંદિર પરિસરમાં મોબાઈલ-રીલ્સ પર પ્રતિબંધ મૂકાયો

## અગાઉ વર્ષ 2025માં 30 હજારથી વધુ ભક્તો પહેલા જ દિવસે કેદારનાથ ધામના દર્શને ગયા હતા

**કેદારનાથ**

ભગવાન કેદારનાથના કપાટ ખુલતા જ બરફથી ઢંકાયેલી ખીણોમાં ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. પહેલા જ દિવસે હજારો ભક્તોએ દર્શન કર્યા હતા જેના કારણે યાત્રામાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું. જ્યારે ભગવાન કેદારનાથના કપાટ ખુલતા જ સમગ્ર ધામમાં ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. બરફથી ઢંકાયેલી પર્વતમાળાઓ વચ્ચે આવેલ મંદિરનું દિવ્ય સ્વરૂપ દરેકને મંત્રમુગ્ધ કરી રહ્યું છે. પહેલા જ દિવસે હજારો શ્રદ્ધાળુઓએ બાબા કેદારના દર્શન કરી પોતાને ધન્ય માન્યા.



કેદારનાથ યાત્રાના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું કે પહેલા જ દિવસે 38 હજાર ભક્તોએ બાબા કેદારના દર્શન કર્યા. તે પહેલાં 2025માં 30 હજારથી વધુ ભક્તો પહેલા જ દિવસે કેદારનાથ ધામ પહોંચ્યા હતા. આ વર્ષે વહીવટી તંત્ર દ્વારા શ્રદ્ધાળુઓની સુવિધા અને મંદિરની મર્યાદા જાળવવા માટે કેટલાક કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. કેદારનાથ મંદિર પરિસરમાં હવે મોબાઈલ ફોન લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભક્તો મંદિરની અંદર કે પરિસરમાં ફોટોગ્રાફી, વીડિયો અથવા સોશિયલ મીડિયા રીલ્સ બનાવી શકશે નહીં. જો કોઈ આ નિયમનો ભંગ કરશે તો તેની સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. વર્ષ 2020 અને 2021માં કોરોના મહામારીને કારણે ભક્તોની સંખ્યા મર્યાદિત રહી હતી.

# PM મોદી પર વિવાદાસ્પદ નિવેદન બદલ ચૂંટણી પંચે ખડગેને નોટિસ મોકલી

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરવાના મામલે ચૂંટણી પંચે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને નોટિસ ફટકારી છે. તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પ્રચારના અંતિમ દિવસે ચેન્નાઈમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ખડગેએ પીએમ મોદીને આતંકવાદી કહ્યા હતા, જેના પર પંચે 24 કલાકમાં ખુલાસો માંગ્યો છે. ચેન્નાઈમાં પ્રેસ કોન્ફરંસને સંબોધતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, 'તમિલનાડુમાં વિપક્ષ એઆઈએડીએમકેએ મોદી સાથે હાથ કેમ મિલાવ્યા, તે આતંકવાદી છે અને સમાનતામાં નથી માનતા, તેમનો પક્ષ પણ સમાનતા અને ન્યાયમાં વિશ્વાસ નથી રાખતો. આવા લોકોની સાથે એઆઈએડીએમકેએ હાથ મિલાવ્યા છે.'

# મિર્ઝાપુરમાં બ્રેક ફેલ થતાં ટ્રકે 4 વાહનો ઉડાવ્યા, 11ના મોત

## ગાડી થોડી જ મિનિટમાં આગનો ગોળો બની, 9 મૃતકો પ્રયાગરાજ જિલ્લાના રહેવાસી હતા, મૃતકોમાં મહિલાઓ અને બાળકો સામેલ

**મિર્ઝાપુર**

ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર જિલ્લામાં બુધવાર રાત દરમિયાન એક ભયાનક સડક અકસ્માત સર્જાયો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ અકસ્માતમાં કેટલાય પરિવારો વેરાન થઈ ગયાં છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે રીવા-મિર્ઝાપુર રાષ્ટ્રીય રાજમાર્ગ પર આવેલા ડ્રુમડગંજ ઘાટ વિસ્તારમાં એક ટ્રકે નિયંત્રણ ગુમાવ્યું તેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ, ટ્રકની બ્રેક ફેલ થઈ તેના કારણે ટ્રકે આગળ ચાલતા વાહનોને ટક્કર મારી અને એક પછી એક અનેક વાહનોને અડફેટે લીધા હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતમાં કુલ 11 લોકોના મોત થયાં હોવાનું રિપોર્ટ્સ પ્રમાણે જાણવા મળ્યું છે.

આ અકસ્માતમાં ચાર વાહનો અથડાયા છે, જેમાં એક બોલેરો, બે ટ્રક અને એક કાર સામેલ છે. અકસ્માત થતાની સાથે જ બોલેરોમાં આગ લાગી ગઈ, જે એટલી તીવ્ર હતી કે ગાડી થોડી જ મિનિટમાં



આગનો ગોળો બની ગઈ હતી. આગ લાગી હોવાના કારણે અંદર બેઠેલા લોકોને બચીને બહાર નીકળવાનો સમય જ નહોતો મળ્યો! આ ઘટનામાં કુલ 11 લોકોનું મોત થયું, જેમાં 9 લોકો તો બોલેરોમાં જીવતા જ ભડથું થઈ ગયાં હતાં. મૃતકોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

આ અકસ્માત લગભગ સાંજે 8:30 વાગ્યાના અરસામાં રાજમાર્ગ પર સર્જાયો હતો. મધ્ય પ્રદેશમાં ચણા લઈને જતો ટ્રક ઘાટ પર આવતાં જ તેની બ્રેક ફેલ ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે, લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાસ્થળ પર ચીસો અને રાડો સંભળાઈ રહી હતી. આસપાસના લોકો સત્વરે મદદ માટે દોડી આવ્યાં હતા, પરંતુ આગ એટલી ભયાનક હતી કે કોઈ પણ બોલેરો તરફ જઈ શક્યું નહીં. આખી ગાડીને બળીને ખાખ થઈ ગઈ હતી. પોલીસના જણાવ્યાં પ્રમાણે બોલેરોમાં સવાર તમામ લોકો પ્રયાગરાજ જિલ્લાના માંડા વિસ્તારના હાટા ગામના રહેવાસી હતા અને મૈહર ધામના દર્શન પછી પાછા લૌટી રહ્યા હતા. એક જ ગામના આટલા લોકોને એકસાથે કાળ ભરખી ગયો તેના કારણે આખું ગામ શોકમાં ડૂબી ગયું છે.

# સિંધુ જળ સંધિ સ્થગિત : પાક.ને 'પીડિત' સાબિત કરવા પશ્ચિમી થિંક ટેન્ક એક્શનમાં

**નવી દિલ્હી**

પાકિસ્તાની મીડિયા અને પશ્ચિમી પ્લેટફોર્મ અને થિંક ટેન્ક દ્વારા ઈસ્લામાબાદને પીડિત તરીકે રજૂ કરવા અને ભારતને સિંધુ નદી પ્રણાલીના પાણી વહેંચવા પર રાજી કરવા માટે સંકલિત દબાણ કરવામાં આવી રહ્યું છે.ભારતે સિંધુ જળ સંધિ (આઈડબ્લ્યુટી) સ્થગિત કરી છે, જેના હેઠળ તેણે ૨૦૨૫ના પહલગામ આતંકવાદી હુમલામાં પાકિસ્તાનની ભૂમિકા પછી ભારતના નેતૃત્વએ સ્પષ્ટ કરી દીધું છે કે, લોહી અને પાણી એકસાથે વહેશે નહીં. ગયા વર્ષે ૨૨ એપ્રિલે પહલગામમાં બૈસરન ખીણમાં થયેલા હુમલામાં પ્રવાસીઓને ધર્મના આધારે અલગ કરવામાં આવ્યા હતા અને ખૂબ જ નજીકથી ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

આ હુમલાનું ધાર્મિક સ્વરૂપ પાકિસ્તાની સેના પ્રમુખ અસીમ મુનીર આતંકીઓને ઈશારા અને જમ્મુ અને કાશ્મીરમાં સામાન્યતાની ભાવના પાછી ફર્યા પછી બન્યું હતું. ભારતના આઈડબ્લ્યુટી સસ્પેન્શનનો ભોગ બનેલા પાકિસ્તાનને પીડિત ચિત્રિત કરવાનો સંકલિત પ્રયાસ ત્યારે પણ થયો જ્યારે ભૂતપૂર્વ ઈરાન-યુએસ યુદ્ધમાં મધ્યસ્થી કરીને શાંતિ નિર્માતાની છબિ રજૂ કરવાનો પ્રયાસ કરે છે.

# દિલ્હીમાં IRS અધિકારીની IIT ગ્રેજ્યુએટ દીકરી સાથે દુષ્કર્મ બાદ ફોન ચાર્જરથી હત્યા

## યોજનાબદ્ધ રીતે ઘરમાં પ્રવેશ કરીને હુમલો કર્યો, UPSC ની તૈયારી કરતી હતી

**નવી દિલ્હી**

દિલ્હીના અમર કોલોની વિસ્તારમાં એક સિનિયર IRS અધિકારીની દીકરીની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપી રાહુલ મીણાની પૂછપરછમાં ચોંકાવનારા અને રૂંવાડા ઉભા કરી દે તેવા ખુલાસા થયા છે. 22 એપ્રિલના રોજ દ્વારકાથી ઝડપાયેલા આ નરાધમે પોલીસ સામે કબૂલાત કરી છે કે તેણે કેવી રીતે આખી યોજના બનાવીને આ દરિંદગીને અંજામ આપ્યો હતો. આરોપી રાહુલ આ પરિવારની ગતિવિધિઓથી પૂરેપૂરો વાકેફ હતો. તેને ખબર હતી કે, યુવતીના માતા-પિતા સવારે જિમ જાય છે અને ઘરમાં કયા લોક કેવી રીતે ખુલે છે. મંગળવારે રાજસ્થાનના અલવરમાં એક પરિણીત મહિલા પર બળાત્કાર ગુજારીને ભાગેલો રાહુલ બીજા દિવસે દિલ્હી પહોંચ્યો હતો. તે સીધો જ ઘરની છત પર આવેલા યુવતીના સ્ટડી રૂમમાં ઘુસી ગયો હતો. 12માં ધોરણમાં ઓલ ઈન્ડિયા ટોપર રહેલી અને હાલ યુપીએસસી (UPSC)ની તૈયારી કરી રહેલી દીકરી સવારે વહેલા ઉઠીને અભ્યાસ કરી રહી હતી. રાહુલે રૂમમાં ઘુસીને તેનું ગળું દબાવવાની કોશિશ કરી. જ્યારે યુવતીએ પ્રતિકાર કર્યો, ત્યારે રાહુલે પાસે પડેલા લેમ્પ અને ભારે વસ્તુથી તેના માથા પર હુમલો કર્યો. હુમલાને કારણે યુવતી લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ગઈ હતી. નરાધમની દરિંદગી અહીં જ ન અટકી. બેભાન હાલતમાં રહેલી યુવતી પર તેણે બળાત્કાર ગુજાર્યો અને ત્યારબાદ મોબાઈલ ચાર્જરના કેબલથી તેનું ગળું દબાવીને હત્યા કરી નાખી હતી.

# મુંબઈમાં 32.5 લાખની લૂંટ તેમજ અપહરણનો ભેદ ઉકેલાયો, 6 કલાકમાં આરોપીને પકડી પાડ્યા

## આરોપીઓ પાસેથી પાસેથી 29.69 લાખ રૂપિયાની રોકડ રકમ પણ રિકવર કરાયા

**મુંબઈ**

મુંબઈ પોલીસની ત્વરિત કાર્યવાહીએ અપહરણ અને લૂંટના એક મોટા કેસનો પર્દાફાશ કર્યો છે. ઘટનાના ગણતરીના કલાકોમાં જ પોલીસે શંકાસ્પદોને શોધી કાઢ્યા હતા અને પીડિતથી પરિચિત વ્યક્તિ દ્વારા ઘડાયેલા આયોજિત ગુનાનો ખુલાસો કર્યો હતો. એન્ટોપ હિલ પોલીસએ એક અપહરણ અને લૂંટના કેસનો માત્ર છ કલાકમાં ભેદ ઉકેલી નાખ્યો છે. ૧૪ એપ્રિલના રોજ વિરારના એક રહેવાસી પાસેથી ૩૨.૫ લાખ રૂપિયા લૂંટવા બદલ પોલીસે છ આરોપીઓની ધરપકડ કરી છે.

મુંબઈની એન્ટોપ હિલ પોલીસે અપહરણ અને લૂંટના એક સનસનીખેજ કેસનો પર્દાફાશ કર્યો છે. પોલીસે વિરારના રહેવાસી શ્રવણ લક્ષ્મણ રાવલ પાસેથી ૩૨.૫ લાખ રૂપિયા લૂંટવાના આરોપમાં છ લોકોની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ આખી સાજિશનો માસ્ટરમાઈન્ડ પીડિતનો જ એક પૂર્વ કર્મચારી હતો, જેણે ગેંગને મોટી રકમની રોકડ વિશે માહિતી આપી હતી. હકીકતમાં, વિરારના રહેવાસી પીડિત શ્રવણ લક્ષ્મણ રાવલનું અપહરણ કરી તેમની સાથે લૂંટ કરવામાં આવી હતી. આ મામલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા છ કલાકની અંદર છ આરોપીઓની ધરપકડ કરી અને ૨૯.૬૯ લાખ રૂપિયા રિકવર કર્યા છે. આ સાથે જ, આ આયોજિત ગુનામાં સામેલ અન્ય બે ફરાર શંકાસ્પદોની શોધખોળ હજુ ચાલુ છે.

# ગરમીનો પ્રકોપ : વિશ્વનાં 50 સૌથી ગરમ શહેરોમાંથી 49 તો ભારતનાં

**નવી દિલ્હી**

ઓડિશાનાં બાલનગીર અને તાલચેર ૪૪ ડિગ્રી સેલ્સિયસ સાથે ટોચના ક્રમે હતાં. બિહાર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને ઓડિશાનાં ઘણાં શહેરો ટોચનાં ૫૦ શહેરોમાં હતાં

લાઈવ વેધર રેન્કિંગના રિયલટાઈમ ડેટા અનુસાર વિશ્વનાં 50 સૌથી ગરમ શહેરોમાંથી ૪૯ ભારતનાં હતાં. બાલનગીર અને તાલચેર ૪૪ ડિગ્રી સેલ્સિયસ સાથે ટોચના ક્રમે હતાં. બિહાર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને ઓડિશાનાં ઘણાં શહેરો ટોચનાં ૫૦ શહેરોમાં હતાં. થાઈલેન્ડનું ટાક ટોચનાં ૫૦માં એકમાત્ર બિનભારતીય શહેર છે જે ૨૭મા ક્રમે હતું. ભારત વિશ્વની નિર્વિવાદ ગરમીની રાજધાની બની ગયું છે જે આ મહિને સબ-કૉન્ટિનેન્ટમાં ગરમીના સંકટના અસાધારણ સ્કેલને ઉજાગર કરે છે. એમાં બિહાર, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને ઉત્તર પ્રદેશનાં શહેરો વૈશ્વિક રેન્કિંગમાં આગળ છે. આ યાદીમાં બિહારનું ભાગલપુર, ઓડિશાનું તાલચર અને પશ્ચિમ બંગાળનું આસનસોલ મોખરે હતાં જ્યાં દરેકમાં ૪૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. બિહારનાં બીજાં શહેરો બેગુસરાય, મુંગેર, મોતીહારી, ભોજપુર અને સિવાનમાં ૪૩ ડિગ્રી તાપમાન હતું.

# પહલગામ હુમલાને એક વર્ષ પૂર્ણ : બૈસરન ઘાટી ખોલવા માટે ઉઠી માંગ, ટૂરિઝમ સેક્ટરને 10,000 કરોડનો ફટકો

## હુમલા બાદ સુરક્ષાના કારણે બંધ કરાયેલી ઘાટીને લીધે 5,000 થી વધુ પરિવારોની રોજીરોટી પર સંકટ

**શ્રીનગર**

કાશ્મીરના પહલગામમાં ગયા વર્ષે 22 એપ્રિલના થયેલા આતંકવાદી હુમલાને બુધવારે એક વર્ષ પૂરું થયું હતુંઆ હુમલા અંગે કાશ્મીરીઓની આતંકવાદીઓ માટેની મિલિભગત, સુરક્ષા મુદ્દે તંત્રની નિષ્ફળતા અંગે સવાલો ઊભા થયા હતા.

વાત એ દિવસથી શરુ કરીએ તો આતંકવાદીઓએ પહલગામની બૈસરન ઘાટીમાં નિર્દોષ લોકોને



ગોળીઓથી વીંધી નાખ્યા હતા. આ હુમલામાં કોઈએ પોતાના દીકરાને ગુમાવ્યો હતો, તો કોઈ પોતાના ભાઈ, પતિને. પરંતુ આ હુમલો કાશ્મીરીઓની 'ટૂરિઝમ ફ્રેન્ડલી' નીતિ માટે કલંક બની ગયો હતો. કાશ્મીરને ધરતી પરનું સ્વર્ગ કહેવાય છે, તેથી ભારતમાં જ નહીં, પરંતુ દુનિયાભરમાંથી પર્યટકો ફરવા માટે આવે છે, પણ એ હુમલાએ સૌને હચમચાવી નાખ્યા હતા. હુમલા પછી સુરક્ષાના કારણે પર્યટકો માટે બંધ કરવામાં આવી હતી, જે હજુ સુધી પણ ચાલુ છે. આ પ્રતિબંધની અસર સ્થાનિક પર્યટન ઉદ્યોગ જ નહીં, સમગ્ર કાશ્મીર પર પડી હતી. પહલગામ અને આસપાસના વિસ્તારની હોટેલ, રેસ્ટોરા, ઢાબા, ટેક્સી, ઘોડા-ખચ્ચર સહિત લગભગ 5,000થી વધુ પરિવાર પર આર્થિક સંકટનું નિર્માણ થયું હતું અને આજે પણ યથાવત લટકી રહ્યું છે. જેને લીધે પર્યટકો માટે ફરી ખોલવાનો અનુરોધ કર્યો હતો.

# 2026માં ભારતીય અર્થતંત્રના વિકાસનો વૃદ્ધિદર 6.4 ટકા, 2027માં 6.6 ટકાનો અંદાજ

**વડોદરા**

ઈઝરાયલ-અમેરિકા-ઈરાન અને રશિયા-યુક્રેન જેવાં વિશ્વભરમાં ચાલી રહેલાં અનેક યુદ્ધો અને પ્રતિકૂળ વૈશ્વિક પરિસ્થિતિઓ છતાં ભારતનું અર્થતંત્ર ૨૦૨૬ અને ૨૦૨૭માં સૌથી ઝડપી ગતિએ વૃદ્ધિ પામશે. નિષ્ણાતોના અંદાજના આધારે યુનાઈટેડ નેશન્સના એક અહેવાલમાં આ દાવો કરાયો છે. કહેવામાં આવ્યું છે કે ભારત વિશ્વનું વિકાસ એન્જિન બન્યું છે. ભારતનું અર્થતંત્ર આ વર્ષે ૬.૪ ટકા અને ૨૦૨૭માં ૬.૬ ટકાના દરે વૃદ્ધિ પામશે. આ અંદાજે વિશ્વના ઘણા દેશોને આશ્ચર્યચકિત કરી દીધા છે. આ અહેવાલમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત યોગ્ય દિશામાં આગળ વધી રહ્યું છે.

# સંજુની સદીના જોરે ચેન્નાઈએ મુંબઈને ૧૦૩ રને હરાવ્યું




## સંજુ ૫૪ બોલમાં ૧૦૧ રનની અણનમ : ચેન્નઈના અકિલ હૂસૈને ૪ વિકેટ ઝડપી

મુંબઈ : સંજુની ઝંઝાવાતી અણનમ ૧૦૧ રનની ઈનિંગ બાદ ૨૦૮ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સની ટીમ સામે અકિલ હૂસૈન(૪ વિકેટ) અને નૂર અહેમદ(૨ વિકેટ) ની તરખાટ મચવતી બોલિંગના જોરે ચેન્નાઈ સુપર કિંગ્સે ૧૦૩ રનથી પોતાના આઈપીએલ ઈતિહાસની સૌથી મોટી જીત મેળવી હતી. IPLના ઈતિહાસમાં મુંબઈ ઈન્ડિયન્સ ટીમની આ સૌથી મોટી હાર છે. પહાડ જેવા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી MIની ટીમે ૧૧ રન પર ૩ વિકેટ ગુમાવીને મેચ હાથમાંથી ગુમાવી દીધી હતી. દાનિશ, નમન ધીર અને રુધરફોર્ડ એમ ત્રણ ખેલાડીઓ શૂન્ય પર આઉટ થયા હતાં. હાર્દિક પંડયા(૧ રન) અને સૂયકુમાર ફરી એકવાર ટીમને જીત સુધી ખેંચી જવામાં નિષ્ફળ સાબિત થયા હતાં. CSKના અકિલ હૂસેને ૪ ઓવરમાં એક મેડન સાથે કુલ ૧૭ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. આઈપીએલ કરિયરમાં સંજૂની આ કુલ ૫મી સદી છે અને આ સાથે જ તેણે આઈપીએલમાં સૌથી વધુ સદી ફટકારનારા ખેલાડીઓની યાદીમાં કે.એલ. રાહુલની (૫ સદી) બરાબરી કરી લીધી છે.

### પોઈન્ટ ટેબલ

| » ટીમ | મેચ | જીત | હાર | ટાઈ/નો રિઝલ્ટ | પોઈન્ટ્સ | (NRR) |
|---|---|---|---|---|---|---|
| » પંજાબ | 6 | 5 | 0 | 1 | 11 | 1.420 |
| » રાજસ્થાન | 7 | 5 | 2 | 0 | 10 | 0.790 |
| » બેંગલુરૂ | 6 | 4 | 2 | 0 | 8 | 1.171 |
| » હૈદરાબાદ | 7 | 4 | 3 | 0 | 8 | 0.820 |
| » ચેન્નઇ | 7 | 3 | 4 | 0 | 6 | -0.118 |
| » દિલ્હી | 6 | 3 | 3 | 0 | 6 | -0.130 |
| » ગુજરાત | 6 | 3 | 3 | 0 | 6 | -0.821 |
| » મુંબઇ | 7 | 2 | 5 | 0 | 4 | -0.736 |
| » લખનઉ | 7 | 2 | 5 | 0 | 4 | -1.277 |
| » કોલકાતા | 7 | 1 | 5 | 1 | 3 | -0.879 |

## ૨૦૨૮ ઓલિમ્પિકમાં ક્રિકેટ મેચો લોસ એન્જલસમાં રમાશે

**લોસ એન્જલસ**

૧૨૮ વર્ષના લાંબા અંતરાલ બાદ ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાં ક્રિકેટની ઐતિહાસિક વાપસી થઈ રહી છે. આ વૈશ્વિક ઈવેન્ટ માટેની તમામ ક્રિકેટ મેચો 'નાઈટ રાઈડર્સ ગ્રુપ' ના નવા હોમ ગ્રાઉન્ડ પર રમાશે. ગુરુવારે કેલિફેર્નિયાના લોસ એન્જલસ નજીક પોમોના ફેરપ્લેક્સ ખાતે આ નવા ક્રિકેટ સ્ટેડિયમનું ઔપચારિક ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના સીઈઓ સંજોગ ગુપ્તા અને કોલકાતા નાઈટ રાઈડર્સના સીઈઓ વેંકી મૈસૂર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# પાકિસ્તાનનો ઓલરાઉન્ડર મોહમ્મદ નવાઝનો ડ્રગ ટેસ્ટ પોઝિટિવ આવ્યો

## T૨૦ વર્લ્ડ કપ સમયે સેમ્પલ લેવાયાં હતાં, ICCએ PCBને જાણ કરી

**લાહોર**

પાકિસ્તાન ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર મોહમ્મદ નવાઝનો ડ્રગ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ વર્ષની શરૂઆતમાં શ્રીલંકા-ભારતની યજમાનીમાં રમાયેલા T૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ દરમિયાન તેનું સેમ્પલ લેવામાં આવ્યું હતું, જેમાં તે 'રિક્રિએશનલ ડ્રગ' (નશીલા પદાર્થ) ના સેવન માટે દોષિત જણાયો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ને આ અંગે



સત્તાવાર જાણ કરવામાં આવી છે, જેના પગલે બોર્ડે પોતાની તપાસ શરૂ કરી દીધી છે. PCB ના પ્રવક્તાએ બુધવારે જણાવ્યું હતું કે ICC તરફથી અમને આ મામલે જાણકારી મળી છે અને બોર્ડે જરૂરી પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ તપાસના તારણો ટૂંક સમયમાં ICC ને મોકલવામાં આવશે.' હાલમાં તપાસ ચાલી રહી છે અને અંતિમ નિર્ણય આવવાનો બાકી છે. ૩૨ વર્ષીય નવાઝે T૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં શ્રીલંકા ખાતે પાકિસ્તાન માટે તમામ ૭ મેચ રમી હતી. આ ટૂર્નામેન્ટમાં સુપર-૮ સ્ટેજમાંથી જ પાકિસ્તાન બહાર થઈ ગયું હતું, જેમાં નવાઝે ૧૫ રન બનાવ્યા હતા અને ૭ વિકેટ ઝડપી હતી.

## પાકિસ્તાન ભારતમાં રમાનાર વિમેન્સ ચેમ્પિ.માંથી હટી ગયું

**લાહોર**

આગામી સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન વિમેન્સ ચેમ્પિયનશિપ ૨૦૨૬માંથી પાકિસ્તાન હટી જવાનો નિર્ણય લઈને ફરી રાજકિય વાતાવરણ ગરમાવ્યું છે. પાકિસ્તાન ફૂટબોલ પ્રશાસન દ્વારા ટુર્નામેન્ટના આયોજકોને આ અંગે ઔપચારિક જાણ કરી દેવામાં આવી છે. સાફ વિમેન્સ ચેમ્પિયનશિપમાંથી પાકિસ્તાન ખસી જવાના કારણે ટુર્નામેન્ટના સત્તાવાર શેડયૂલ પર અસર પડશે. પાકિસ્તાન ફૂટબોલ લાંબા સમયથી વહીવટી અને રાજકીય દખલગીરીનો સામનો કરી રહ્યું છે.

# રોનાલ્ડોનો જાદુ યથાવત્ : અલ નાસરે અલ વાસલ સામે શાનદાર જીત મેળવી

## એએફસી ચેમ્પિયન્સ લીગ : રોનાલ્ડોએ ૧૧મી મિનિટે ગોલ ફટકારી ટીમને લીડ અપાવી

**રિયાધ**

વિશ્વના મહાન ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ફી એકવાર મેદાન પર પોતાનો જાદુ વિખેર્યો છે. એએફસી ચેમ્પિયન્સ લીગ ટુની ક્વાર્ટર ફઈનલમાં અલ નાસર તરફથી રમતા રોનાલ્ડોએ અલ વાસલ સામે શાનદાર પ્રદર્શન કરતા મેચની શરૂઆતમાં જ ગોલ ફટકારીને ટીમને લીડ અપાવી હતી. આ શાનદાર પ્રદર્શનની મદદથી અલ નાસરે સેમિફઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે.



મેચની શરૂઆતથી જ અલ નાસરનું વર્ચસ્વ જોવા મળ્યું હતું. મેચની ૧૧મી મિનિટે કિંગ્સલે કોમન અને નવાફ બૌશલના શાનદાર પાસને ગોલમાં ફેરવવામાં રોનાલ્ડોએ કોઈ ભૂલ નહોતી કરી. રોનાલ્ડોના આ ગોલથી અલ નાસરને આત્મવિશ્વાસ મળ્યો અને ત્યારબાદ ટીમે સતત આક્રમણ ચાલુ રાખ્યું હતું. મેચના ૨૪માં અને ૨૬માં મિનિટે પણ અલ નાસર તરફથી અનુક્રમે ઈનિગો માર્ટિનેઝ અને અબ્દુલ્લાહ અલ અમરીએ ગોલ ફટકારીને ટીમને ૩-૦ ની નિર્ણાયક લીડ અપાવી હતી. રોનાલ્ડોને ૬૫મી મિનિટે આરામ આપવામાં આવ્યો હતો.

# ભારત-ઓસી.એ નાગરિકતાની ઓફર કરી હતી : રાશિદ ખાન

## રાશિદ ખાનઃ ફ્રોમ સ્ટ્રીટ્સ ટુ સ્ટારડમ'માં ખુલાસો કરાયો

**નવીદિલ્હી** : અફઘાનિસ્તાનના સ્ટાર લેગ-સ્પિનર રાશિદ ખાને એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. રાશિદ ખાનના જણાવ્યા અનુસાર, તેને ભારત અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો દ્વારા નાગરિકતા અને તેમના માટે ક્રિકેટ રમવાની ઓફર મળી હતી, પરંતુ તેણે પોતાના દેશ અફઘાનિસ્તાન પ્રત્યે વફદારી દર્શાવતા આ તમામ ઓફરો નકારી કાઢી છે. પોતાના આગામી પુસ્તક 'રાશિદ ખાનઃ ફ્રોમ સ્ટ્રીટ્સ ટુ સ્ટારડમ' માં તેણે આ બાબતનો ઉલ્લેખ કર્યો છે. આઈપીએલ ૨૦૨૩ દરમિયાન જ્યારે તે ગુજરાત ટાઈટન્સ તરફથી રમી રહ્યો હતો, ત્યારે ભારતીય ક્રિકેટ બોર્ડના એક ઉચ્ચ અધિકારીએ તેને મળવા બોલાવ્યો હતો. અધિકારીએ અફઘાનિસ્તાનની ખરાબ પરિસ્થિતિનો હવાલો આપીને તેને ભારતમાં રહેવા અને રમવાની ઓફર કરી હતી. જોકે, રાશિદે હસીને ફગાવી દીધી હતી.




## ભારતમાં ફુટબોલ વર્લ્ડ કપના પ્રસારણની ડીલ અટકી પડી

**નવી દિલ્હી**

અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં ૧૧ જૂનથી શરૂ થનારા ફીફ વર્લ્ડ કપ ૨૦૨૬ને હવે માત્ર ૫૦ દિવસનો સમય બાકી છે, પરંતુ ભારતમાં હજુ સુધી તેના મીડિયા પ્રસારણ અધિકારો (બ્રોડકાસ્ટ રાઈટ્સ) કોઈએ ખરીદ્યા નથી. દુનિયાના સૌથી મોટા ફૂટબોલ મહાકુંભના પ્રસારણને લઈને ભારતીય ચાહકોમાં મોટી અનિશ્ચિતતા સર્જાઈ છે. અહેવાલો મુજબ, ફીફએ શરૂઆતમાં ૨૦૨૬ અને ૨૦૩૦ ના સંયુક્ત મીડિયા રાઈટ્સ માટે ૧૦૦ મિલિયન ડોલરની માંગણી કરી હતી, પરંતુ બ્રોડકાસ્ટર્સ તરફથી રસ ન દાખવતા આ કિંમત ઘટાડીને ૩૫ મિલિયન ડોલર કરવામાં આવી છે. આમ છતાં, જિયોસ્ટાર અને સોની સ્પોર્ટ્સ નેટવર્ક જેવા મોટા ખેલાડીઓ ડીલ ફઈનલ કરવામાં ખચકાટ અનુભવી રહ્યા છે.

## લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ્સ : ટેનિસ ખેલાડીઓનો દબદબો







**મેડ્રિડ । સ્પેનની રાજધાની મેડ્રિડમાં લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ સમારભંમાં ટેનિસ ખેલાડીનો દબદબો જોવા મળ્યો હતો. કાર્લોસ અલ્કારાઝને વર્ષનો સર્વશ્રોષ્ઠ પુરુષ ખેલાડી જ્યારે સબાલેન્કાને સર્વશ્રોષ્ઠ મહિલા ખેલાડી પસંદ કરાઇ હતી. ફ્રાન્સની ફુટબોલ ક્લબ પેરિસ સેન્ટ જર્મેનને સર્વશ્રોષ્ઠ ટીમનો એવોર્ડ મળ્યો હતો. ૧૮ વર્ષીય ફુટબોલર લામિન યામલને સર્વશ્રોષ્ઠ યુવા ખેલાડી પસંદ કરાયો છે. લેન્ડો નોરિયને ઉદયમાન ખેલાડીનો એવોર્ડ મળ્યો હતો. બ્રાઝીલના દિવ્યાંગ ખેલાડી ગેબ્રિયલ અરાઉજોને સર્વશ્રોષ્ઠ દિવ્યાંગ ખેલાડી જાહેર કરાયો હતો.**





# તહેરાન વિસ્ફોટોથી ધ્રૂજી: વહેલી સવારે પાંચ પ્રચંડ ધડાકા સંભળાયા

## યુદ્ધવિરામ લંબાવાયો હોવા છતાં તણાવ યથાવત, યુદ્ધવિરામ વચ્ચે અનિશ્ચિતતાનો માહોલ, વાટાઘાટોમાં ગૂંચ: જેડી વાન્સનો પ્રવાસ રદ

**તહેરાન**

મધ્ય પૂર્વમાં શાંતિ સ્થાપવાના વૈશ્વિક પ્રયાસો વચ્ચે ઈરાનની રાજધાની તેહરાન ફરી એકવાર વિસ્ફોટોના અવાજથી ધ્રૂજી ઉઠી છે. ગુરુવારે વહેલી સવારે શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં થયેલા શ્રેણીબદ્ધ વિસ્ફોટોએ રાજદ્વારી વર્તુળોમાં ચિંતા વધારી દીધી છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેનો યુદ્ધવિરામ અત્યંત નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે.

ગુરુવારની વહેલી સવાર ઈરાનવાસીઓ માટે ભયાનક સાબિત થઈ હતી. રાજધાની તેહરાનના વિવિધ ભાગોમાં એક પછી એક પાંચ વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, પૂર્વી તેહરાનના પારડીસ વિસ્તારમાં સવારે 2:50 વાગ્યે પ્રથમ ધડાકો સંભળાયો હતો, ત્યારબાદ પશ્ચિમમાં આવેલા ચિત્ગર વિસ્તારમાં પણ વારંવાર વિસ્ફોટોના અહેવાલો મળ્યા હતા.



રહેવાસીઓના મતે આ અવાજો હવાઈ સંરક્ષણ પ્રણાલી સક્રિય થવાને કારણે હોઈ શકે છે. જોકે, ઈરાની સત્તાવાળાઓએ આ વિસ્ફોટોના ચોક્કસ કારણ અંગે હજુ સુધી કોઈ સવારવાર નિવેદન જારી કર્યું નથી. 'ઈરાન ઈન્ટરનેશનલ'ના અહેવાલ મુજબ, આ વિસ્ફોટો ત્યારે થયા છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચેનો બે અઠવાડિયાનો યુદ્ધવિરામ સમાપ્ત થવાની તૈયારીમાં હતો. જોકે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ યુદ્ધવિરામને લંબાવવાની જાહેરાત કરીને રાજદ્વારી માર્ગ ખુલ્લો રાખવાનો સંકેત આપ્યો છે. તેમ છતાં, તેહરાનમાં થયેલા તાજા ધડાકા સૂચવે છે કે જમીની સ્તર પર સ્થિતિ હજુ પણ તણાવપૂર્ણ છે અને કોઈ પણ ક્ષણે સંઘર્ષ ભભૂકી શકે છે.

બીજી તરફ, અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટોમાં પણ અવરોધ જોવા મળી રહ્યો છે. યુએસ વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સ ઈસ્લામાબાદમાં ઈરાની પ્રતિનિધિઓ સાથે બેઠક કરવાના હતા, પરંતુ ઈરાન તરફથી મજબૂત અને સ્પષ્ટ સંમતિ ન મળતા તેમની મુલાકાત અંતિમ ઘડીએ રદ કરવામાં આવી છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે સ્પષ્ટ કર્યું છે કે, અમેરિકા ઈરાન પાસેથી “સ્પષ્ટ અને એકીકૃત” પ્રતિભાવની અપેક્ષા રાખે છે જેથી શાંતિ પ્રક્રિયા આગળ વધારી શકાય.

# હોર્મુઝમાં ફરી તંગદિલી વધી : ભારતના જહાજ પર ઇરાનનો ગોળીબાર- કબજો

## ભારતનું જહાજ ગુજરાતમાં મુંદ્રાના બંદરે આવી રહ્યું હતું

**તહેરાન**

હોર્મુઝની ખાડીમાં ઈરાનના નૌકાદળે ત્રણ જહાજો પર ગોળીબાર કર્યો છે અને તેમા એક ભારતીય જહાજ પણ છે. ભારતીય જહાજ સહિતના ત્રણ જહાજો જપ્ત પણ કરી લીધા છે. બીજી બાજુએ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ઈરાન સાથેનું યુદ્ધવિરામ લંબાવતા દાવો કર્યો છે કે ઈરાન તેના વિભાજીત નેતાગીરીના કારણે કોઈ નિર્ણય ન લઈ શકતા પાક.ની વિનંતીને માન આપીને યુદ્ધવિરામ લંબાવાયો છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે યુદ્ધ પડતું મૂકીને યુદ્ધવિરામ લંબાવતા પણ ઈરાનની ઘેરાબંધી ચાલુ રાખતા ઈરાન ગિન્નાયુ છે. તેણે જ્યાં સુધી ઘેરાબંધી હટે નહીં ત્યાં સુધી અમેરિકા સાથે મંત્રણા કરવાનો ધરાર ઈન્કાર કરી દીધો છે. અમેરિકાએ ઈરાનનું ગળુ દબાવતા હોય તેમ તેની આર્થિક નાકાબંધી જારી રાખી છે. તેથી જ ઈરાન સાથે મંત્રણા માટે નીકળવાની તૈયારી કરનારા સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરને છેલ્લી ઘડીએ વ્હાઈટ હાઉસમાં યોજાનારી મંત્રણામાં જોડવા જણાવાયું હતું. આવું જ વાઈસ પ્રેસિડેન્ટ જેડી વેન્સનું હતું.

# રાસ્ક ક્ષેત્રેથી ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરતાં 12 જેટલા આતંકવાદીઓને ઈરાને ઠાર માર્યા

## પાકિસ્તાની સરહદે આવતાં આતંકવાદીઓ પાસેથી શસ્ત્રોનો મોટો જથ્થો જપ્ત કરાયો

**તહેરાન**

મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. ત્યારે ઈરાને પાકિસ્તાન સરહદ પરથી દેશમાં ઘૂસેલા 12 આતંકવાદીઓને ઠાર માર્યા છે. આ અંગે મળતી માહિતી મુજબ ઈરાની સુરક્ષા દળોએ જૈશ અલ-અદલ આતંકવાદી જૂથની એક ઓપરેશનલ ટીમને નિષ્ક્રિય કરી દીધી હતી.

આ અંગેના મીડિયા અહેવાલ મુજબ આ ઘટના ત્યારે બની જ્યારે આતંકવાદીઓ પાકિસ્તાન સરહદથી



રાસ્ક ક્ષેત્રમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઈરાન દ્વારા કરવામાં આવેલા આ ઓપરેશન દરમિયાન ઘણા આતંકવાદીઓ માર્યા ગયા છે.

આ ઘટના ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં બની હતી. ઈરાની મીડિયા અહેવાલ મુજબ ઈરાની સુરક્ષા દળોએ 'જૈશ અલ-અદલ' સાથે જોડાયેલા ઘણા આતંકવાદીઓને મારી નાખ્યા. આ આતંકવાદીઓ પાકિસ્તાનથી સરહદ પાર કરીને ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતના 'રાસ્ક' વિસ્તારમાં ઘૂસણખોરી કરી હતી. આ આતંકવાદીઓ પાસેથી શસ્ત્રોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો.

# નેપાળમાં પદ સંભાળ્યાના ટૂંક જ સમયમાં બાલેન શાહ સરકાર સામે બળવો, વિદ્યાર્થી સંગઠનો મેદાને

## PM બાલેન શાહની સરકારને મોટો ફટકો, 26 દિવસમાં જ ગૃહ મંત્રીનું રાજીનામું

**કાઠમંડુ**

કાઠમંડુના મેયરથી નેશનલ લીડર બનેલા બાલેન શાહના નેતૃત્વમાં નેપાળમાં નવી સરકાર રચાયાને હજુ એક મહિનો પણ નથી થયો, ત્યાં દેશભરમાં વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે. બે તૃતીયાંશ બહુમતી સાથે સત્તા પર આવેલી સરકાર સામે હવે રસ્તાઓથી લઈને વહીવટી કેન્દ્ર સિંહ દરબાર સુધી લોકો સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. બીજી તરફ નેપાળના ગૃહ મંત્રી સુધન ગુરુંગે ભારે વિવાદો અને ભ્રષ્ટાચારના આરોપો વચ્ચે બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. આશ્ચર્યની વાત એ છે કે તેઓ માત્ર 26 દિવસ પહેલા જ મંત્રી પદ પર નિયુક્ત થયા હતા. ટૂંકા ગાળામાં જ તેમને ગંભીર આરોપોને કારણે સત્તા છોડવાની ફરજ પડી હતી.

નેપાળ સરકારના એક વિવાદાસ્પદ નિર્ણયે સીમાવર્તી વિસ્તારોમાં રહેતા લોકોની મુશ્કેલી વધારી દીધી છે. સરકાર દ્વારા ભારતથી લાવવામાં આવતી રૂ. 100થી વધુની કિંમતની તમામ ચીજવસ્તુઓ પર ફરજિયાત કસ્ટમ ડ્યુટી (સીમા શુલ્ક) લાદવામાં આવી છે. નેપાળના સરહદી ગામોના લોકો રોજિંદા વપરાશની વસ્તુઓ માટે ભારત પર નિર્ભર છે. આટલી નાની રકમ પર ટેક્સ વસૂલવો એ સામાન્ય નાગરિકો પર આર્થિક બોજ સમાન છે અને તે જમીની હકીકતથી વિપરીત નિર્ણય છે. સરકાર સામેના વિરોધનું બીજું મુખ્ય કારણ રાજકીય જૂથો સાથે સંકળાયેલા વિદ્યાર્થી સંગઠનોને નજરઅંદાજ કરવાનો નિર્ણય છે.

# US-ઈરાનની મધ્યસ્થીમાં પાક. ફસાયું ઇરાને ડબલ ગેમનો આરોપ લગાવ્યો

## ઈરાને પાકિસ્તાનના અસીમ મુનીરને નિશાન બનાવ્યા

**તહેરાન**

મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. જેમાં હવે બંને દેશો તરફથી સામસામે આક્ષેપો તીવ્ર બની રહ્યા છે. આ બંને દેશો વચ્ચે શાંતિ મંત્રણાની મધ્યસ્થી પાકિસ્તાન કરી રહ્યું છે. જેના પગલે પાકિસ્તાન મુશ્કેલીમાં મુકાયું છે. ઈરાને હવે પાકિસ્તાનની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા છે. તેમજ ડબલ ગેમ અપનાવવાનો પણ આરોપ મૂક્યો છે.

તેમજ ઈરાનની સરકારી ટીવી ચેનલમાં ચર્ચામાં ઈરાને પાકિસ્તાનના લશ્કરી નેતૃત્વને તેમાં પણ ખાસ કરીને આર્મી ચીફ અસીમ મુનીરને નિશાન બનાવ્યા હતા. જેમાં એવો આરોપ લગાવવામાં આવ્યો કે પાકિસ્તાન ડબલ ગેમ રમી રહ્યું છે.જેમાં અમેરિકા સાથે જોવા મળે ત્યારે ગુપ્ત રીતે ઈરાન સાથે સબંધ જાળવી રાખે છે. તેમજ જ્યારે ઈરાન સાથે ઉભું હોય ત્યારે અમેરિકા સાથે ગુપ્ત સંપર્ક જાળવી રાખે છે. તેમજ આ પૂર્વે પણ ઈરાનના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, પાકિસ્તાન શાંતિ મંત્રણા અંગે જે પ્રગતિ દર્શાવે છે તે વાસ્તવિક નથી.

# ઈરાને દરિયામાંથી પસાર થતા કેબલ્સને કાપી ગલ્ફમાં ઈન્ટરનેટ બંધ કરવાની ધમકી આપી

**લંડન**

ઈરાનના ઈસ્લામિક રેવૉલ્યુશનરી ગાર્ડ કૉર્ઝ (IRGC)એ એક નવી ચેતવણી જાહેર કરી છે કે પર્શિયન ગલ્ફમાં મહત્ત્વપૂર્ણ દરિયાઈ કેબલ્સને નિશાન બનાવી શકાય કેબલ કાપી ગલ્ફ દેશોમાં ઈન્ટરનેટ બંધ કરી દેવાની ધમકી આપી હતી. એક અહેવાલમાં IRGC સાથે જોડાયેલા મીડિયાએ આ ક્ષેત્રમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યૂહાત્મક મહત્ત્વ અને નબળાઈની રૂપરેખા આપી છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા મુખ્ય દરિયાઈ ઈન્ટરનેટ કેબલ્સની જાણકારી મેળવી લીધી છે અને એને નિશાન બનાવવાની તૈયારી કરી છે. પરંપરાગત લશ્કરી કાર્યવાહીથી આગળ વધીને આ નવી ધમકીથી ગલ્ફ દેશોમાં ચિંતા વધી છે.

# યુએસ સશસ્ત્ર દળોના નેતૃત્વમાં ઉથલપાથલ અમેરિકન નેવી સેક્રેટરીનું અચાનક રાજીનામું

**વોશિંગ્ટન ડીસી**

યુએસ અને ઈરાન વચ્ચે યુદ્ધ વિરામ લંબાવવામાં આવ્યો છે, સંઘર્ષનો સંપૂર્ણ અંત લાવવા માટે બંને પક્ષો વચ્ચે ટૂંક સમયમાં વાટાઘાટો શરુ થઈ શકે છે, પણ સ્ટ્રેટ' ઓફ હોર્મુઝને બાબતે બંને વચ્ચે મડાગાંઠ વધુ અઘરી બનતી જઈ રહી છે. એવામાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સે એક ચોંકાવનારી જાહેરાત કરી છે. યુએસ નેવીના સેક્રેટરી જોન ફેલોન તેમના પદ પરથી રાજીનામું આપ્યું, હોવાની જાહેરાત કરવામાં આવી છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સે મુખ્ય મથક પેન્ટાગોન તરફથી જોન ફેલોનના રાજીનામાંની અચાનક જાહેરાત કરવામાં આવતા કેટલીક અટકળો શરુ થઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પના યુએસ રાષ્ટ્રપતિ તરીકેના બીજા કાર્યકાળ દરમિયાન લશ્કરી સેવાના વડાનું આ પહેલું રાજીનામું છે.

પેન્ટાગોન જોન ફેલોનના રાજીનામા માટે કોઈ કારણ આપવામાં આવ્યું નથી. પેન્ટાગોનમના જણાવ્યા મુજબ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના ગણાતા હંગ કાઓ, યુએસ નેવીના કાર્યકારી વડા તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. કાઓ 25 વર્ષથી યુએસ નેવીમાં ફરજ બજાવી રહ્યા છે. તેમણે વર્જિનિયાથી યુએસ સેનેટ અને હાઉસ માટે ચૂંટણી લડી હતી, પણ હારી ગયા હતાં.

# ફ્યુઅલના ભાવ વધતાં લુફથાન્સાની 20 હજાર જેટલી ફલાઈટ રદ કરવાની જાહેરાત

**રોમ**

યુરોપની મોટી એરલાઈન કંપની લુફથાંસા એજીએ પોતાના સમર શિડયુલમાંથી ઓછા અંતરની ૨૦,૦૦૦ ફલાઈટ રદ કરવાનો નિર્ણય લીધો છે. કંપનીએ આ નિર્ણય જેટ ફ્યુઅલનાં ભાવમાં તીવ્ર વધારો થયા પછી લીધો છે. ઈરાન યુદ્ધને કારણે વિમાનમાં વપરાતા ઈંધણનાં ભાવ ખૂબ જ વધી ગયા છે. કંપનીનાં જણાવ્યા અનુસાર આ ફલાઈટ રદ કરવાને કારણે કુલ ઉપલબ્ધ સીટોમાં ૧ ટકાનો ઘટાડો થશે. આ ફલાઈટ રદ કરવાને કારણે ૪૦,૦૦૦ ટન જેટ ઈંધણની બચત થશે. આ અગાઉ લુફથાન્સાએ પોતાના રિજિયોનલ યુનિટ સિટીલાઈનને બંધ કરવા અને ૨૭ જૂના વિમાનો અને વધુ ઈંધણ માંગતા વિમાનોનો ઉપયોગ ન કરવાની જાહેરાત કરી હતી.



# રાજયોગ મેડિટેશન ફાઉન્ડેશન ઓફ કેનેડા દ્વારા ઓન્ટેરિયોમાં રિટ્રીટ

## પ્રદર્શનો દ્વારા મન અને આત્માની શુદ્ધિ માટે કરાયેલું માર્ગદર્શન સાધકો માટે પ્રેરણારૂપ બન્યું

ઓન્ટેરિયો : રોયલ કનેક્શન રીટ્રીટ સેન્ટર (RCRC) છેલ્લા છ વર્ષથી ઓન્ટેરિયોના વ્યોમિંગ ખાતે કાર્યરત છે. સ્કારબરોમાં રહેતા રાજયોગી ભાઈઓ અને બહેનો આ રીટ્રીટ સેન્ટરમાં દર મહિને કોઈ પણ એક વિષય ઉપર વિના મુલ્યે રીટ્રીટનું આયોજન કરે છે. રાજયોગ મેડિટેશન ફાઉન્ડેશન ઓફ કેનેડા (RMFC)દ્વારા ૧૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ “સંપૂર્ણ અવસ્થાનો અનુભવ” વિષય ઉપર શાંતિપૂર્ણ વાતાવરણમાં ચિત્રોમાં દર્શાવ્યા હતા. રીટ્રીટમાં 14 ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. વહેલી સવારે સૌપ્રથમ ત્રીસ મિનિટ મેડિટેશન અને એક કલાક મુરલી ક્લાસ  હતો. જે પછી નાસ્તો પીરસવામાં આવ્યો



હતો. રીટ્રીટનો થીમ “સંપૂર્ણ અવસ્થાનો અનુભવ” હતો, જેના પર એક દિવસીય વર્કશોપમાં સવાર અને સાંજના સત્રમાં વિવિધ વિષયને અનુરૂપ માર્ગદર્શન અપાયું હતુ.

સવારના વર્કશોપ પછી બપોરના ભોજનમાં ભાત, શાક, સલાડ, મફિન, પાપડ, ફળ વગેરે પીરસાયા હતા. ત્યારબાદ બે કલાકના આરામ પછી ચા, કોફી અને ફળોનો સ્વાદ માણી રિટ્રીટ સેંટર કે જેમાં સાત એકર જમીન પણ સમાવિસ્ટ છે, તે બતાવવામાં આવ્યું હતુ. સાંજના સત્રમાં ઉપરોક્ત વિષય ઉપર શક્તિશાળી મેડિટેશન કરવામાં આવ્યું હતુ, જેમાં અત્યારના સમયે સંપૂર્ણ અવસ્થાનો અનુભવ ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. સાંજના સમયે ભાત, શાકભાજી, મફીન, પાનકેક, ફળ પીરસાયા હતા.

### સ્કારબરોની રાજયોગી ટીમના સહયોગથી દર મહિને નિઃશુલ્ક આધ્યાત્મિક શિબિરનું સુંદર આયોજન

# UKમાં 2008 પછી જન્મેલા લોકો માટે તમાકુ-સિગારેટ પર આજીવન પ્રતિબંધ

**લંડન**

UKએ ધૂમ્રપાન મુક્ત પેઢી તૈયાર કરવાના ઉમદા હેતુથી એક ઐતિહાસિક અને અત્યંત કડક કાયદો પસાર કર્યો છે, જેના અંતર્ગત હવે વર્ષ 2008 પછી જન્મેલા લોકો તમાકુ કે સિગારેટ ખરીદી શકશે નહીં. બ્રિટિશ સંસદના બંને ગૃહમાં ‘ટોબેકો એન્ડ વેપ્સ બિલ’ પસાર થઈ ગયું છે અને કિંગ ચાર્લ્સ તૃતીયની ઔપચારિક મંજૂરી બાદ તે કાયદાનું સ્વરૂપ લેશે. આ કાયદો 1 જાન્યુઆરી, 2027થી સમગ્ર UK એટલે કે ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તર આયર્લેન્ડમાં અમલી થઈ જશે. હવે પછી દર વર્ષે તમાકુ ખરીદવાની લઘુતમ વય મર્યાદામાં એક વર્ષનો વધારો કરાશે, જેથી ભવિષ્યની પેઢી આ વ્યસનથી કાયમ માટે દૂર રહે. નવા અમલી થનારા કાયદામાં સિગારેટ જ નહીં પરંતુ ઈ-સિગારેટ એટલે કે વેપિંગ પર પણ કડક નિયંત્રણો લદાયા છે. હોસ્પિટલો, સ્કૂલો અને પ્લે ગ્રાઉન્ડ જેવા જાહેર સ્થળોએ ધૂમ્રપાન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે અને જો કોઈ વ્યક્તિ 18 વર્ષથી ઓછી ઉંમરના બાળક સાથે કારમાં બેસીને વેપિંગ કરશે તો તે પણ ગુનો ગણાશે. UK સરકારનું માનવું છે કે ધૂમ્રપાન એ અટકાવી શકાય તેવા મૃત્યુનું સૌથી મોટું કારણ છે. ધૂમ્રપાનને કારણે UKમાં દર વર્ષે અંદાજે 76,000 લોકોના મોત થાય છે.

### નવા કાયદાની મહત્ત્વની જોગવાઈઓ

- આ કાયદો 1 જાન્યુઆરી, 2027થી સમગ્ર UK એટલે કે ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તર આયર્લેન્ડમાં અમલી થશે.
- વેપિંગ પર નિયંત્રણ: બાળકોમાં વધી રહેલા વેપિંગના ક્રેઝને રોકવા માટે વેપ્સના ફ્લેવર, પેકેજિંગ અને તેના વેચાણના પ્રદર્શન પર કડક નિયંત્રણો મૂકવામાં આવ્યા છે.
- બાળકો સાથેની કારમાં, પ્લેગ્રાઉન્ડમાં અને સ્કૂલ કે હોસ્પિટલની બહાર વેપિંગ કરવા પર પ્રતિબંધ મુકાયો છે.
- આ કાયદા દ્વારા સરકારને જાહેર સ્થળો, ખાસ કરીને જ્યાં બાળકો હોય તેવા પ્લેગ્રાઉન્ડ અને શાળાઓની બહાર ધૂમ્રપાન પર પ્રતિબંધ મૂકવાની વધુ સત્તા મળી છે.

# ‘તાત્કાલિક ઈરાન છોડી દો..’, તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે જાહેર કરી એડવાઈઝરી, ફરી યુદ્ધના સંકેત?

**નવીદિલ્હી**

મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ બાદ તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે આજે ગુરુવારે (23 એપ્રિલ 2026) એક નવી અને કડક ટ્રાવેલ એડવાઈઝરી  જાહેર કરી છે. દૂતાવાસે ભારતીય નાગરિકોને ઈરાનની યાત્રા ન કરવાની ચેતવણી આપી છે અને ત્યાં હાજર ભારતીયોને સુરક્ષિત બહાર નીકળવાનો નિર્દેશ આપ્યો છે.

તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે એડવાઈઝરીમાં જણાવ્યું છે કે, ‘ભારતીય નાગરિકો હવાઈ અથવા જમીની માર્ગે ઈરાનની યાત્રા ન કરે. ઈરાનની યાત્રા કરવી સુરક્ષાની દૃષ્ટિએ જોખમી હોઈ શકે છે.’ પ્રાદેશિક તણાવને કારણે હવાઈ ક્ષેત્ર પર નિયંત્રણો લાગેલા છે. આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સના સંચાલનને લઈને અનેક પડકારો ઉભા થયા છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે, ‘જે ભારતીય નાગરિકો હાલમાં ઈરાનમાં છે, તેઓ તાત્કાલિક દેશ છોડી દે. નાગરિકો દૂતાવાસના સંપર્કમાં રહે. હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા સુરક્ષા જોખમને લઈને અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કડક આદેશ જાહેર કર્યો છે. ટ્રમ્પે અમેરિકન નૌસેનાને શંકાસ્પદ પ્રવૃત્તિઓમાં સામેલ કોઈપણ ઈરાની બોટને તાત્કાલિક નષ્ટ કરવાનો આદેશ આપ્યો છે. સાથે જ તેમણે માઈન-સ્વીપિંગ (દરિયાઈ સુરંગ હટાવવા)ના અભિયાનને વધુ તેજ કરવા જણાવ્યું છે.

# એલર્જીના દર્દીઓ માટે વિન્ડસર કેનેડાનું સૌથી ‘પડકારજનક’ સિટી



## અંદાજે 8થી 10 મિલિયન કેનેડિયનો છીંક, ખાંસી અને આંખોમાં ખંજવાળ જેવા લક્ષણોથી પીડિત

ઓટ્ટાવા : ઓટાવા સ્થિત સંશોધન પ્રયોગશાળા ‘એરોબાયોલોજી’ અનુસાર જો તમને પરાગની એલર્જી હોય તો ૨૦૨૬માં કેનેડામાં રહેવા માટે વિન્ડસર (ઓન્ટારિયો) નંબર ૧ સૌથી પડકારજનક સ્થળ છે.

સંશોધકોએ શોધી કાઢ્યું છે કે, અંદાજિત ૮થી ૧૦ મિલિયન કેનેડિયન અથવા પાંચમાંથી એક - વૃક્ષો, ઘાસ અને નીંદણના પરાગથી પ્રભાવિત છે, જેમાં નાક ભરાઈ જવું, વહેતું નાક, છીંક આવવી, ખાંસી અને ખંજવાળ અથવા આંખોમાં પાણી આવવા જેવા લક્ષણો જોવા મળે છે.

રેન્કિંગ ઋતુની લંબાઈ અને હવામાં પરાગની સાંદ્રતા ઊંચી અથવા ખૂબ ઊંચી હોય તેવા દિવસોની સંખ્યા પર આધારિત છે. વિન્ડસર શહેરમાં ઋતુઓ દરમિયાન પરાગની સાંદ્રતા લાંબી અને મજબૂત હોય છે, જે મુખ્યત્વે આસપાસની ગાઢ વનસ્પતિ, અનુકૂળ આબોહવાની પરિસ્થિતિઓ અને બિર્ચ, ઓક તથા રાગવીડ જેવી અત્યંત એલર્જેનિક પ્રજાતિઓની વિપુલતાને કારણે થાય છે.

**એલર્જી સાથે રહેવા માટે ટોચના 5 સૌથી પડકારજનક સ્થળો:**

1. વિન્ડસર, ઓન્ટેરિયો
2. હેમિલ્ટન, ઓન્ટેરિયો.
3. બેરી, ઓન્ટેરિયો
૪. વિક્ટોરિયા, બી.સી.
૫. કિંગ્સ્ટન, ઓન્ટેરિયો

**સૌથી ઓછા મોસમી પરાગ ભારણ ધરાવતા ટોચના ૫ કેનેડિયન શહેરો:**

૧. સેન્ટ જોન્સ, એન.એલ.
૨. સેન્ટ જોન્સ, એન.બી.
3. રેજિના, સાસ્ક.
૪. મોન્કટન, એન.બી.
૫. હેલિફેક્સ, એન.એસ.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21. Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this stunning, nearly new home built in 2023, perfectly situated on a quiet court in Ajax! Backing onto a tranquil greenbelt and pond with no homes behind, this home offers exceptional privacy and picturesque views. Featuring 3 spacious bedrooms and 4 washrooms, including two full baths and two powder rooms, it is thoughtfully designed for modern family living. Step inside to a bright, open-concept layout with large windows throughout, filling the home with natural light and complemented by upgraded zebra blinds. A private den/office with a custom door provides the ideal space for a home office or quiet retreat. Elegant finishes include hardwood flooring in the living and dining areas and upgraded vinyl flooring in the den/office and hallway. Upstairs, generously sized bedrooms include upgraded undermount sinks in both the primary and guest bathrooms. The Master Ensuite includes an upgraded glass shower door and double sink. The home also offers ample storage and enhanced electrical features, including an EV plug, dedicated freezer circuit, and Cat5e, Cat6, and RD6 wiring. The family room features a beautiful fireplace with a custom mantel.




Location!!! Location!!! Location! 63 Rainbow Valley Crescent, Nestled In The Highly Sought-After Greensborough Community Of Markham. This Spacious Semi-Detached Home Sits On A Generous 25.99 X 111.55 Ft Lot And Offers 3+1 Bedrooms, Along With A Professionally Finished Basement Featuring A 4-Piece Bathroom And Pot Lights. The Main Floor Hardwood Flooring, A Cozy Gas Fireplace, And An Elegant Staircase With Rod Iron Railings. The Renovated Kitchen Boasts Quartz Counters, A Subway Tile Backsplash, And Extended Cabinetry, Perfect For Everyday Living And Entertaining. Situated In A Quiet, Family-Friendly Neighborhood, This Home Is Just Steps From Greensborough And Mount Joy Public Schools, St. Julia Catholic School, Parks, Shopping, And More.




**Deep LOT 48.95 x 294.85 Feet. You can build a secondary home in the backyard for extra income. Includes, stainless steel fridge, stainless steel stove, stainless steel built-in microwave ,two sets of washers and dryers, and all light fixtures. Just minutes to the Bluffs and Guild Park, and only 30 minutes to downtown via Guildwood GO Station. The property also features three sheds, and the backyard offers a double-car garage foundation, perfect for building your ideal garage.



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

**Shamim & Amin Kharodia**
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.